
'વાવે ગુજરાત' અંતર્ગત વૃક્ષ ઉછેરનું નવતર અભિયાન



વર્ષ : ૫૧ ■ અંક : ૧૬ ■ તા. ૧૬-૦૮-૨૦૧૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## શહીદોને શત શત વંદન..

## ૬૫મું સ્વાતંત્ર્ય પર્વ

## ખમીરવંતા ખેડાના આંગણે...



# સ્વાતંત્ર્ય પર્વે ખેડા જિલ્લામાં વિકાસકામોની વણથંભી વણઝાર...



વિધાનસભાના અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવાએ વીરપુરમાં ₹ ૮.૩૯ લાખના ખર્ચે તૈયાર થયેલા વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું.



નડિયાદ, ડાકોર, પાલી રોડ પર ₹ ૨૯૨.૮૫ લાખના ખર્ચે તૈયાર થયેલો પુલ તથા ₹ ૯૮૮.૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલા એપ્રોચ રોડનું લોકાર્પણ કરતા માર્ગ અને મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ.



નાણાં, શ્રમ અને રોજગાર મંત્રી શ્રી વજુભાઈ વાળાએ મહેમદાવાદ અને કઠલાલમાં ₹ ૭૭ લાખનાં ખર્ચે તૈયાર થયેલા કાશીબા મ્યુનિ. બગીચાનું નવીનીકરણ કામગીરીનો પ્રારંભ કરાવ્યો હતો તે પ્રસંગની તસવીર.



નડિયાદમાં ઈન્ડોર સ્ટેડિયમનું લોકાર્પણ અને રાજયના પ્રથમ ૪૦૦ મી. સીન્ડર એથ્લેટિક્સ ટ્રેકનું ભૂમિપૂજન રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ કર્યું હતું.



કપડવંજનાં તૈયબપુરા ખાતે શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાએ ₹ ૨૮ લાખનાં ખર્ચે તૈયાર થયેલી મદારી સમાજની વસાહત તથા હેરંજ ગામમાં શાળાના વર્ગખંડનું લોકાર્પણ કર્યું હતું.



જિલ્લાના ઝાલાભાઈની મુવાડી, બરોડા અને અસામલી ગામોમાં જનસુખાકારીના કામોનું લોકાપર્ણ તથા ખાતમુહૂર્ત રાજયના કૃષિમંત્રી શ્રી દિલિપભાઈ સંઘાણીએ કર્યું હતું.

ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

**વર્ષ : ૫૧ ■ અંક : ૧૬ ■ તા. ૧૬-૦૮-૨૦૧૧**

**તંત્રી :** વિ. થિરૂપુગલ
**સંપાદક :** અરવિંદ પટેલ
**કાર્યવાહક સંપાદક :** પુલક ત્રિવેદી
**સહ સંપાદક :** પલ્લવ પટેલ, તુષાર જોષી
**ઉપસહ સંપાદક :** દેવાંગ મેવાડા, શિરીન સૈયદ, મનીષા સોલંકી
**કલા નિર્દેશક :** જસ્મીન દવે
**વિતરણ :** શરદ બુબડીયા, જયેશ દવે

- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.
- રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

લવાજમ નીચેના સ્થળોએ સ્વીકારાય છે :
- માહિતી કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૭, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
- જિલ્લા મથકોએ આવેલી માહિતી કમિશનરશ્રીની કચેરીઓ તથા માહિતી કેન્દ્રો.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, ખેતાન ભવન, પહેલા માળે, ૧૯૮, જે. તાતા માર્ગ, રીટ્ઝ હોટલ સામે, ચર્ચગેટ, મુંબઇ - ૪૦૦૦૨૦.

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય,
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫

**વિતરણ વિભાગ**
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨

**ઈ-મેઇલ એડ્રેસ**
gujaratmagazine@gmail.com

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. અમદાવાદ દ્વારા મુદ્રિત

**તા. ૧૬-૦૮-૨૦૧૧ થી તા. ૩૧-૦૮-૨૦૧૧**



# શબ્દશઃ

ગુજરાત એવું રાજ્ય છે જયાં વૃક્ષોની અને વનવિસ્તારની વન્યપ્રાણી સૃષ્ટિની સંપદા ઉત્તરોત્તર વધી રહી છે અને સૌના સહજીવનનું જતન થાય એવી આ ગુજરાતની ધરતી ઉપર હવે ''વાવે ગુજરાત''નું અભિયાન ઉપાડીએ.

- આપણી પ્રાચીન વિરાસતમાં સમગ્રતયા આયુર્વેદિક ઔષધ વન અને આરોગ્ય વનસ્પતિ સાથે જોડાયેલું છે અને આરોગ્યના જતન માટે વૃક્ષનું જતન કરે એવી આપણી નેમ છે
- વનમહોત્સવમાં માનવી વૃક્ષ પ્રત્યે સંવેદના અને પ્રેમથી જોડાય તે માટે આરાધ્ય વૃક્ષો, રાશિ, નક્ષત્ર વૃક્ષો, ઔષધિય વૃક્ષો, શક્તિરૂપે પ્રકૃતિપ્રેમ પ્રેરિત કરીને ગુજરાતને લીલુંછમ બનાવવું છે.
- દીકરીના જન્મની વધામણી, ઓછામાં ઓછા બે વૃક્ષ વાવીને કરવાનો નવતર સંકલ્પ કરીએ.
- પ્રકૃતિમાં અસંતુલન કરવાનું પાપ પશ્ચિમના ભોગવાદી સમાજે કર્યું છે, પરંતુ આપણે તો છોડમાં રણછોડની પ્રકૃતિપ્રેમની સંસ્કૃતિના વારસો છીએ અને આ પ્રકૃતિ સાથે વૃક્ષના માધ્યમથી સંવાદ સાધીને ગ્લોબલ વોર્મિંગના સંકટથી ઉગરી શકાશે.
- વન મહોત્સવ પ્રકૃતિપ્રેમની આરાધનાનો અવસર છે અને તેને સરકારી કાર્યક્રમમાંથી બહાર લાવીને પરંપરા છોડી અલગ સ્થળે જનશક્તિ જોડીને નિતનવા સાંસ્કૃતિક વનો આ સરકારે ઊભા કર્યા છે તેનાથી તીર્થક્ષેત્રોનો અને પ્રવાસનધામો સાથે વૃક્ષપ્રકૃતિનો સાંસ્કૃતિક નાતો જોડાયો છે.


(વનમહોત્સવ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના ઉદ્‌બોધનમાંથી...)

















**૭** ગૂર્જર ગરિમા

**૧૬** સાફલ્ય ગાથા

**૨૦** ગૌરવ

**૨૧** નિર્ણય

**૨૨** વિવિધા

**૨૭** લોકવિરાસત

**૨૮** સમાચાર વિશેષ

**30** પ્રવાસન

**૪૧** સર્જન

**૪૫** યોજનાની વાત

**૪૬** ફોટોફીચર

**૪૭** આસપાસ

**૪** **પર્વ વિશેષ**

આઝાદીની લડતમાં અંકિત થયેલા ગુજરાતના સત્યાગ્રહો - દિલીપ ગજ્જર

"ત્રિરંગા"ની ભવ્ય અને રોચક ગાથા - હિમાંશુ ઉપાધ્યાય

ખમીરવંતા ખેડા જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ

**૧૪** **પરિણામ**

ગુજરાતની મહિલાઓના નામે ₹ ૨૮,૩૫૪ કરોડની મિલકતો - સુસ્મિતા મોદી

**૧૮** **પ્રારંભ**

મેડિકલ અને પેરામેડિકલ ક્ષેત્રે ગુજરાત હબ બનશે

**૧૯** **અભિગમ**

પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઇલ લિપિમાં પુસ્તકો તૈયાર કરાયા

**૨૩** **ચલો તાલુકે**

કલોલ તાલુકાના સરપંચશ્રીઓની વાત- તેમના મુખેથી... - પ્રજ્ઞા પટેલ

**૨૪** **ચિંતન**

ચલો તાલૂકે

**૨૬** **અભિયાન**

**3૮** **સુવિધા**

આઇ.ટી.આઇ. ડિપ્લોમા અને વ્યાવસાયિક - કસોટી પાસ કરનારા ધોરણ - ૧૨ સમકક્ષ ગણાશે

**૪૦** **શિક્ષણ**

ત્રણ વર્ષમાં ટેકનિકલ શિક્ષણની બેઠકો બમણી થઇ

**૪૨** **સન્માન**

યુવા સાહિત્યકારો ગૌરવ પુરસ્કારથી સન્માનિત - હેમલતા પારેખ

**૪૪** **કૃષિ**

પ્રાકૃતિક ખેતીના પ્રયોગે કપાસનું ઉત્પાદન બમણું કરી બતાવ્યું !! - રાજ જેઠવા

**૪૮** **તકેદારી**

'આપત્તિના સમયે ન માત્ર પત્રકાર કિન્તુ સ્વયંસેવક પણ બનીએ'


તસવીર સહયોગ : જગદીશ પી. મેવા • રમેશ ઘડાકે • મનોજ તિવારી

દિલીપ ગજ્જર

# આઝાદીની લડતમાં અંકિત થયેલા ગુજરાતના સત્યાગ્રહો

આઝાદીનું પર્વ આપણા સૌને માટે આનંદનું અને ગૌરવનું પર્વ છે. કોઈપણ વ્યક્તિ પ્રજા, સંસ્કૃતિ કે રાષ્ટ્ર માટે આઝાદી એ સૌથી મોટી ઉપલબ્ધિ છે. આઝાદીના જંગમાં આપણો ઈતિહાસ પણ સુવર્ણ અક્ષરે અંકિત થયેલો છે. સ્વાતંત્ર્ય સંગ્રામના પૃષ્ઠો ઉકેલતાં આપણું મસ્તક ગર્વથી ઉન્નત થઈ ઉઠે છે. અંગ્રેજ શાસનના અન્યાયો સામે લડવા સમગ્ર રાષ્ટ્રમાં જે અસરકારક સત્યાગ્રહો યોજાયા તેમાં ગુજરાતના સ્વાતંત્ર સંગ્રામો સિમાચિહ્ન રૂપ ગણાય છે.

આઝાદીની ચળવળમાં સમગ્ર રાષ્ટ્રની સાથે ગુજરાતે પણ ખૂબ જ ખુમારીપૂર્વક સત્યાગ્રહો ચલાવ્યા જે પૈકીના કેટલાક સત્યાગ્રહ અને સંગ્રામની વાતો આઝાદીને પર્વે ગુજરાતના વાચકો માટે પ્રસ્તુત છે.

જોહ્નિસબર્ગમાં વગર હથિયારે સરકાર સામે લડવાની રીતને શું નામ આપવું તેનો વિચાર ગાંધીજી કરતા હતા ત્યારે મગનલાલ ગાંધીએ ''સદાગ્રહ'' શબ્દ આપ્યો. સત્‌ને માટેનો આગ્રહ એવું નામ ગાંધીજીને યોગ્ય લાગ્યું અને સદાગ્રહ શબ્દમાં સત્ય શબ્દ ઉમેરી ''સત્યાગ્રહ'' શબ્દ આપ્યો. લોકોએ આ શબ્દ વધાવી લીધો અને ૧૯૦૬ની સાલથી સત્યાગ્રહ શબ્દ પ્રચલિત બન્યો.

**દાંડી કૂચ :** સવિનય કાનૂન ભંગની લડત સમગ્ર દેશમાં વ્યાપક રીતે ફેલાવવા માટે મહત્વનું ચાલક બળ પ્રદાન કરનાર દાંડીકૂચના બીજ ૧૯૨૯ના ડિસેમ્બરમાં લાહોર ખાતે કોંગ્રેસના અધિવેશનમાં રોપાયા. દસ પાઈના મીઠા પર બસો પાઈની જકાત સરકારે નાંખી હતી. તેને નાબૂદ કરવા ગાંધીજીએ ૨જી માર્ચે ૧૯૩૦ના રોજ લોર્ડ ઈરવીનને પત્ર લખી ૧૨મી માર્ચે સત્યાગ્રહ શરૂ કરવા જણાવ્યું. સત્યાગ્રહનો આરંભ સાબરમતી આશ્રમથી દાંડીના દરિયા કિનારે લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું અને ૩૮૮ કિ.મી. સુધી પદયાત્રા શરૂ કરી. ગાંધીજીએ દરિયા કિનારે જામેલા મીઠાની ચપટી ઉપાડી મીઠાનો કાયદો તોડયો. જેના પડઘાએ બ્રિટીશ સામ્રાજ્યના પાયા હચમચાવી મુક્યા.

**બારડોલી સત્યાગ્રહ :** ગાંધીજીએ ઈ.સ. ૧૯૨૨માં બારડોલી ખાતે ''ના કરની લડત'' કરવાનો ઈરાદો વ્યકત કર્યો હતો. જે માટે બારડોલીની પસંદગી કરાઈ. સને ૧૯૨૮માં બારડોલીમાં જમીન મહેસૂલ વધારાના પ્રશ્નો જ્યારે ફરી ચિનગારી પ્રગટી. બારડોલીમાં ઈ.સ. ૧૯૨૬માં બિન અનુભવી અમલદાર દ્વારા ખોટી આકારણી કરી જમીન મહેસૂલમાં ૩૦ ટકા વધારો સૂચવ્યો. લડત માટે લોકસેવકોની છાવણીઓ નંખાઈ. સરદાર વલ્લભભાઈ પટેલ તથા અન્ય નેતાઓના માર્ગદર્શનથી ઉત્સાહ જાગ્યો. સરકારે મહેસૂલ વસુલાત માટે જલદ પગલા લીધાં. જમીનો ખાલસા કરાઈ, ઢોરની જપ્તી થઈ, ખેડૂતો પર ત્રાસ ગુજારવા પઠાણો રોકયા. જે માટે બારડોલીના લોકો છ મહિના ઝઝૂમ્યા અને સફળ થયા.

**ધરાસણા સત્યાગ્રહ :** ગાંધીજીએ ધરાસણાના મીઠાના અગરો પર અહિંસક હલ્લો લઈ જવાનું નક્કી કર્યું એટલે તેમની ધરપકડ કરવામાં આવી અને એ સાથે ધરાસણાનો સત્યાગ્રહ શરૂ થયો જેમાં ૨૬૫૦ સૈનિકોએ ભાગ લીધો હતો. ધરાસણા સત્યાગ્રહમાં સરોજીની નાયડુ સહિત બહેનોએ પણ ભાગ લીધો.

**અડાસનો સત્યાગ્રહ :** અડાસ રેલવે સ્ટેશને હિન્દ છોડોની ચળવળમાં જોડાયેલા નવયુવાનોને પોલીસે નિર્દય રીતે વીંધી નાંખ્યા જેમાં ત્રણ યુવાનો શહીદીને વર્યા. આ શહીદોની ગાથા જેવા અડાસ સત્યાગ્રહમાં ૩૪ જેટલાં સત્યાગ્રહીઓએ ભાગ લીધો ''કરેંગે યા મરેંગે''ના મંત્ર સાથે સૂત્રોચ્ચાર કરતાં વડોદરા જિલ્લાના યુવાનો આ સત્યાગ્રહમાં જોડાયા. વડોદરાથી નાવલી, નાવલી-આણંદ,

દાંડી સત્યાગ્રહ



આણંદથી વડોદ અને તેજ દિવસે યુવાનોને વડોદરા પહોંચવું હતું. પરંતુ અડાસ સ્ટેશનથી વડોદરાની ટ્રેન પકડવા યુવાનો અડાસ સ્ટેશનથી થોડા દૂર હતાં ત્યાં જ પોલીસે તેઓને ખેતરમાં પકડ્યા આમ અડાસ શબ્દ સાથે જોડાયેલો અડાસનો સત્યાગ્રહ ચિરસ્મરણીય બની રહ્યો.

**બોરસદનો સત્યાગ્રહ :** ખેડા જિલ્લામાં બહારવટિયાઓનો ત્રાસ હતો. સરકારે બહારવટિયાઓને જેર કરવા પોલીસની ટુકડી ગોઠવી અને તેનો ખર્ચ બોરસદ તાલુકાની પ્રજા પાસેથી વસૂલ કરવાનું નક્કી કર્યું. અંગ્રેજ સરકારના પગલાં સામે ચાલેલી આ લડત બોરસદના સત્યાગ્રહ તરીકે ઓળખાય છે. સરદાર વલ્લભભાઇ પટેલ, રવિશંકર મહારાજ, દરબાર ગોપાલદાસ, અબ્બાસ સાહેબ જેવા નેતાઓએ આ સત્યાગ્રહમાં ભાગ લીધો. આડત્રીસ દિવસ ચાલેલી આ લડતના અંતે પ્રજાનો વિજય થયો તેથી બોરસદ સત્યાગ્રહ વિજય સત્યાગ્રહ તરીકે પણ ઓળખાય છે.

**ખેડા સત્યાગ્રહ** : ખેડા જિલ્લામાં તે વખતની સરકારે સરકારી અધિકારીઓને ધાક ધમકી આપી વધુ આનાવારી કરાવી. દુષ્કાળની સ્થિતિ હતી છતાંય સરકારે મહેસૂલ વસુલાતમાં ઉદારતા બતાવી નહી તેના વિરોધમાં ખેડા સત્યાગ્રહ યોજાયો.

ગાંધીજી અને તેમના સાથીઓએ આ લડતમાં સક્રિય ભાગ ભજવ્યો આ લડતના કારણે ખેડૂત વર્ગમાં જાગૃતિ આવી અને ખેડૂતોમાં રાજકીય કેળવણીનો આરંભ થયો.

**રાસ સત્યાગ્રહ :** બોરસદ તાલુકાના નાના ગામ રાસ સાથે સંકળાયેલા રાસ સત્યાગ્રહમાં સરદાર વલ્લભભાઇ પટેલની પ્રેરણા મહત્વની રહી જમીન મહેસૂલ નહીં ભરવા આખું ગામ



શહીદ સ્મારક - અડાસ

હિજરત કરી ગયું અને રાસ સત્યાગ્રહનો પ્રારંભ થયો. રાસ સત્યાગ્રહમાં અંતે પ્રજાનો વિજય થયો હતો.

**વિરમગામ સત્યાગ્રહ :** સને ૧૯૩૦માં ગુજરાતની પ્રાંતિક સમિતિએ વિરમગામ અને ધોલેરામાં મીઠાના સત્યાગ્રહના પગલે આ સત્યાગ્રહનો પ્રારંભ થયો.

૧૯૩૦ની એપ્રિલથી ૧૯૩૧ના જાન્યુઆરી સુધી ચાલેલા આ સત્યાગ્રહમાં ઝવેરચંદ મેઘાણી, બળવંતરાય મહેતા જેવા સત્યાગ્રહીઓમાં જોડાયા અને ધરપકડ વહોરી. શ્રી મેઘાણીએ ધંધુકાની કોર્ટમાં મેજીસ્ટ્રેટ સમક્ષ એમણે લખેલું રાષ્ટ્રગીત બુલંદ અવાજે ગાયુ ત્યારે સહું કોઇ પીગળી ગયા હતાં.

**માણસા સત્યાગ્રહ :** માણસાના રાજવીએ અંગ્રેજોના પક્ષમાં રહીને લીધેલા અન્યાયી પગલા સામે પ્રજાનો આક્રોશ આ લડતના મૂળમાં હતો. માણસા ઠાકોરની આપખુદી અટકાવવા પ્રજાએ વેઠ પ્રથા અને વેપારીઓનું શોષણ કરતી પ્રવૃત્તિઓ સામે સંગઠિત પ્રયાસો કર્યા. સત્તાવાળાઓ તરફથી લોકોની ધરપકડો કરવામાં આવી આ દરમિયાન જ સમગ્ર દેશમાં અસહકારની લડત પ્રારંભ થતાં માણસાની પ્રજાએ પણ તેમાં સક્રિય ભાગ લીધો. મહાત્મા ગાંધી, વલ્લભભાઇ પટેલ અને ઇન્દુલાલ યાજ્ઞિકના માર્ગદર્શન હેઠળ માણસાના સત્યાગ્રહમાં પ્રજા મતનો વિજય થયો. ૧૯૩૮નો માણસા સત્યાગ્રહ પ્રજાના મક્કમ મનોબળના પ્રતીક સમો ગણાય છે.

**રાજકોટનો સત્યાગ્રહ :** રાજકોટના ઠાકોરના આપખુદ અને ઝુલમી વલણ સામે સરદાર વલ્લભભાઇ પટેલની પ્રેરણાથી રાજકોટની પ્રજાએ ચલાવેલા "સત્યાગ્રહ તરીકે જાણીતો" છે.

આ સત્યાગ્રહમાં અંગ્રેજ પ્રતિનિધિ રેસીડેન્ટ ગીબ્સ સામે ગાંધીજીએ ઉપવાસ આદર્યા અને સત્યાગ્રહીઓમાં જોમ આવ્યું. આખરે રાજકોટ રાજયના વહીવટની લગામ અંગ્રેજ પ્રતિનિધિ તેમજ વીરાવાલાના હાથમાંથી ગઇ. આ, રાજકોટના ઠાકોરની ખટપટનો અંત આવતા પ્રજાજનો આપખુદ અને જુલ્મી શાસનમાંથી મુકત થયાં.

ગુજરાતે સ્વતંત્રતાની ચળવળને વેગ આપ્યો અને આ ધરતીપર આઝાદીની લડતને વેગ આપતી અનેક નાની મોટી ઘટનાઓથી સમગ્ર દેશ મુકિત સંગ્રામનો સંદેશો ઝીલવા તૈયાર થયો. બારડોલી, દાંડીકૂચ, ધરાસણા જેવા અનેક સત્યાગ્રહો સામે અંગ્રેજ સરકાર ઝૂકી ગઇ અને સમગ્ર રાષ્ટ્રમાં અંગ્રેજ શાસનમાંથી મુકત થવાની જાગેલી પ્રતિબધ્ધતાએ પ્રજાનું આઝાદીનું સ્વપ્ન સાકાર કર્યું.

ગાંધીજીએ સ્થાપેલો સાબરમતી આશ્રમ જગત માટે દર્શન-પ્રેરણાતીર્થ બની રહ્યો છે. બ્રિટિશ સત્તાના પાયા હચમચાવી નાંખનાર દાંડીકૂચ અહીંથી આરંભાઇ હતી. ગુજરાતમાં ખેલાયેલાં નાના-મોટા સ્વાતંત્ર્ય સંગ્રામોનો અને સ્વાતંત્ર્ય વીરોનો ઇતિહાસ અજોડ છે. ગુજરાતની ધરતીનું આ અનન્ય બળ નવી પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે. ■

હિમાંશુ ઉપાધ્યાય

# "ત્રિરંગા"ની ભવ્ય અને રોચક ગાથા



પ્રતિ વર્ષ ૧૫ મી ઓગષ્ટે સ્વાતંત્ર્યનો ઉત્સવ ઉજવાય છે. આપણે સૌ આ દિવસે ત્રિરંગો લહેરાવીએ છીએ. આ ત્રિરંગો આપણી દેશદાઝનું પ્રતીક છે... પરંતુ આઝાદીનું પ્રતીક ત્રિરંગો જ કેમ ? આ ત્રિરંગા પાછળનો ઇતિહાસ પણ ખૂબ જ રસપ્રદ છે.

આમ તો ભારત દેશના આ રાષ્ટ્રધ્વજનો સૌ પ્રથમ વિચાર રાજા રામ મોહનરાયને સ્ફુર્યો હતો તેમ કહેવાય છે. તે સમયે સમસ્ત યુરોપને પ્રભાવિત કરનારની ક્રાંતિ અને તેના પાયામાં રહેલી સમાનતા, ભાતૃભાવ તથા સ્વાતંત્ર્યની ત્રિવિધ ભાવનાના પ્રતીક સમા ત્રણ રંગવાળા ધ્વજની ઊંડી છાપ તેમના પર પડી અને તેમણે રાષ્ટ્રધ્વજની જરૂરિયાતને લક્ષમાં લઇ ફ્રાંસના તત્કાલિન ધ્વજને અપનાવી લીધો.

રાષ્ટ્રધ્વજની વાસ્તવિક જરૂરિયાત જણાતાં ફ્રાંસના ધ્વજમાં થોડો ફેરફાર કરીને તેને ભારતીય ઓપ અપાયો. આ રીતે તૈયાર કરાયેલા પ્રથમ ધ્વજને ૭મી ઓગસ્ટ, ૧૯૦૬માં કલકત્તાના ફેડરેશન હોલમાં સર સુરેન્દ્રનાથ બેનરજીની અધ્યક્ષતામાં સલામી અપાઇ હતી. અન્ય એક માહિતી અનુસાર, પ્રથમ ધ્વજવંદન કલકત્તાના પારસી બગાન સ્કવેર, ગ્રીનપાર્કમાં થયું હતું. આ ત્રિરંગી ધ્વજમાં લાલ, પીળો અને લીલો એમ ત્રણ પટ્ટા હતા લાલ પટ્ટામાં ચંદ્રતારક, પારસીઓના પ્રતિકરૂપ સૂર્ય અને વચલા પીળા પટ્ટામાં ઘેરા આસમાની રંગે "વંદે માતરમ્" લખેલું હતું.

મિદનાપુરાના એક ક્રાંતિકારી હેમચંદ્ર કાનુન્ગો બોમ્બ બનાવવાનું શીખવા ફ્રાંસ ગયા હતા. આ સમયે તેમણે આ ધ્વજ ફ્રાંસમાં દેશવટો ભોગવતા મૂળ ગુજરાતના નવસારીનાં મેડમ ભીખાઇજી કામાને બતાવ્યો. ઇ.સ. ૧૯૦૭ની ૧૮મી ઓગષ્ટે જર્મનીના સ્ટટગાર્ડમા મળેલા વિશ્વ સમાજવાદી કોંગ્રેસના આંતરરાષ્ટ્રીય સંમેલનમાં સર્વ દેશોના રાષ્ટ્રધ્વજો સાથે હિન્દ તરફથી બ્રિટનના "યુનિયન જેક" ના બદલે ત્રિરંગો ઝંડો દર્શાવાયો. બ્રિટનના "યુનિયન જેક" ના બદલે વૈશ્વિક સ્તરે ભારતનો ત્રિરંગો ફરકાવનાર તરીકે મેડમ ભીખાઇજી કામાનું નામ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થયું છે. આ ધ્વજમાં લાલ પટ્ટામાં એક કમળ અને "સપ્તર્ષિ"ના સૂચક સાત તારકો હતા.

એ પછી નવ વર્ષ બાદ, ૧૯૧૬માં હોમરૂલની ચળવળ વખતે રાષ્ટ્રધ્વજની પુનઃવિચારણા થયા બાદ સ્વરાજની કલ્પનાને અનુરૂપ ફેરફાર કરાયો. જે મુજબ ધ્વજમાં ત્રણ પહોળા પટ્ટાના બદલે પાંચ લાલ, ચાર લીલા એમ કુલ નવ સાંકડા પટ્ટા એકબીજાના અંતરે ગોઠવવામાં આવ્યા.

ઇ.સ. ૧૯૨૦માં સ્વાતંત્ર્ય ચળવળની બાગડોર મહાત્મા ગાંધીએ સંભાળી. એક વર્ષ બાદ તેમણે સફેદ, લાલ અને લીલા રંગના પટ્ટાવાળા ધ્વજ પર પસંદગી ઉતારી. ઇ.સ. ૧૯૨૨માં અમદાવાદના આંગણે મળેલી કોંગ્રેસમાં સૌ પ્રથમવાર આ રાષ્ટ્રમાન્ય ધ્વજવંદન થયું હતું. ઇ.સ. ૧૯૩૧માં ધ્વજમાં લાલ રંગના બદલે શૌર્ય અને સમર્પણના કેસરી રંગને મુકાયો તથા ક્રમમાં ફેરફાર કરીને ઉપર કેસરી, વચમાં સફેદ અને નીચે લીલો રંગ નક્કી કરાયો. મધ્યમાં સફેદ પટ્ટામાં ઉદ્યોગના પ્રતીકરૂપે "ચરખા"નું ચિહ્ન મુકવામાં આવ્યું. આ ધ્વજમાં કેસરી રંગ શૌર્ય અને સમર્પણ, લીલો રંગ દાક્ષિણ્ય અને શ્રધ્ધા તથા સફેદ રંગ શાંતિ અને સત્યનું પ્રતિપાદન કરે છે એવો ભાવ અભિવ્યકત કરાયો હતો. ઇ.સ. ૧૯૪૭માં આઝાદી મળ્યે આ ધ્વજ સમગ્ર રાષ્ટ્રનો ધ્વજ બની ગયો.

આઝાદી બાદ પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે નીમેલી સમિતિને આ રાષ્ટ્રધ્વજમાં ચરખાનું ચિત્ર ધ્વજની બીજી બાજુએ ઉલટું જણાતું હતું. આથી ચરખાના બદલે અશોક ચક્રનું સૂચન કર્યું જેથી ધ્વજ પરનું ચિહ્ન બંને બાજુએ સરખું દેખાઇ શકે.

રાષ્ટ્રધ્વજમાં ઉપરના ભાગે કેસરી, મધ્યમાં શ્વેત અને તદ્દન નીચે ઘેરા લીલા રંગના ત્રિરંગામાં ત્રણેય પટ્ટાની પહોળાઇ એક સરખી છે. ત્રિરંગાની લંબાઇ-પહોળાઇનું પ્રમાણ ૨:૩નું છે. ધ્વજ પરનું પ્રતીક સારનાથ ખાતે અશોક સ્થંભશીર્ષ પરના ચક્રની સાદશ પ્રતિકૃતિ છે. ઇ.સ. ૧૯૪૭ની ૨૨મી જુલાઇએ બંધારણ સભાએ આ રાષ્ટ્રધ્વજને અપનાવ્યો હતો.

રાષ્ટ્રના દશ્યમાન આત્મા સમા રાષ્ટ્રધ્વજનું ગૌરવ, સન્માન જળવાય તે જોવાની સહુ કોઇ ભારતવાસીની ફરજ છે. આ ફરજ આપણે ગૌરવભેર નિભાવીએ એ જ આપણી રાષ્ટ્રીય સેવા અને સ્વતંત્રતાનું સન્માન છે. ■

## ₹ ૭૫૭ કરોડના ખર્ચે ૪૧૪૭ વિકાસકામોની વણઝાર

# ખમીરવંતા ખેડા જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઊજવણી

૬૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનો રાજ્યકક્ષાનો મહોત્સવ આ વર્ષે નડિયાદ ખાતે યોજાયો. છેલ્લાં દસ વર્ષથી રાજ્યમાં જનભાગીદારીથી ઉજવાતા રાષ્ટ્રીય પર્વ પરંપરાગત ગાંધીનગરનાં બદલે જુદા જુદા શહેરોમાં ઉજવાય છે. આ વર્ષનો સ્વાતંત્ર્ય પર્વ નડિયાદ ખાતે ઉજવાયો ત્યારે આ ઐતિહાસિક ઉજવણીમાં જિલ્લાનાં ૬૨૭ ગામો અને ૧૧ નગરોની જનતા અભૂતપૂર્વ ઉમળકાભેર જોડાઈ હતી. સામાન્ય રીતે રાષ્ટ્રીય પર્વો ત્રિરંગાને સલામી આપીને પરંપરાગત રીતે ઉજવાય છે, ત્યારે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ રાષ્ટ્રીય પર્વોને વિકાસ સાથે જોડ્યા છે. રાષ્ટ્રીય પર્વની ઉજવણી સાથે આ વર્ષે ખેડા જિલ્લામાં ₹ ૭૫૭ કરોડનાં ખર્ચે ૪૧૪૭ વિકાસ કામોનાં શિલારોપણ અને લોકાર્પણો મહાનુભાવોનાં હસ્તે કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકારના મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, રાજ્ય મંત્રીશ્રીઓ અને સંસદીય સચિવશ્રીઓ દ્વારા સમગ્ર જિલ્લામાં મળીને એકંદરે ₹ ૮૮.૨૫ કરોડના અધિક ખર્ચ સાથે ૧૯૧૯ લોકાર્પણ અને ₹ ૪૬૯ કરોડના ૭૬૬ ખાતમૂહુર્તના તેમજ ₹ ૧૯૯.૭૦ કરોડના નવા ૧૪૬૨ કામોની જાહેરાત સાથે કુલ ₹ ૭૫૭ કરોડના કુલ ૪૧૪૭ વિવિધ વિકાસ કામોનો મહાયજ્ઞ ખેડા જિલ્લામાં તા.૧૫ મી ઓગસ્ટ સુધી સતત ચાલતો રહ્યો. મહામહિમ રાજ્યપાલ શ્રીમતી ડૉ. કમલાજીએ પણ આ પ્રસંગે નાગરિકો અને સ્વાતંત્ર્ય સેનાનીઓનું અભિવાદન કરી સ્વાતંત્ર્ય પર્વની શુભકામના પાઠવી હતી.

આઝાદીની લડતમાં લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલના નેતૃત્વમાં મહાત્મા ગાંધીજીના અહિંસક સત્યાગ્રહના આંદોલનનો પ્રારંભ ખેડા સત્યાગ્રહથી થયો હતો એવા આ ખમીરવંતા ખેડા જિલ્લાનું આઝાદીની લડતમાં અગ્રીમ યોગદાન રહ્યું હતું. સરદાર પટેલની જન્મભૂમિ, ગૌરક્ષા માટે બલિદાન આપનાર ફાગવેલના ભાથીજી મહારાજ, પૂ. મોટા જેવા લોકસંતની આધ્યાત્મિક ભૂમિ, સંતરામ મહારાજની તપોભૂમિ અને રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક, બબલભાઈ મહેતા, સાક્ષરવર્ય ગોવર્ધનરામ ત્રિપાઠી જેવા નામી ગણમાન્ય મહાપુરૂષોની આ ભૂમિ ઉપર રાષ્ટ્રીય પર્વ એવા ૬૫મા આઝાદી પર્વની ઉજવણીનો અનેરો ઉમંગ-ઉત્સાહ જનજનમાં ઉજાગર થયો છે

ખેડા જિલ્લાની કુલ ૧૧ નગરપાલિકાઓ દ્વારા ₹ ૮૨૭.૦૬ લાખના ખર્ચે ૫૦ કામોનું લોકાર્પણ તથા ₹ ૧૮૬.૩૭ કરોડના ખર્ચે ૧૩૨ વિકાસ કાર્યોના ભૂમિપૂજન તેમજ ₹ ૨૦.૩૨ કરોડથી અધિક ખર્ચના નવા ૨૭૮ વિકાસકામોની જાહેરાત મળીને ખેડા જિલ્લાના શહેરી ક્ષેત્રમાં ₹ ૨૧૫ કરોડના કુલ ૪૬૦ વિકાસકામોની ચિરંજીવ ભેટ આ સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણીના અવસરે મળી છે.

મુખ્યમંત્રીશ્રીના ૧૪મી ઓગસ્ટના વિવિધ શ્રેણીબધ્ધ વિકાસકામોમાં નડિયાદ ધર્મસિંહ દેસાઇ યુનિવર્સિટી આયોજિત "જ્ઞાનોદયનું દ્વાર-ગુજરાત" અન્વયે વિદ્યાર્થી યુવા સંશોધનકારો સાથે સંવાદ ગોષ્ઠી, નેનો ટેક્નૉલૉજી સેન્ટરનું લોકાર્પણ, નડિયાદ નગરપાલિકાની ભૂગર્ભ ગટર વિસ્તૃતિકરણની ₹ ૧૧૧.૨૦ કરોડની યોજનાનું ખાતમુહૂર્ત સહિત નડિયાદ-કપડવંજ મોડાસા માર્ગના ₹ ૨૪૪ કરોડના માર્ગ વિકાસ પ્રોજેક્ટનું ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

ખેડા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણભાઇ વોરાના માર્ગદર્શન અને સ્થાનિક ધારાસભ્ય તથા વિધાનસભાના મુખ્યદંડક શ્રી પંકજ દેસાઇ તથા સંસદીય સચિવશ્રી સુંદરસિંહ ચૌહાણના સંયુકત નેતૃત્વમાં ખેડા જિલ્લાનું સમગ્ર વહીવટીતંત્ર ૬૫ સ્વાતંત્ર્ય પર્વના અવસરે સુશાસનના જનસેવા અને વિકાસ માટેના સામર્થ્યનું પ્રેરક દ્રષ્ટાંત સ્થાપવા અવિરત પુરૂષાર્થ કર્યો છે. ■



દિનેશ દેસાઈ

# સાચું ગ્રામસ્વરાજ જોવા ગુજરાત આવો

આઝાદીના ૬૫મા વર્ષ નિમિત્તે એક પ્રસંગ યાદ આવે છે. પૉંડિચેરીમાં કૉંગ્રેસનું અધિવેશન મળવાનું હતું. એ નિમિત્તે 'અસહયોગ મંડળ'ની રચના કરવામાં આવી હતી. જેમાં ડૉ.કેશવરાવ બળિરામજી હેડગેવારની નિયુક્તિ થઈ હતી. સ્વતંત્રતાપ્રાપ્તિ માટે સભાઓ યોજવાની જવાબદારી ડૉક્ટરજીની હતી. અધિવેશનના થોડા દિવસો પહેલાં જ તેઓએ નાગપુરમાં બળવંતરાવ મંડળેકર વગેરે સાથે મળીને સભા યોજી હતી. જેમાં તેઓએ ઠરાવ પસાર કરાવ્યો હતો કે, 'સંપૂર્ણ અને વિશુદ્ધ સ્વાતંત્ર્ય જ અમારો મૂળભૂત હેતુ છે.' કૉંગ્રેસ પણ આવો જ ઠરાવ પસાર કરે એવી રજુઆત સાથે તેઓ ગાંધીજીને મળ્યા હતા. એ વખતે બાપુએ કહ્યું હતું કે, 'સ્વરાજ્યમાં વિશુદ્ધ સ્વાતંત્ર્યનો સમાવેશ થઈ જ જાય છે.' પછીનો ઈતિહાસ તો જાણીતો છે. મહત્વની વાત એ છે કે, 'સાચું અને આદર્શ સ્વરાજ અને સ્વતંત્રતા વ્યક્તિનિર્માણ, ચરિત્રનિર્માણ, સમાજનિર્માણ અને રાષ્ટ્રનિર્માણ વિના આવી શકશે નહીં.' ડૉ.હેડગેવારનો આ સંદેશ આજે પણ એટલો જ ઉપયુક્ત અને પ્રાસંગિક બની રહે છે.



૧૫ ઑગસ્ટ, ૧૯૪૭. વર્ષ ભલે ઉમેરાતાં-વીતતાં જાય, પરંતુ આ તારીખ આવે ત્યારે આજે પણ રાષ્ટ્રપ્રેમીઓ-રાષ્ટ્રવાદીઓના સમગ્ર ચેતાતંત્રમાં એક અજબનો જોશ અને જૂનુન છવાઈ જાય છે. સાચી આઝાદી કઈ? એની પણ વાત કરીએ. 'ગ્રામસ્વરાજ'(પ્રકરણ-૧૨, પૃ.૭૨) પુસ્તકમાં ગાંધી બાપુએ કહ્યું છે કે, 'સ્વતંત્રતાની શરુઆત પાયામાંથી થાય, એટલે કે હિંદુસ્તાનનું એકેએક ગામ રાજ્યઅમલની પૂરેપૂરી સત્તા ધરાવનારું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય. એનો અર્થ એ થયો કે, દરેક ગામ પોતાની તાકાત પર નભતું હોય.' રાજ્ય સરકારે 'ચલો, તાલુકે' ઝુંબેશ હાથ ધરીને ગ્રામવિકાસ અને ગ્રામઉત્થાનની જ કામગીરી હાથ ધરેલી છે. ગામડાં પગભર કરવાનો સરકારનો આ પ્રયાસ ગાંધીજીની ગ્રામસ્વરાજની વિભાવનાને વરેલો છે. ગામડાં ખુદ સ્વનિર્ભર થાય. ગામડાંનાં લોકોની જરૂરિયાત શહેર ઉપર હંમેશા નિર્ભર ન રહે. પરંતુ ગામમાંથી જ કે આસપાસમાંથી જ સંતોષાઈ જાય એ વ્યવસ્થા આજે ગુજરાતમાં જોવા મળે છે.

ગુજરાતના વહીવટી તંત્ર દ્વારા અમલમાં મૂકવામાં આવેલો તાલુકા સરકારનો અભિગમ એ રીતે પ્રસ્તુત બની રહે છે. વહીવટી કામ માટે ગામડેથી છેક પાટનગર ગાંધીનગર સુધી કોઈ નાગરિકોને લાંબા થવું ન પડે એવી અસરકારક વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. ગ્રામવિકાસની સાથે ગામડાંમાં અને ગામડાંની નજીકમાં ખેતીવાડી ઉપરાંત નાનાં-મોટાં ઉદ્યોગ-એકમો દ્વારા રોજગારીની પૂરતી તકો યુવાઓ માટે ઉપલબ્ધ થઈ છે. શિક્ષણ, આરોગ્ય, રોજગારી, જળવ્યવસ્થાપન, વીજળી, આંતરમાળખાકીય સવલતો, નાગરિક સુવિધા જેવા અનેક મુદ્દાઓમાં ગુજરાતમાં પહેલ જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારોમાં પાણીની તંગી દૂર કરવા માટે ૧,૩૭,૦૦૦ ખેતતલાવડીઓ અને ૪૫,૦૦૦ બોરીબંધનું નિર્માણ કરાવ્યું છે. જ્યારે ૧૫,૦૦૦ ગામતળાવ ઊંડા કરાવવામાં આવ્યા છે. ગામોમાં ડ્રીપ સિંચાઈ માટે નવી કંપની પણ બનાવવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા કૃષિકારો માટે ૧૪ કલાક વીજળી અને પૂરતું પાણી-સિંચાઈ વ્યવસ્થા તથા કૃષિસહાય યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલી છે. વિદ્યાર્થીઓ માટે મફત અને ફરજીયાત શિક્ષણ હેતુ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી યાત્રા દ્વારા ઉમદા કામગીરી કરવામાં આવી રહી છે. ઉદ્યોગકારો માટે સાધન-સહાય, સબસીડી વગેરે દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક વિકાસની ગાડીને બમણી ગતિએ વેગ આપવામાં આવે છે. એ રીતે બેરોજગારો માટે પર્યાપ્ત રોજગારીની વિપુલ તકો ઉભી કરવામાં આવે છે. મહિલાઓ માટે સ્વ-સહાય જૂથો, સખી મંડળો અને મિશન મંગલમ્ હેઠળની સહાય-યોજનાઓ લાગુ કરવામાં આવેલી છે. આમ સાચું સ્વરાજ આ કાર્યો અને યોજનાઓ દ્વારા પ્રતીત થયા વિના રહેતું નથી.

ઘણા બધા પ્રસંગોએ ગાંધીજીએ ગરીબો અને અંત્યજોની સેવા કરવા કહ્યું છે. ગરીબોની સેવા એ જ સાચી પ્રભુસેવા છે એ ગાંધીવિચારને ચરિતાર્થ કરીને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબોના ઉદ્ધાર માટે ખરા અર્થમાં કામ કર્યા છે. તેઓએ ગુજરાતમાં ગામેગામ 'ગરીબ કલ્યાણ મેળાઓ' યોજીને ગરીબોને મળવાપાત્ર લાભો સીધા અને હાથોહાથ પહોંચાડ્યા છે. ગાંધીજીનાં સપનાંનું ભારત કેવું હોય? એ વાત ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સારી રીતે જાણે છે અને એટલે જ તેઓએ ગાંધીજીએ પ્રબોધેલા ગ્રામસ્વરાજની કલ્પનાને મૂર્તિમંત કરવા કસી છે. એટલું જ નહીં, ગાંધીજીનાં સ્વપ્નનું પંચાયતરાજ ગામેગામ સર્જાય એ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકાવીને સીધું અને વાસ્તવિક માર્ગદર્શન પણ આપ્યું છે. આ છે વિકાસને વરેલું ગ્લૉબલ ગુજરાત. કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં સપનાંનું સાચુકલું વિશ્વગ્રામ. ■



# “વાવે ગુજરાત” અભિયાન

## આગામી એક દાયકામાં આઠ કરોડ વૃક્ષો ઉછેરવા ગુજરાત પ્રતિબધ્ધ

*વૃક્ષો અનાદિ કાળથી માનવી સાથે ધાર્મિક - રાશિ જેવી અનેક માન્યતાઓથી જોડાયેલા છે ત્યારે રાશિ ફળ અનુસારના તેમજ ઔષધિય ઉપયોગીતા અનુસાર વૃક્ષોના વાવેતર દ્વારા વૃક્ષ ઉછેરનો અભિગમ*

ગ્લોબલ વોર્મિંગ અને કલાયમેટ ચેન્જના પડકારને પહોંચી વળવા વૃક્ષોનું મહત્વ વિશ્વને સમજાતું જાય છે. સંયુકત રાષ્ટ્રસંઘે ચાલુ વર્ષને આંતરરાષ્ટ્રીય વન વર્ષ તરીકે જાહેર કરીને આ વાતને સમર્થન આપ્યું છે, પર્યાવરણ ક્ષેત્રે લોક જાગૃતિ માટે વિશ્વભરમાં પ્રયાસો થઇ રહ્યા છે ત્યારે ગુજરાતે સામાજિક વનીકરણ ક્ષેત્રે લોકભાગીદારીને જોડીને જે નવતર અભિગમ અપનાવ્યો છે તે આવનાર દિવસોમાં પર્યાવરણની દિશામાં સૂચક બની રહેશે. પર્યાવરણ માટે જરૂરી એવા વૃક્ષોનું વાવેતર સમય માંગી લે તેવું આયોજન છે. સામાન્ય રીતે સરકારી ધારાધોરણો અનુસાર આ માટે પ્રયાસો વર્ષોથી થતા આવ્યા છે. પરંતુ લોકોને આ સાથે જોડવાનો અભિગમ ગુજરાતે અપનાવ્યો છે. દર વર્ષે વનમહોત્સવની પારંપરિક આયોજનોની બહાર જઇ અન્ય જિલ્લાઓમાં રાજ્ય કક્ષાના વનમહોત્સવનો પ્રારંભ કર્યો છે અને તેમાંય વૃક્ષો અનાદિ કાળથી માનવી સાથે ધાર્મિક - રાશિ જેવી અનેક માન્યતાઓથી જોડાયેલા છે ત્યારે રાશિ ફળ અનુસારના તેમજ ઔષધિય ઉપયોગીતા અનુસાર વૃક્ષોના વાવેતરનો નવતર અભિગમ વૃક્ષ ઉછેરમાં પરિણામલક્ષી બની શકે તેમ છે. આવા પરિણામલક્ષી અભિગમને લઇ તાજેતરમાં ‘‘વાવે ગુજરાત’’ અભિયાન દ્વારા વૃક્ષ ઉછેર ક્ષેત્રે એક નવતર અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો. રાજ્યના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પાવાગઢ સ્થિત ચાંપાનેરની વિશ્વ વિરાસતના સાનિધ્યમાં ‘‘વિરાસત વન’’ના નિર્માણના શ્રી ગણેશ કરી આ અભિયાનની શરૂઆત કરી છે.



સામાજિક વનીકરણ ક્ષેત્રે ગુજરાતે લોકભાગીદારીને જોડીને સફળતા હાંસલ કરી છે. જેના કારણે સામાજિક વનીકરણ ક્ષેત્રે ગુજરાત રાજ્ય દેશના અન્ય રાજ્યો કરતા અગ્રસ્થાન ધરાવે છે. સમગ્ર ભારતમાં જંગલ બહારના વિસ્તારમાં વૃક્ષોની ગીચતામાં ગુજરાત રાજ્ય બીજા સ્થાને છે અને પ્રથમ સ્થાન મેળવવા ગુજરાતે ''વાવે ગુજરાત'' અભિયાનના પુરૂષાર્થ દ્વારા સંકલ્પ લીધો છે. વન વિસ્તાર બહાર વૃક્ષાચ્છાદિતતામાં કુલ ભૌગોલિક વિસ્તારના ૨.૮૨ ટકા વિસ્તાર ભારતમાં આવેલો છે. જ્યારે ગુજરાતમાં આ વિસ્તાર ૮,૩૯૦ ચો.કિ.મી. એટલે કે કુલ ભૌગોલિક વિસ્તારના ૪.૨૮ ટકા છે.

''વાવે ગુજરાત''નું જનઅભિયાન ઉપાડવાનું આહ્‌વાન કરતાં મુખ્ય મંત્રીશ્રીએ ગામે-ગામ, જન-જનમાં વૃક્ષપ્રેમ જગાવી ગુજરાતને લીલુંછમ કરવું છે, તેમ જણાવ્યું હતું. પ્રકૃતિમાં અસંતુલન કરવાનું પાપ પશ્ચિમના ભોગવાદી સમાજે કર્યું છે, પરંતુ આપણે તો છોડમાં રણછોડની પ્રકૃતિપ્રેમની સંસ્કૃતિના વારસો છીએ અને આ પ્રકૃતિ સાથે વૃક્ષના માધ્યમથી સંવાદ સાધીને ગ્લોબલ વોર્મિંગના સંકટથી ઉગરી શકાશે.

સુપ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢની તળેટીમાં વૈશ્વિક વિરાસત ચાંપાનેરમાં ૬.૫ હેકટરમાં વિરાસત વનનું વિશિષ્ટ નિર્માણ જનભાગીદારીથી કરાશે. રાજ્યમાં દર વર્ષે વનમહોત્સવની ઉજવણી મહિમાવંત ઐતિહાસિક સ્થળોએ વિશિષ્ટ સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવાની પહેલ સન ૨૦૦૪થી મુખ્ય મંત્રીશ્રીએ કરી છે તેની શ્રેણીનું આ આઠમું વન વિરાસત વન છે, જેમાં ૩૦ જેટલા વિશિષ્ટ જાતોના વૃક્ષો ૭

***પ્રકૃતિમાં અસંતુલન કરવાનું પાપ પશ્ચિમના ભોગવાદી સમાજે કર્યું છે, પરંતુ આપણે તો છોડમાં રણછોડની પ્રકૃતિપ્રેમની સંસ્કૃતિના વારસો છીએ અને આ પ્રકૃતિ સાથે વૃક્ષના માધ્યમથી સંવાદ સાધીને ગ્લોબલ વોર્મિંગના સંકટથી ઉગરી શકાશે.***








નવતર વનશ્રૃંખલા સાથે ઉછેરાશે. વિરાસત વન પાવાગઢના વનવાસી ટેકરીઓના પ્રવાસન સૌંદર્યને નવો ઓપ આપશે.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વન મહોત્સવ પ્રકૃતિપ્રેમની આરાધનાનો અવસર છે અને તેને સરકારી કાર્યક્રમમાંથી બહાર લાવીને પરંપરા છોડી અલગ સ્થળે જનશક્તિ જોડીને નીતનવા સાંસ્કૃતિક વનો આ સરકારે ઊભા કર્યા છે તેનાથી તીર્થક્ષેત્રોનો અને પ્રવાસનધામો સાથે વૃક્ષપ્રકૃતિનો સાંસ્કૃતિક નાતો જોડાયો છે.

વનમહોત્સવમાં માનવી વૃક્ષ પ્રત્યે સંવેદના અને પ્રેમથી જોડાય તે માટે આરાધ્ય વૃક્ષો, રાશિ, નક્ષત્ર વૃક્ષો, ઔષધિય વૃક્ષો, શક્તિરૂપે પ્રકૃતિપ્રેમ પ્રેરિત કરીને ગુજરાતને લીલુંછમ બનાવવું છે, આપણી પ્રાચીન વિરાસતમાં સમગ્રતયા આયુર્વેદિક ઔષધ વન અને આરોગ્ય વનસ્પતિ સાથે જોડાયેલું છે અને આરોગ્યના જતન માટે વૃક્ષનું જતન કરે એવી આપણી નેમ છે ગુજરાત એવું રાજ્ય છે જ્યાં વૃક્ષોની અને વનવિસ્તારની વન્યપ્રાણી સૃષ્ટિની સંપદા ઉત્તરોત્તર વધી રહી છે અને સૌનું સહજીવનનું જતન થાય એવી આ ગુજરાતની ધરતી ઉપર હવે ''વાવે ગુજરાત''નું અભિયાન ઉપાડીએ એવું આહ્વાન તેમણે કર્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મંત્રીશ્રીએ પરિવારમાં દીકરીના જન્મની વધામણી ઓછામાં ઓછા બે વૃક્ષ વાવીને કરવાનો નવતર સંકલ્પ લેવડાવ્યો હતો અને જણાવ્યું કે, વૃક્ષમાંથી જ દીકરીના લગ્ન વાજતે-ગાજતે થશે. દીકરી ક્યારેય બોજ નહીં બને. ખેડૂતોને વૃક્ષની ખેતી માટે પ્રોત્સાહિત કરવા મુખ્ય મંત્રીશ્રીએ પરંપરાગત ખેતી અને પશુપાલનમાં દૂધ ઉત્પાદન સાથે ખેતરમાં વૃક્ષોની ખેતી સમાન હિસ્સે કરે તેવું પ્રેરક સૂચન કર્યું હતું. આમ થાય તો ખેડૂત ક્યારેય આર્થિક મુશ્કેલીનો સામનો કરશે નહીં

ગાંધીનગરમાં નહીં પણ જુદા જુદા જિલ્લાઓમાં અને ધાર્મિક સ્થળોએ લોકભાગીદારીથી રાજ્યકક્ષાના વન મહોત્સવો યોજાય છે

**જનભાગીદારીથી વનોનું નિર્માણ**

| | | |
|---|---|---|
| ગાંધીનગર | - પુનિત વન | (૨૦૦૪) |
| અંબાજી | - માંગલ્ય વન | (૨૦૦૫) |
| તારંગા તીર્થ | - તીર્થંકર વન | (૨૦૦૬) |
| સોમનાથ | - હરિહર વન | (૨૦૦૭) |
| ચોટીલા | - ભક્તિવન | (૨૦૦૮) |
| શામળાજી | - શ્યામલ વન | (૨૦૦૯) |
| પાલીતાણા | - પાવક વન | (૨૦૧૦) |
| પાવાગઢ | - વિરાસત વન | (૨૦૧૧) |



તેવી માહિતી આપતાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી મંગુભાઈએ જણાવ્યું હતું કે, અપરંપાર લાભો આપતા વૃક્ષો અને વનોની ઘણી વધારે કાળજી લેવાની જરૂર છે. ગુજરાતમાં ૧,૩૦૦ પ્રકારની ઔષધિય વનસ્પતિઓનો વારસો જોવા મળે છે તેની જાણકારી આપતાં જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રીશ્રીની પ્રેરણાથી લોકોને વૃક્ષ ઉછેર માટે પ્રોત્સાહિત કરવા ગુજરાતે સ્મૃતિવન, રાશિવન, નક્ષત્રવન જેવા અભિનવ વન ઉછેર પ્રયોગો કર્યા છે. શહેરી વિસ્તારમાં વનીકરણ માટે વન વિભાગ પ્રયત્નશીલ છે. મુખ્ય મંત્રીશ્રીએ આ વર્ષે વાવે ગુજરાતનું સૂત્ર આપ્યું છે અને તેને સાર્થક કરવા જયાં જગ્યા મળે ત્યાં શકય હોય તેટલાં વૃક્ષો વાવીએ અને ઉછેરવાની અપીલ વન મંત્રીશ્રીએ કરી હતી.




વાંચે ગુજરાત અભિયાનથી સમાજ જીવનમાં વાંચનની ચેતના પ્રસરી છે હવે વાવે ગુજરાત અભિયાન દ્વારા છ કરોડની જનશક્તિને જોડીને હરિયાળા ગુજરાતનું નિર્માણ થશે તેવી લાગણી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ વ્યક્ત કરી હતી. ગ્લોબલ વોર્મિંગનો મુકાબલો વન ઉછેરથી જ થઈ શકશે. આ પ્રસંગે વન મહોત્સવની પરંપરા શરૂ કરનારા ગુજરાતના પનોતા પુત્ર ડૉ. કનૈયાલાલ મુનશીને યાદ કર્યા હતા.

પંચમહાલ જિલ્લાના અને પાવાગઢના પર્યાવરણીય, ધાર્મિક, ઐતિહાસિક, પરિસરીય અને સાંસ્કૃતિક મહત્વની યાદ અપાવતાં માર્ગ અને મકાન રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે, વિરાસત વન હેઠળ ૬.૫ હેક્ટર જમીનમાં વનનો ઉછેર કરવામાં આવશે. હાલોલમાં ૩૫ હજાર રોપાઓ દ્વારા વૃક્ષઉછેર કરવા ઉપરાંત ખાનગી જમીનોમાં માલિકો દ્વારા વૃક્ષ વાવેતર માટે ૨૫ હજાર રોપાઓના વિતરણ ઉપરાંત રસ્તાની બંને બાજુઓએ વૃક્ષો ઉછેરવામાં આવશે.



વિરાસત વનમાં ૯ હજાર જેટલાં વૃક્ષો લહેરાશે તેની માહિતી આપતાં અગ્ર સચિવ ડૉ. એસ. કે. નંદાએ સર્વને આવકારતાં જણાવ્યું હતું કે, રાજ્યમાં હેક્ટર દીઠ ૧૬ વૃક્ષો છે, જેની સંખ્યા વધારીને ૨૦ કરવી છે અને વન વિસ્તારની બહાર ૪.૬ ટકા જંગલ છે તેને વધારીને ૬ ટકા જેટલું કરવું છે.

સામાજિક વનીકરણ ક્ષેત્રે ગુજરાતે શ્રેષ્ઠ કામગીરી કરી બતાવી છે. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક-સામાજિક વનીકરણ ડૉ. એચ. એસ. સિંહના જણાવ્યા પ્રમાણે ગુજરાત રાજ્યમાં જંગલ બહારના વિસ્તારમાં વર્ષ ૨૦૦૩માં વૃક્ષોની સંખ્યા ૨૫.૧ કરોડ હતી જે વધીને વર્ષ ૨૦૦૯માં ૨૬.૯ કરોડ જેટલી થઈ છે. જેના કારણે જંગલ બહારના વિસ્તારમાં ગુજરાત રાજ્યની વૃક્ષોની ગીચતા દેશની વૃક્ષોની ગીચતા કરતા વધારે થઈ છે.

ગુજરાત રાજ્યમાં જંગલ બહારના વૃક્ષોની ગીચતા ધરાવતા વિસ્તારો પૈકી આણંદ, તાપી, મહેસાણા, ગાંધીનગર, ખેડા, સુરત, નવસારી અને વલસાડ આ સાત જિલ્લાઓમાં વૃક્ષોની ગીચતા ૩૦ વૃક્ષો પ્રતિ હેક્ટર છે. જ્યારે એકલા આણંદ વિસ્તારમાં આ ગીચતા ૬૮ વૃક્ષો પ્રતિ હેક્ટર છે. ગુજરાતમાં જંગલ વિસ્તાર બહારના વિસ્તારમાં ઈમારતી લાકડાનું ઉત્પાદન ઘણું જ આકર્ષક છે. વર્ષ ૨૦૦૮માં રાજ્યની અર્થ વ્યવસ્થામાં આ વૃક્ષોના ઈમારતી લાકડા થકી ₹ ૪૦૫૨ કરોડનું વાર્ષિક ઉત્પાદન થયું છે તેવું ભારતના પ્લાનીંગ કમીશનના મધ્ય આંકડાકીય વ્યવસ્થાપન દ્વારા જણાવાયું છે.

ગુજરાતે સામાજિક વનીકરણને લોકભાગીદારી દ્વારા વધુ સુદૃઢ બનાવવા ''વાવે ગુજરાત'' અભિયાન ઉપાડ્યું છે. આ અભિયાન થકી સઘન વાવેતર દ્વારા રાજ્યમાં સામાજિક વનીકરણ દ્વારા જે ૨૬.૯ કરોડ વૃક્ષો છે તેની સંખ્યા આગામી દસ વર્ષમાં આઠ કરોડ વધારીને ૩૫ કરોડ વૃક્ષો સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ લક્ષ્યની સિદ્ધિ માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ ઘનિષ્ઠ સામાજિક વનીકરણ ઝૂંબેશ દ્વારા ખાસ આયોજન હાથ ધરાયું છે, એટલું જ નહિં નર્મદા કેનાલ તથા અન્ય પિયત વિસ્તારોને ખેત વનીકરણના ઢાંચામાં સમાવેશ કરવામાં આવશે.

એક અંદાજ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત રાજ્યમાં ૫૪૨૦ હેક્ટરમાં પટ્ટી વાવેતર, ૬૬૧૦ હેક્ટરમાં ગ્રામવનો, ૪૪૯૭૦



હેકટરમાં ખાનગી માલિકીના, ૧૪૧૦ હેકટરમાં પર્યાવરણ સુધારાલક્ષી, ૭૩૦ હેકટરમાં તળાવકાંઠા અને ૧૯૬૦ હેકટરમાં ટપક સિંચાઇ પદ્ધતિથી પાંખા વૃક્ષો વાળા ડુંગરોમાં વનીકરણ કરવામાં આવ્યું છે.

દરિયાની ખારાશને આગળ વધતી અટકાવવા માટે આશીર્વાદરૂપ ચેર વૃક્ષોના વાવેતરમાં પણ ગુજરાતે સિદ્ધિ મેળવી છે. છેલ્લા બે દાયકામાં દરિયા કાંઠે ચેર વૃક્ષોના વાવેતર વિસ્તાર ૪૦૦ ચો. કિ.મી.થી વધીને ૧૦૪૬ ચો. કિ.મી.થી વધુ નોંધાયો છે.

ગુજરાત રાજ્યમાં "વન મહોત્સવ" હેઠળ ૯.૮ કરોડ રોપાઓનું રાહત દરે વિતરણ તેમજ ખેત વનીકરણના વ્યાપમાં વધારો થાય તે માટે વધારે ઉત્પાદકતા ધરાવતા ૧ કરોડથી વધુ ક્લોનલ રોપાઓનું ખેડૂતોને વિતરણ કરાશે. વર્ષ ૨૦૧૧માં કુલ ૧૩,૧૭૧ હેકટર વિસ્તારમાં વિવિધ મોડેલ હેઠળ ખાતાકીય વૃક્ષ વાવેતર હાથ ધરવામાં આવશે. વૃક્ષ વાવેતરની આ સમગ્ર ઝૂંબેશ અંતર્ગત રાજ્યમાં રોપા વિતરણ માટે ૪૩૦ ખાતાકીય નર્સરી, ૨૪૪ ખાનગી નર્સરી ઉપરાંત ૭૫૦ હંગામી કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે. ''વાવે ગુજરાત'' અને ''ગ્રીન ગુજરાત'' અભિયાન અંતર્ગત જિલ્લા તથા તાલુકા કક્ષાએ કમિટીઓની રચના કરી લોકભાગીદારી દ્વારા વૃક્ષારોપણ અને વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિ રાજ્યભરમાં હાથ ધરાઇ છે. વૃક્ષારોપણની આ ઝૂંબેશમાં દેશીકુળના વૃક્ષોના વાવેતરની પણ કાળજી રખાઇ છે. જે અંતર્ગત પાંચ લાખ વડ અને પીપળના વધુ ઊંચાઇ ધરાવતા રોપાઓનું રાજ્યભરમાં વાવેતર કરાશે. રાજ્યમાં ગામડાં ઉપરાંત નગરપાલિકા, મહાનગરપાલિકાઓમાં શહેરી વનીકરણ અને વૃક્ષારોપણ માટે વિશેષ અભિયાન પણ હાથ ધરાશે. આ સમગ્ર અભિયાન અંતર્ગત માત્ર વૃક્ષારોપણ જ નહિ પરંતુ રોપાયેલા રોપાની જાળવણી અને તેના રક્ષણ દ્વારા વૃક્ષ ઉછેરને પણ મહત્વ આપવામાં આવશે.

ગુજરાતના નાગરિકોએ "વાવે ગુજરાત" અભિયાનમાં જોડાઇને વૃક્ષારોપણ અને વૃક્ષોના જતન દ્વારા હરિયાળા ગુજરાતની આપણી કલ્પનાને સાકાર કરવા જે પુરૂષાર્થ આદર્યો છે તેની દેશ અને દુનિયાએ નોંધ લેવી પડશે. ■

### પાવાગઢના વિરાસત વનમાં સાત પ્રકારના વનનું નિર્માણ

| | |
|---|---|
| આરાધ્ય વન | - વૃક્ષોનું આધ્યાત્મિક મહત્વ |
| આરોગ્ય વન | - વૃક્ષોનું ઔષધિય મહત્વ |
| આજિવિકા વન | - આર્થિક સંપત્તિનું મહત્વ |
| આનંદ વન | - વૃક્ષરાજીનો મનોરંજન મહિમા |
| સાંસ્કૃતિક વન | - વૃક્ષોનો સાંસ્કૃતિક મહિમા |
| નિસર્ગ વન | - પંચમહાભૂતોના પર્યાવરણનો મહિમા |
| જૈવિક વન | - જૈવિક વિવિધતાનો મહિમા |

# વિશિષ્ટ સિદ્ધિ બદલ વનકર્મીઓનું સન્માન

**શ્રી આર.એમ.પઠાણ : વનપાલ, ભુજ**

કચ્છમાં તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧માં આવેલ ભૂકંપ દરમ્યાન પંચાયતી પ્રા. શાળાનં.૧ની સ્કૂલ રેલીમાં પોતાનો ૧૧ વર્ષનો પુત્ર કાટમાળ નીચે દબાઇ જતા મૃત્યુ પામ્યો હતો. પોતાના વ્હાલસોયા પુત્રની અંતિમવિધિ પૂર્ણ કરી પત્નીની માનસિક સ્થિતિ ખરાબ હોવા છતાં ફરજ પર હાજર થઇ ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં જરૂરિયાતમંદોને વન વિભાગ તરફથી લાકડાનો જથ્થો અંતિમ સંસ્કાર માટે પહોંચાડયો હતો. સમાજ પ્રત્યેની ફરજને પ્રાધાન્ય આપી માનવતાભરી કામગીરી બદલ વનચંદ્રકથી શ્રી પઠાણનું બહુમાન કરવામાં આવ્યું હતું.

**શ્રી એમ.એમ.જોષી : વનપાલ, ગાંધીનગર**

શ્રી જોષીએ કચ્છના વિનાશક ભૂકંપમાં મુખ્ય મથક પર હાજર રહી પરિક્ષેત્ર વન અધિકારીની ગેરહાજરીમાં આડેસર વિભાગમાં લોકોની જરૂરિયાતો પૂરી પાડી હતી.

**સ્વ શ્રી.એ.કે.ચુડાસમા**
**ફોરેસ્ટર (વનપાલ) : જૂનાગઢ**

ગીર પશ્ચિમ વિભાગમાં તત્કાલીન વનપાલ સ્વ.શ્રી એ. કે. ચુડાસમા દ્વારા રાજય બહારના ૧૦ લોકોએ પક્ષીઓને ફસાવવા માટે મુકેલ ફાસલા પકડી પાડી તેમની સામે કાયદાકીય પગલાં લઇ ગુન્હાને ડામવામાં સફળતા મેળવી હતી.

**શ્રી એલ. જી. રહેવર**
**વન વિસ્તરણ મદદનીશ,**
**હિંમતનગર**

શ્રી રહેવર વન સેવામાં ચોકીદાર, માળી અને ત્યારબાદ વનરક્ષક તરીકે નિમણૂક મેળવી હતી. રાજસ્થાન સરહદને અડીને આવેલા જંગલમાં કપાણ થતુ અટકાવવામાં તેમજ વૃક્ષો કપાણની ગેરકાયદેસર પદ્ધતિ અટકાવી વન



રક્ષણની નોંધપાત્ર કામગીરી કરી હતી.

**શ્રી એન. આઇ. હેડાઉ**
**વન વિસ્તરણ મદદનીશ, ગાંધીનગર**

શ્રી હેડાઉ પ્રકૃતિ વિષય ઉપર કવિતાઓ, શ્રેષ્ઠ વાર્તા લેખન, નિબંધ, બાલ સાહિત્ય તથા પર્યાવરણ લક્ષી સાહિત્ય તૈયાર કર્યુ છે.

**શ્રી કે. વી. સાધુ, બીટગાર્ડ ભૂજ,**
**શ્રી બી. ટી. મહેશ્વરી, બીટગાર્ડ ભૂજ**

આ બન્ને કર્મચારીઓએ કચ્છમાં ભૂકંપ સમયે મુખ્ય મથકે સતત હાજર રહી નિરાધાર લોકોને આવાસો ઉભા કરવાની તથા સંદેશા વ્યવહારની અસરકારક સેવાએ બજાવી હતી.

**શ્રી એસ. એસ. ચૌધરી**
**બીટગાર્ડ, રાજપીપળા**

ચૌધરીએ વન રક્ષણમાં સ્થાનિક લોકોનો સહયોગ મેળવી સહભાગી વન વ્યવસ્થા ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી છે.

**શ્રી આર. એન. વાઘેલા**
**બીટગાર્ડ, રાજપીપળા**

શ્રી વાઘેલાએ વનચેતના કેન્દ્ર ગાંધીનગરમાં ૮ લાખ રોપાની નર્સરીમાં ૨૦૦ જાતના રોપાઓ સારી રીતે સો ટકા જીવંત ઉછેરની પ્રસંશનીય કામગીરી કરી છે.

**શ્રી ઠાકોરભાઇ એમ. ગામીત**
**બીટગાર્ડ વ્યારા**

શ્રી ગામીતે તાપી રેન્જના કુરી ખાતે પોતાની ફરજ દરમ્યાન પાંખા થયેલા અને ડુંગરાળ વિસ્તારને નવપલ્લવિત કરી દવ, ચરીયાણ કટીગથી નુકસાન થતુ અટકાવ્યું હતું.

**શ્રી વી.આર. ગોડલીયા**
**વાયરલેસ ઇલેકટ્રીશીયન, સાસણગીર**

શ્રી ગોડલીયાએ ગીર વિસ્તારને વાયરલેસ નેટવર્કથી સાંકળવાની મહત્વપૂર્ણ કામગીરી કરી છે. ગીર વિસ્તારના વન્ય પ્રાણી અને તેમના આવાસના રક્ષણ અને સંર્વધનની નોંધપાત્ર કામગીરી પણ તેમણે કરી છે.

**શ્રી બી. કે. શીલું ,**
**બોટ ડ્રાઇવર જામનગર**

શ્રી શીલું મરીન નેશનલ પાર્ક જામનગરમાં બોટ ડ્રાઇવર તરીકે ફરજ બજાવે છે. ૧૯૯૮ માં આવેલા વાવાઝોડા વખતે જોડીયા વિસ્તારમાં દરિયામાં તણાઇ આવેલ મૃતદેહોને બોટ દ્વારા દરિયામાંથી એકલે હાથે બહાર કાઢવા માટે વહીવટીતંત્રને તેઓ મદદરૂપ થયા હતા.

**વન પંડિત એવોર્ડ**

| વર્ષ | કર્મચારીનું નામ |
|---|---|
| ૨૦૦૯-૧૦ | **શ્રી પ્રવિણસિંહ શનાભાઇ ચૌહાણ**<br>મુ. પો. કુવાઝર, તા. મોરવા, જિ. પંચમહાલ |
| ૨૦૧૦-૧૧ (સંયુક્ત એવોર્ડ) | **મંગુભાઇ સી. પટેલ**<br>મુ. અંબાવ, તા. ચીખલી, જિ.નવસારી.<br>**હરનીશભાઇ. સી. પટેલ**<br>મુ. મુવાલ, તા. સાવલી, જિ.વડોદરા. |

સુસ્મિતા મોદી

### સ્ટેમ્પ ડ્યુટીમાં ૧ ટકા મુક્તિના નિર્ણયનું પરિણામ

# ગુજરાતની મહિલાઓના નામે ₹ ૨૮,૩૫૪ કરોડની મિલકતો

મિલકત એટલે પુરૂષનાં નામે જ હોય... એટલે કે સ્ત્રીવર્ગના નામે મિલ્કત ન હોવી આપણી સંસ્કૃતિમાં પરંપરાથી ચાલી આવે છે.

સ્ત્રી જયારે લગ્ન કરીને પતિગૃહે જાય ત્યારે પૈતૃક સંપત્તિ પરથી તેનો હક દાવો જતો રહેતો હોય છે. પરંતુ રાજ્ય સરકારના મહિલાઓને નામે ખરીદાતી મિલકતોની નોંધણીમાં સ્ટેમ્પ રજીસ્ટ્રેશન ફીમાં એક ટકા જેટલી માફી આપતા મહિલાઓના નામે સ્થાયી મિલકતોની સંખ્યા ખૂબ ઝડપથી વધી છે. રાજ્ય સરકારે લીધેલા આ મહત્ત્વના નિર્ણયથી છેલ્લા સાત વર્ષમાં ગુજરાતની ૧૦.૧૭ લાખ મહિલાઓ ₹ ૨૮,૩૫૪ કરોડની મિલકતોની માલિક બની છે. સ્ત્રી સશક્તિકરણની દિશામાં લીધેલું આ મહત્ત્વનું પગલું ગૃહલક્ષ્મીને મિલકતોની માલિક બનાવવામાં રાહબર બની રહ્યું છે.




ગુજરાતમાં જમીન- મિલકત સંદર્ભે રાજ્ય સરકારે ૧લી એપ્રિલ'૧૧થી જંત્રીના દરોમાં કરેલા વધારાને પગલે મહિલાઓના નામે દસ્તાવેજ નોંધણી કરાવવાનું ચલણ વધ્યું છે. મહિલાઓને આવી મિલકતોના કર્તાહર્તા અને માલિકીપણાનો સત્તાવારપણે અધિકારો મળ્યા છે. તત્કાલીન સમયે જંત્રી અનુસાર વસૂલાયેલી સ્ટેમ્પડ્યુટીને ધ્યાને લેતાં મહિલાઓના નામે નોંધાયેલી પ્રોપર્ટીની વેલ્યુ અત્યારે રૂપિયા એક લાખ કરોડના આંકને પણ વટાવી જાય તેવો છે.

જનરલ ઓફ રજિસ્ટ્રેશન કચેરીના જણાવ્યા અનુસાર અત્યારે કોઈ પણ મિલકતની લે-વેચ અંગેના દસ્તાવેજની નોંધણી ટાણે જંત્રી અનુસાર પ્રોપર્ટીના ૪.૯ ટકા લેખે સ્ટેમ્પ ડ્યુટી અને ૧ ટકા નોંધણી ફી એમ કુલ મળીને ૬ ટકા જેટલી ફી ભરવી પડે છે. ગુજરાતમાં મહિલાઓના નામે પણ મિલકતો ખરીદાય, પારિવારિક મિલકતોના અધિકારોમાં તેમને પણ કાયદાકીય સ્થાન મળે અને સામાજિક બદલાવ થાય તેવા ઉદ્દેશ્યથી જૂન-૨૦૦૪થી મહિલાઓના નામે ખરીદાતી મિલકતોમાં ૧ ટકા નોંધણી ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે. જેનો છેલ્લાં સાત વર્ષમાં મોટાપાયે લાભ લેવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં વિતેલા એક વર્ષમાં કુલ ૯.૭૨ લાખ દસ્તાવેજોની નોંધણી થઈ હતી. જેમાંથી ૧.૮૨ લાખ દસ્તાવેજ માત્ર ૧.૯૫ લાખથી વધુ મહિલાઓના નામે થયા હતા. આ સાથે જ છેલ્લાં સાત વર્ષમાં કુલ ૪૭.૬૨ લાખ મિલકતોની લે-વેચના સોદાઓ સરકારી ચોપડે નોંધાયા છે. તેમાંથી ૯.૬૦ લાખ મિલકતોનો સંપૂર્ણ માલિકીહક ૧૦.૧૭ લાખ મહિલાઓને સોંપવામાં આવ્યો છે. સરકારની આ યોજનાને કારણે મહેસૂલ વિભાગે અત્યાર સુધી મહિલાઓના નામે નોંધાતા દસ્તાવેજોની ₹ ૨૮૩.૫૪ કરોડ ફીની રાહત આપી છે.

આ નિર્ણયથી મહિલાઓના કિસ્સામાં એવું જોવા મળ્યું છે કે કુટુંબના મોભીનું અકસ્માતમાં મૃત્યુ થાય અથવા અનિવાર્ય સંજોગોમાં છૂટા છેડાના પ્રશ્નો તેમજ મિલકત સંબંધી સમસ્યાઓમાં મહિલાઓના નામે સરકારના આ નિર્ણયથી ટ્રાન્સફર થતી મિલકતો તેમનું જીવન ધોરણ ટકાવી રાખવામાં ખૂબ જ ઉપયોગી બની છે. એટલું જ નહિં કોઈની પાસે આર્થિક મદદ માટે હાથ લંબાવ્યા સિવાય સમાજમાં ગૌરવભેર ઉભી રહી શકી છે.

અમદાવાદ, રાજકોટ, સુરત જેવા શહેરી વિસ્તારોમાં સૌથી વધુ મિલકતો ગૃહલક્ષ્મીના નામે નોંધણી થઈ છે. શહેરી વિસ્તારોમાં આ પ્રમાણ વધી રહ્યું છે. કારણ કે, શહેરોમાં આકાર લઈ રહેલી નવી સ્કીમો, રિયલ એસ્ટેટ ક્ષેત્રે નોંધાતા પ્રત્યેક ૧૦ દસ્તાવેજોમાંથી ઓછામાં ઓછા બેથી ૩ દસ્તાવેજો મહિલાઓના નામે થઈ રહ્યા છે.

**૭ વર્ષથી મહિલાઓના નામે દસ્તાવેજ નોંધણીનું વધતું પ્રમાણ**

| વર્ષ | કુલ દસ્તાવેજ | થયેલા દસ્તાવેજ | મહિલાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૩,૫૧,૬૪૫ | ૬૩,૪૭૦ | ૬૫,૮૯૬ |
| ૨૦૦૫-૦૬ | ૫,૨૫,૬૪૦ | ૧,૦૩,૫૬૩ | ૧,૦૬,૯૯૪ |
| ૨૦૦૬-૦૭ | ૬,૫૫,૭૯૮ | ૧,૩૫,૩૦૧ | ૧,૪૪,૧૪૭ |
| ૨૦૦૭-૦૮ | ૭,૯૪,૭૧૨ | ૧,૮૨,૭૫૩ | ૧,૯૩,૨૨૦ |
| ૨૦૦૮-૦૯ | ૬,૭૮,૫૩૦ | ૧,૪૦,૬૪૨ | ૧,૪૯,૨૮૦ |
| ૨૦૦૯-૧૦ | ૭,૮૩,૮૧૬ | ૧,૫૨,૮૩૭ | ૧,૬૨,૮૫૧ |
| ૨૦૧૦-૧૧ | ૯,૭૨,૩૩૭ | ૧,૮૨,૪૧૯ | ૧,૯૫,૫૫૨ |
| કુલ | ૪૭,૬૨,૪૭૮ | ૯,૬૦,૯૮૫ | ૧૦,૧૭,૯૪૦ |

*દાહોદ જેવા પછાત અને આદિવાસી જિલ્લામાં મહિલાઓના નામે મિલકતોના સોદાઓનું પ્રમાણ આશ્ચર્યજનક રીતે વધ્યું છે. સાથે જ પાટણ, જૂનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં પણ ખેતીની જમીનો માત્ર મહિલા ખેડૂતોના નામે ખરીદાઈ રહી છે.*



દાહોદમાં મહિલાઓના નામે મિલકતોના સોદાઓનું પ્રમાણ સૌથી વધુ છે અમદાવાદ, ગાંધીનગર, સુરત, રાજકોટ જેવા શહેરી વિસ્તાર ઉપરાંત ઔદ્યોગિક એવા કચ્છ જિલ્લામાં મહિલાઓના નામે મિલકતોની નોંધણીનું પ્રમાણ અન્ય શહેરી વિસ્તાર કરતાં સૌથી વધુ છે. પરંતુ, દાહોદ જેવા પછાત અને આદિવાસી જિલ્લામાં મહિલાઓના નામે મિલકતોના સોદાઓનું પ્રમાણ આશ્ચર્યજનક રીતે વધ્યું છે. સાથે જ પાટણ, જૂનાગઢ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં પણ ખેતીની જમીનો માત્ર મહિલા ખેડૂતોના નામે ખરીદાઈ રહી હોવાની વિગતો ઉપલબ્ધ થઈ છે.

અમદાવાદમાં ૧૪.૫૬ ટકા, અમરેલીમાં ૨૨.૧૪ ટકા, આણંદમાં ૨૩.૯૩ ટકા, બનાસકાંઠામાં ૨૦.૪૯, ભરૂચમાં ૧૬.૭૬ ટકા, ભાવનગરમાં ૨૨.૭૦ ટકા, ગાંધીનગરમાં ૧૩.૮૭ ટકા, જામનગરમાં ૧૯.૫૦ ટકા, જૂનાગઢમાં ૨૫.૬૦ ટકા, કચ્છ-ભૂજમાં ૨૩.૯૬ ટકા, મહેસાણામાં ૧૮.૯૩ ટકા, ખેડા-નડિયાદમાં ૧૮.૫૦ ટકા, નર્મદામાં ૧૭.૪૨ ટકા, નવસારીમાં ૧૯.૭૩ ટકા, પંચમહાલમાં ૨૪.૮૮ ટકા, દાહોદમાં ૩૧.૪૫ ટકા, પાટણમાં ૧૮.૭૮ ટકા, પોરબંદર ૨૪.૬૯ ટકા, રાજકોટમાં ૧૮.૧૦ ટકા, સાબરકાંઠામાં ૨૨.૦૬ ટકા, સુરતમાં ૧૫.૪૦ ટકા, સુરેન્દ્રનગરમા ૨૬.૪૫ ટકા, વડોદરામાં ૧૪.૧૨ ટકા, વલસાડમાં ૧૬.૫૫ ટકા જેટલી મહિલાઓના નામે મિલકતોની ખરીદી થઈ છે. ■

## શિક્ષિત માનવપૂંજીથી જ દેશના આર્થિક વિકાસમાં ગતિ આવશે : રાજ્યપાલશ્રી

શિક્ષણ વિકાસની બુનિયાદ છે અને શિક્ષિત માનવપૂંજીથી જ દેશનો આર્થિક વિકાસ ઝડપી બનશે અને તેમાં ગતિ આવશે. ભૂજમાં પંડિત શ્યામજી કૃષ્ણવર્મા ક્રાંતિગુરૂ યુનિવર્સિટીના દ્વિતીય સમારોહમાં વિદ્યાર્થીઓને પદવી ચન્દ્રક અર્પણ કરતાં ગુજરાતના રાજ્યપાલ ડૉ.કમલાજીએ જણાવ્યું હતું.

રાજયપાલ ડૉ.કમલાજીએ કચ્છ યુનિવર્સિટીના ૧૯ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરતાં જણાવ્યું હતું કે સફળતા સર્વોતમ છે, પરંતુ સફળતા પ્રાપ્ત કરવા મૂલ્યો સાથે કયારેય સમજૂતી નહી કરવી જોઈએ. શિક્ષિત હોવું એ જ મોટી મૂડી છે. યુનિ. તરફથી પ્રાપ્ત ''ઉપાધિએ માત્ર ડિગ્રી નથી, પણ સફળતા પ્રાપ્ત કરવાની શકિત મળે છે.



રાજયના શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ યુનિવર્સિટીના પ્રાંગણમાં યોજાયેલા દબદબાભર્યા સમારંભમાં જણાવ્યું હતું કે રાજય સરકાર કચ્છ યુનિ.નું નામ વિશ્વ કક્ષાએ ગાજતું થતું હોય તો યુનિ.ને માંગશે તેટલી આર્થિક સહાય અપાશે. હવે ધો. ૧૨ પછી કોલેજ માટે ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વધારવા સહિયારો પુરૂષાર્થ કરવાની જરૂર છે. કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. શશીરંજન યાદવે યુનિવર્સિટીના વિકાસની વિગતો આપતા કહયું કે, યુનિવર્સિટી હવે વૈશ્વિક સ્તરે હરિફાઇ કરી શકે તે રીતે ડિજીટલ બની છે. યુનિવર્સિટીની સ્થાપના બાદ જિલ્લામાં ૪૨ કોલેજ તથા ૧૮૦૦૦ વિદ્યાર્થીઓ છે. આ પ્રસંગે કચ્છના સાંસદ પૂનમબેન જાટ, ધારાસભ્યો સર્વશ્રી જયંતીભાઇ ભાનુશાળી, ડૉ. વિમાબેન આચાર્ય, રમેશભાઇ મહેશ્વરી, બાબુભાઇ મેધજી શાહ, ભૂજના મેયર શ્રી શંકરભાઇ ઠક્કર, જિલ્લા કલેકટર શ્રી એમ.થેન્નારસન, સિન્ડિકેટના સભ્યો, વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેસરો ઉપસ્થિત રહયા હતા. ■

# "પરસ્પર સહયોગથી નવીનીકરણ"

કૃષિ ક્ષેત્રે અવનવી શોધોથી ખેતીને વધુ સમૃધ્ધ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અને નીતિઓની જાહેરાત કરવામાં આવી છે. જેના કારણે ખેડૂત પરંપરાગત ખેતી છોડીને આધુનિક ખેતી તરફ વળતો જાય છે. રાજ્ય સરકાર ઉપરાંત ખાનગી સંસ્થાઓ દ્વારા પણ ખેતીને પ્રોત્સાહન પૂરુ પાડવાના પ્રયાસો થઇ રહ્યા છે. જેના ભાગરૂપે કૃષિ ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર ખેડૂતને આત્મા પ્રોજેક્ટ અન્વયે એવોર્ડ આપવામાં આવે છે. રાજય સ્તરીય આ "બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ" વર્ષ ૨૦૦૯ - ૧૦માં જૂના બોર ભાઠા (તા. અંકલેશ્વર)ના શ્રી ભરતભાઈ છીતુભાઈ પટેલને, વર્ષ ૨૦૦૮ - ૦૯માં આ જ એવોર્ડ આંકલાવના શ્રી ઉદયસિંહ ભગુભાઈ પટેલને તેમજ વર્ષ ૨૦૦૭ - ૦૮ માં એવોર્ડ જૂના છાપરાના શ્રી હર્નિસભાઈ ઝવેરભાઈ પટેલને મળ્યો હતો. શ્રી હર્નિસભાઈના જણાવ્યા મુજબ સતત ત્રણ વર્ષ આ એવોર્ડ ભરૂચ જિલ્લાના ખેડૂતોને મળ્યા તેનો યશ કંઈક અંશે ભરૂચ જિલ્લામાં નાબાર્ડ દ્વારા પ્રયોજીત 'ફાર્મર્સ ક્લબ'ની પ્રવૃતિ ના ફાળે જાય છે.

*શરૂઆત બિયારણની ખરીદીથી કરી. જે સભ્યોને સારા બિયારણનો પોતાનો અનુભવ હોય તે જણાવે અને તે રીતે પારસ્પરિક પરામર્શથી કોઈપણ એક સારી અને અનુકૂળ જાત નક્કી કરી દરેક સભ્યની બિયારણની જરૂરીયાત એકત્ર કરી સંયુકત ખરીદી કરવાનું ચાલુ કર્યું.*



શ્રી હર્નિસભાઈ પોતે આવી એક 'ક્રિએટીવ ફાર્મર્સ ક્લબ'ના અધ્યક્ષ છે. જેના સભ્યો જરૂરી ખેત સાધન-સામગ્રીની સામૂહિક ખરીદી, ખેતીમાં વૈજ્ઞાનિક ઢબ અપનાવવા સાથે પ્રાથમિક પ્રસંસ્કરણ કરી ખેત ઉપજની મૂલ્ય વૃધ્ધિ અને સચોટ વેચાણ વ્યવસ્થા ઊભી કરી ઉંચું વળતર મેળવીને પરસ્પર લાભાન્વિત થયા અને ટૂંકા સમયગાળામાં આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી છે.

કોઈપણ સફળતામાં જરૂરી હોય છે તેમ ભરૂચ જિલ્લામાં 'ફાર્મર્સ ક્લબો'ની સફળ શરૂઆત વર્ષ ૨૦૦૩ - ૦૪ માં થઇ. ખેડૂતોનું સ્વમાન જાગૃત કરી પોતાની ખેતી પરત્વે ગર્વ



અનુભવ કરાવવાની તેમની કળા તેમજ ખેતીને લાભદાયક બનાવવા માટે જરૂરી 'આર્થિકક્ષમ પ્રમાણમાપ' પ્રદાન કરવાની સૂઝ સાથે નેતૃત્વ પૂરુ પાડવાના સતત પ્રયાસો એ આ પરિણામ પ્રદાન કર્યુ છે.

અંકલેશ્વર તાલુકાના જૂના છાપરા ગામ ખાતે શ્રી હર્નિસભાઈ પટેલ અને તેમના



મિત્રો શ્રી પ્રફુલભાઈ, શ્રી પ્રકાશભાઈ, શ્રી દિવ્યેશભાઈ અને શ્રી પ્રતિકભાઈ વગેરે એ કૃષિ ક્ષેત્રે પરસ્પર સહયોગ સાધવાની પ્રવૃતિ સને ૨૦૦૦ ના વર્ષથી શરૂ કરી હતી.

શરૂઆત બિયારણની ખરીદીથી કરી. જે સભ્યોને સારા બિયારણનો પોતાનો અનુભવ હોય તે જણાવે અને તે રીતે પારસ્પરિક પરામર્શથી કોઈપણ એક સારી અને અનુકૂળ જાત નક્કી કરી દરેક સભ્યની બિયારણની જરૂરીયાત એકત્ર કરી સંયુકત ખરીદી કરવાનું ચાલુ કર્યું. આમ કરવાથી, સારી જાતનું અને સસ્તું બિયારણ સૌને મળતું થયું. તે જ રીતે દવા, ખાતર તથા અન્ય સાધન-સામગ્રીની ઉચ્ચ ગુણવત્તાની પુરેપુરી ખાતરી કરીને સંયુકત ખરીદી કરવાથી ખૂબ જ લાભ મળતા રહ્યાં.

સામુહિક ખરીદીના પ્રયોગ બાદ હવે પછી શું ? તેનો સતત વિચાર / પરામર્શ કલબના સભ્યો દ્વારા કરી પ્રતિ એકમ વિસ્તારમાં મૂલ્યવાન અને વધુ ઉપજ કેમ મેળવવી તેવા પ્રયાસ કરવાનું નક્કી થયુ. લાંબા મંથન પછી નક્કી થતા પાક જેવા કે પપૈયા, ભીંડા, તરબુચ જેવા પાકોના એક એકર વિસ્તાર માટેની બિયારણ, જરૂરી દવા, પાવડર, સૂક્ષ્મ તત્વો વગેરે સામગ્રી તથા તેની માવજતોની વિગત ધરાવતા સાહિત્ય સાથેની કીટ તૈયાર કરી સભ્યોને વહેચવામાં આવતી. આ રીતે, દરેક સભ્યો દ્વારા વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાનું સને ૨૦૦૭-૦૮ થી શરૂ કર્યું. આમ કરવાથી સારી ગુણવત્તાની તથા સ્ટાન્ડર્ડ કંપનીની ખેત સાધન-સામગ્રી મળવા સાથે પ્રતિ એકર ₹ ૫૦૦ થી ૬૦૦ નો ફાયદો થયો.



જથ્થામાં થતા ઉત્પાદનના વેચાણ માટે પહેલા આસપાસની 'એ.પી.એમ.સી.' તથા મુંબઈ, સુરત, અમદાવાદ, દિલ્હી, લુધિયાણા વગેરે શહેરોના બજારોમાં જે પાક અને જાતની વધુ માંગ રહેતી હતી તેની જાત તપાસ



કરી યાદી તૈયાર કરી. દરેક સભ્યશ્રી પરસ્પર ચર્ચાથી વાકેફ થઈ વધુ માંગ અને વધુ વળતર આપતા પાકોની સામુહિક ખેતી કરવાની સમજૂતી કરી. એટલું જ નહીં પણ, વાવેતર કર્યા પછી જે તે પાકની માંગ અને ભાવ અંગે સર્વે કરવા ત્રણ-ત્રણ સભ્યોની ટુકડીઓએ જુદા-જુદા શહેરોની રૂબરૂ મુલાકાત કરી અગ્રણી વેપારીઓની યાદી પણ તૈયાર કરી. વેચાણ વ્યૂહરચનાના ભાગ રૂપે નક્કી કરેલા સભ્યશ્રીઓ રોજે રોજ ફોનથી સંપર્ક કરી વધુ ભાવ આપતા સ્થળની જાણ કરે તે સારૂ એક ટીમની રચના પણ કરી. આમ, જયાં વધુ ભાવ મળે તેવું હોય ત્યાં વેચાણ કરવાનું ચાલુ કર્યું.

***દરેક સભ્યો દ્વારા વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાનું સને ૨૦૦૭-૦૮ થી શરૂ કર્યું. આમ કરવાથી સારી ગુણવત્તાની તથા સ્ટાન્ડર્ડ કંપનીની ખેત સાધન-સામગ્રી મળવા સાથે પ્રતિ એકર ₹ ૫૦૦ થી ૬૦૦ નો ફાયદો થયો.***

પછીથી રોજે રોજ ટેલીફોનથી ભાવોની તપાસ કરી ઓર્ડર લેવાનું અને તેટલો માલ જુદી જુદી કલબો પાસેથી ભેગો કરીને મોકલવાનું ચાલુ કર્યું. આમાં મુખ્ય બાબત એ હતી કે, રોકાણ અને વેચાણ વ્યવસ્થાપન સૌ ભેગા મળીને કરતા તેથી ઘણું વધુ વળતર મળતું થયું. ફળસ્વરૂપે જિલ્લાના કરજણ, વાલીયા, હાંસોટ, ભરૂચ વગેરે તાલુકાઓની જુદી જુદી 'ફાર્મર્સ કલબો' દ્વારા પપૈયાનું ગૃપ માર્કેટ કરીને વર્ષ ૨૦૦૯ - ૧૦ માં ₹ ૨.૧૬ કરોડનું ટન ઓવર કર્યું.

શ્રી હર્નિસભાઈના જણાવ્યા મુજબ તેઓ વ્યકિતગત રીતે ૬ થી ૭ ટન પ્રતિ એકર વિશાળ જાતના તરબુચ અને તાઈવાન પપૈયાનું ઉત્પાદન કરતા અને તે ૧૦ કિલોના પેકીંગમાં ટ્રકમાં ભરીને જાતે વેચવા જતા. આ ઉપરાંત પીળા અને લાલ કલરના 'ચેરી ટામેટા' અને 'કેપ્સીકમ' મરચાંનું પણ ઉત્પાદન લીધું હતું. હાલમાં તેઓ ટેલીફોન પધ્ધતિથી શાકભાજી કરી સારૂ ઉત્પાદન મેળવે છે. હવે એક એકરનું પોલી હાઉસ પણ કર્યું છે. જેમાં 'કેપ્સીકમ' જાતના મરચાંનું છેલ્લા બે વર્ષ થી ઘણું સારૂ ઉત્પાદન મેળવે છે. ચાલુ વર્ષે પોલી હાઉસમાં ફૂલોની ખેતી કરવા અંગે આયોજન કરી રહ્યા છે. ■

## સોલા મેડિકલ કોલેજના પ્રથમ સત્રનો પ્રારંભ

# મેડિકલ અને પેરામેડિકલ ક્ષેત્રે ગુજરાત હબ બનશે

ગુજરાતે છેલ્લાં સાત વર્ષમાં મેડિકલ ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ કરી છે. મેડિકલ પેરામેડિકલ હોસ્પિટલો અને મેડિકલ કોલેજોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જેનો ફાયદો લાખો વિદ્યાર્થીઓને થઈ રહ્યો છે. તેથી હવે અન્ય રાજયોમાં અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. રાજયના મધ્યમવર્ગીય પરિશ્રમી પરિવારના ઉચ્ચ ટકાવારીવાળા વિદ્યાર્થીઓ રાજયમાં જ તબીબી શિક્ષણ મેળવી શકે તે માટે ગુજરાત રાજય મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા આ વર્ષે ત્રણ નવી મેડિકલ કોલેજનો ૪૫૦ બેઠકો સાથે પ્રારંભ કરવામાં આવશે. તે પૈકી સોલા મેડિકલ કોલેજનો પ્રારંભ થયો છે.




સોલાના પ્રથમ સત્રના પ્રથમ બેચના વિદ્યાર્થીઓના આવકારતાં આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણભાઈ વ્યાસે વિદ્યાર્થીઓને આ ઐતિહાસિક દિનની યાદગાર ભૂમિકાના કારણો રજૂ કરતા જણાવ્યું હતું કે, રાજય બહાર એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરવા જતા રાજયના વિદ્યાર્થીઓ આર્થિક, માનસિક અને શારીરિક યાતનાઓ વેઠે છે. તેમાંથી મુક્તિ મેળવી સ્વસ્થ શિક્ષણ મેળવી શકશે. રાજય સરકારે તબીબી શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓના હિતની ચિંતા કરી રાજયમાં તબીબી શિક્ષણની એક હજાર જેટલી બેઠકો વધારી છે.

*અમદાવાદ અને વડોદરામાં મેડિકલ કોલેજમાં પ્રવેશ પામતા વિદ્યાર્થીઓ ઇતિહાસમાં નોંધનીય બનશે કારણ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અને આરોગ્ય વિભાગની સમગ્ર ટીમે રાજયની આરોગ્ય સેવા અને સુવિધાનો વિકાસ આરંભ્યો છે.*

છેલ્લા દોઢ વર્ષથી આરોગ્ય વિભાગના સઘન અને યોગ્ય પગલાથી ગુજરાત મેડિકલ ક્ષેત્ર અન્ય પર નિર્ભર ના રહે તે માટે વિભાગમાં આધુનિક ટેક્નૉલૉજી, સુવિધા તેમજ સેવાકીય માળખાની ઉત્તમ સેવા આપવાની દિશામાં જઈ રહ્યું છે. જેથી મેડિકલ અને પેરામેડિકલ ક્ષેત્રે ગુજરાત હબ બનશે. આ પ્રસંગે મંત્રીશ્રીએ પ્રવેશસત્રના વિદ્યાર્થીઓને જવાબદારી સ્વીકારી નિયતિને પડકારી ભવિષ્યના ઉત્તમ તબીબ બનવા જણાવ્યું હતું. ધનોપાર્જન નહિ પણ દર્દીના ઈશ્વર પણ સાબિત થવા જણાવ્યું હતું.

અમદાવાદ અને વડોદરામાં મેડિકલ કોલેજમાં પ્રવેશ પામતા વિદ્યાર્થીઓ ઈતિહાસમાં નોંધનીય બનશે કારણ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અને આરોગ્ય વિભાગની સમગ્ર ટીમે રાજયની આરોગ્ય સેવા અને સુવિધાનો વિકાસ આરંભ્યો છે. તેમાં સૌ સાક્ષી છીએ એમ આ પ્રસંગે મુખ્ય અતિથિપદેથી રાજયકક્ષાના આરોગ્ય મંત્રી શ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું. તેમણે ચાલુ વર્ષે ૪૫૦ બેઠકથી પ્રવેશ પ્રક્રિયા અટકતી નથી પણ ભવિષ્યમાં આશરે ૩૦૦૦ બેઠક સંખ્યાનો લાભ વિદ્યાર્થીઓ લઈ શકશે તેમ જણાવ્યું હતું.

આરોગ્ય વિભાગના અગ્રસચિવ શ્રી રાજેશ કિશોરે રાજયમાં જે રીતે આરોગ્ય ક્ષેત્રે હોસ્પિટલો અને મેડિકલ શિક્ષણમાં ટેક્નૉલૉજી, પ્રાથમિક માળખાકીય સુવિધા અને સવલતોમાં વિકાસ થઈ રહ્યો છે તે જોતા ગુજરાતની આરોગ્ય ક્ષેત્રે પ્રશંસા થશે એમ જણાવ્યું હતું.

સિવિલ હોસ્પિટલ સોલાના સુપ્રિ. શ્રી એચ.કે ભાવસારે આભારવિધિ કરતા જણાવ્યું હતું કે, પ્રથમ બેચ પૂર્ણ થતા સુધી પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસનો કોર્સ શરૂ કરવાના પ્રયત્નો ચાલુ છે. કોલેજમાં ૧૫૦ બેઠકમાંથી ૨૭ બેઠકો એન.આર.આઈ. માટે રાખવામાં આવી છે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિકારી સર્વ શ્રી પી.ડી.વિઠ્ઠલાણી, સી.એમ.ગોહિલ, ડૉ.આર.દિક્ષિત, કોલેજ ડીન ડૉ.યુ.બી. શાહ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદના સુપ્રિ. એમ.એમ.પ્રભાકર તેમજ કોલેજના પ્રાધ્યાપકો, તબીબો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# પ્રજ્ઞાચક્ષુઓ માટે બ્રેઇલ લિપિમાં પુસ્તકો તૈયાર કરાયા



પ્રજ્ઞાચક્ષુઓ પુસ્તકોની દુનિયામાં ડોકિયું કરી શકે, ઈતર વાંચન વધુ ઉપલબ્ધ બની શકે તે માટેનો પ્રયાસ ''વાંચે ગુજરાત'' અન્વયે કરવામાં આવ્યો છે. 'વાંચે ગુજરાત' અભિયાનના નવતર અભિગમરૂપે રાજયભરના પ્રજ્ઞાચક્ષુઓ માટે વિવિધ બાળવાર્તાઓ, મહાપુરૂષોના જીવનચરિત્રને લગતા ૬૧ પુસ્તકો બ્રેઇલ લિપિમાં તૈયાર કરી અંધજન મંડળ, વસ્ત્રાપુર ખાતે ૯૨ જેટલી અંધજન સંસ્થાઓને લોકાર્પિત કરાયા હતા. પ્રજ્ઞાચક્ષુઓની પ્રતિભાને પુસ્તકોની દુનિયાથી માહિતગાર કરવા તેમજ તેમનું ઈતર વાંચન વધે એ આશયથી રાજય સરકારે આ પુસ્તકો તૈયાર કરાવ્યા છે. મંત્રી શ્રી રમણલાલ વોરાએ પુસ્તકો લોકાર્પિત કરતાં જણાવ્યું હતું કે, પ્રજ્ઞાચક્ષુઓ માટે શ્રેષ્ઠ વાચક સ્પર્ધા યોજી તેમની પ્રતિભાને વિકસાવવાની તક પૂરી પાડી છે. રાજય સરકારની વિવિધ યોજનાઓની સંક્ષિપ્ત માહિતી આપતા મંત્રીશ્રીએ આ પ્રસંગે જાહેરાત કરી હતી કે રાજય સરકાર દ્વારા પ્રકાશિત થતુ ''બાળસૃષ્ટિ'' સામાયિક હવે પ્રજ્ઞાચક્ષુ વાંચકો માટે દર ત્રણ માસે બ્રેઇન લિપિમાં પ્રગટ કરાશે.

આ પ્રસંગે શિક્ષણ રાજય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, સરકારની સાથે સાથે સમાજે પણ પ્રજ્ઞાચક્ષુઓના વિકાસમાં પોતાનો ફાળો આપવો પડશે. દેશ અને દુનિયામાં ગુજરાતના તમામ વર્ગ વિસ્તાર અને વિભાગોના વિકાસની નોંધ લેવામાં આવે છે. ત્યારે પ્રજ્ઞાચક્ષુઓ માટેની આ પુસ્તક શ્રેણીનો અભિગમ તેમના સન્માનનો છે. વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત ગુજરાતની વાંચન ભૂખ ખુલી છે એમ જણાવી પ્રજ્ઞાચક્ષુઓને બિરદાવ્યા હતા. ''વાંચે ગુજરાત'' અભિયાનના માનદ્‌મંત્રી શ્રી મહાદેવભાઈએ કહ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીએ ''વાંચે ગુજરાત''માં ખાસ પ્રજ્ઞાચક્ષુઓ માટે આ પુસ્તકો તૈયાર કરાવ્યા છે. આ પુસ્તક વાંચન અંધજનો માટે નિરંતર પ્રક્રિયા બનશે.અંધજન મંડળના ડૉ. પુનાનીએ સ્વાગત પ્રવચનમાં રાજયમાં પ્રજ્ઞાચક્ષુઓના હિતચિંતન માટે સૌનું ઋણ સ્વીકારી પ્રજ્ઞાચક્ષુઓની ''સ્વર્ણિમ ગુજરાત'' કાર્યક્રમમાં રજૂ થયેલી પ્રતિભાઓ વિશે માહિતી આપી હતી.ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળના શૈલેષભાઇ ઉપાધ્યાયે આ પ્રસંગે તમામ ૬૧ પુસ્તકો માટે લેખકો અને પ્રકાશકોએ આપેલી સેવાને બિરદાવી હતી.

આ પ્રસંગે ૬૧ પુસ્તકોનું ગ્રંથાલય મંચસ્થ મહાનુભાવોએ લોકાર્પિત કર્યું હતું. સરકાર દ્વારા વિનામૂલ્યે પ્રજ્ઞાચક્ષુઓની શાળાઓમાં પણ આ પુસ્તકો આપવામાં આવશે. જેથી દરેક વયજૂથના વિદ્યાર્થીઓને વાંચનરસ મળે.

આ પ્રસંગે શેઠ સી.એન.કોલેજ ઓફ ફાઇન આર્ટસના મૂકબધિર વિદ્યાર્થીઓ વત્સર અને વિધિના પેઇન્ટીંગ અને ફોટોગ્રાફીના પ્રદર્શનનું નિરીક્ષણ મંત્રીશ્રીઓએ





કર્યું હતું. રાજયના આ નવતર અભિગમને નવાજવાના આ પ્રસંગે અમદાવાદ મહાનગર પાલિકાના પદાધિકારી, શિક્ષણ વિભાગના અધિકારીઓ તેમજ સમાજના નાગરિક અગ્રગણ્ય સમાજસેવીઓ તેમજ અંધજન સંસ્થાઓના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ■

# વડોદરાના ત્રણ કિશોરોને રાષ્ટ્રીય બાલશ્રી પુરસ્કારો

દ્વિજ ગાંધર્વ, દર્શિલ શાસ્ત્રી અને કરણ કાનાણીની અનુક્રમે તબલાં, લેખન અને ગાયકીમાં અપૂર્વ કુશળતાએ ગુજરાતને સન ૨૦૧૦ના વર્ષના ત્રણ રાષ્ટ્રીય બાલશ્રી પુરસ્કારો અપાવ્યાં છે. સાનંદ આશ્ચર્ય થાય તેવી ખાસ વાત એ છે કે વડોદરાના આ ત્રણેય સિદ્ધિવંતા બાળકિશોરો વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ છે. તેમણે પુરવાર કર્યું છે કે વિજ્ઞાન અને કલાનો વિકાસલક્ષી સમન્વય શક્ય છે. કલા વિજ્ઞાન માટે અને વિજ્ઞાન કલા માટે પૂરક બની શકે છે. તાજેતરમાં નવીદિલ્હી ખાતે માનવ સંસાધન વિકાસ રાજ્ય મંત્રી ડૉ.ડી. પુરંદેશ્વરીએ સમગ્ર દેશમાંથી પસંદ થયેલ ૯૫ કલાશક્તિ સંપન્ન બાળ કિશોરોની સાથે વડોદરાના આ ત્રણ કલારત્નોને સન્માન્યા હતાં. આ સિદ્ધિ અંગે આનંદની લાગણી વ્યક્ત કરતાં બાલભવનના નિયામક શ્વેતા વ્યાસે જણાવ્યું હતું કે સન ૨૦૧૦ માટે ગુજરાતને ૭ બાલશ્રી પુરસ્કારો મળ્યાં છે જે પૈકી ૦૩ વડોદરાને ફાળે ગયાં છે. અત્યાર સધીમાં બાલભવનના માધ્યમથી શહેરના ૧૮ બાળકો બાલશ્રી તરીકે પસંદ થયાં છે. વાસ્તવમાં, સર્જનાત્મક શક્તિ ધરાવતા બાળકોને પ્રોત્સાહિત કરવા માટેના બાલશ્રી પુરસ્કારોની રૂપરેખા ઘડવામાં વડોદરાના બાલભવનની બાળવિકાસ પ્રવૃત્તિઓનો આધાર માનવ સંસાધન મંત્રાલય દ્વારા લેવામાં આવ્યો છે. સન ૨૦૧૧ના બાલશ્રી પુરસ્કારો માટે ઝોનલ પસંદગી સ્પર્ધા પણ બાલભવનમાં જ યોજવાની છે.



સિદ્ધિવાન બાલશ્રીઓ પૈકી દ્વિજ હિમાંશુ ગાંધર્વ ઉંમરના આઠમા વર્ષથી તબલાંનો અભ્યાસ કરે છે અને તેનું પ્રાથમિક શિક્ષણ માણભટ્ટ પરંપરાના વારસ ધાર્મિકલાલ પંડયા પાસેથી મળ્યું છે. હાલમાં મ્યુઝીક કોલેજના પ્રા. પુષ્કરશ્રીધરના આ શિષ્યે બાલશ્રી પુરસ્કાર વિજેતા તબલા વાદક બનાવવાનું તેમનું સ્વપ્ન સાકાર કર્યું છે. તેણે છેલ્લા ૪૫ વર્ષથી મુંબઈમાં યોજાતી ઓલ ઈન્ડિયા તબલાં કોમ્પીટીશનમાં સન ૨૦૦૯માં વિજેતાપદ મેળવ્યું હતું. ઝેનીથ હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહના અગિયારમા ધોરણમાં ભણતા દ્વિજના પિતા હિમાંશુ ગાંધર્વ વિસરાતા જતા હવેલી સંગીતના વારસાને આગળ ધપાવવા અને જીવંત રાખવાનું કામ કરે છે. કલ્યાણરાયજી મંદિર અને પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજના સેવક હિમાંશુભાઈ કહે છે કે સંગીત અમારો વંશ પરંપરાગત વારસો છે.

ભારતીય શાસ્ત્રીય કંઠ્ય સંગીત (કલાસીકલ વોકલ) માટે બાલશ્રી મેળવનારા કરણના વોકલના ગુરુ ઓધવજી જસાણી અને રાજેશ કેળકર છે જ્યારે, વેસ્ટર્ન કીબોર્ડની તાલીમ રાજકોટના કાંતીભાઈ સોનછત્રા પાસેથી તેને મળી રહી છે. ગાયકીની સાથે સંગીત સંપાદન પણ તેનો રસનો વિષય છે. વિજ્ઞાન પ્રવાહના બારમા ધોરણનો, શબરી વિદ્યાલયનો આ વિદ્યાર્થી મ્યુઝીક ડાયરેક્ટર સંગીત નિર્દેશક બનવાની ખ્વાહિશ ધરાવે છે.

સર્જનાત્મક લેખન માટે બાલશ્રીથી વિભૂતિ દર્શિલ બાળકવિ છે. વાંચનના શોખે તેના લેખનને ખીલવ્યું છે. સર્જનાત્મક લેખન માટે બાળ સર્જકની પસંદગી, ગદ્ય-પદ્ય ગમે તે ક્ષેત્રમાં, ગમે તે વિષય પર તત્કાળ લેખનની કપરી કસોટી દ્વારા કરવામાં આવે છે. દર્શિલે કલમની કપરી કસોટીમાં કૌવત બતાવીને બાલશ્રી પુરસ્કાર જીતી લીધો છે.

વડોદરા - ગુજરાતને સર્જનાત્મક કળાના ક્ષેત્રમાં અગાઉ સંખ્યાબંધ બાલશ્રી એવોર્ડસ મળ્યાં છે. પરંતુ તબલાં અને વોકલના પરફોર્મિંગ આર્ટસના ક્ષેત્રમાં પ્રથમવાર બાલશ્રી એવોર્ડ રાજ્યને શહેરને મળ્યાં છે જેની પણ નોંધ લેવી જ પડે. ■

## ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરી - આઇ.એસ.ઓ. ૯૦૦૧

કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગાંધીનગરની મુખ્ય કચેરીને ક્વૉલિટી મેનેજમેન્ટ સીસ્ટમ (Q.M.S.) I.S.O. ૯૦૦૧ : ૨૦૦૮ ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડસ ઓર્ગેનાઇઝેશન પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. દેશમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રને I.S.O. ૯૦૦૧ : ૨૦૦૮ ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડસ ઓર્ગેનાઇઝેશનનું પ્રમાણપત્ર મળ્યું હોય તેવો આ પ્રથમ બનાવ છે. ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, ૧લો માળ, ગાંધીનગર ખાતે કાર્યરત આ કચેરીને ચોથા ક્રમે (Q.M.S.) I.S.O. ૯૦૦૧ : ૨૦૦૮ ક્વૉલીટી મેનેજમેન્ટ સીસ્ટમ પ્રાપ્ત કરનાર રાજ્ય સરકારની કચેરીને રાજ્ય સરકારના પ્રભાગને આવું પ્રમાણપત્ર પ્રાપ્ત થાય તે આ કચેરી અને રાજ્ય સરકાર માટે ગૌરવપ્રદ ઘટના છે. ■

## કર્મચારીઓની કલ્યાણ પ્રવૃત્તિ હાથ ધરાશે

જિલ્લા-તાલુકા મથકે કર્મચારીઓની કલ્યાણ પ્રવૃત્તિઓ હાથ ધરવાનો સ્તુત્ય નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે આ માટે જરૂરી ગ્રાન્ટ ફાળવણીના આદેશો પણ કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર ખાતે સચિવાલય કક્ષાએ કર્મચારીઓ માટે વિવિધ કલ્યાણ પ્રવૃત્તિઓના અસરકારક તંત્ર તરીકે સચિવાલય કલ્યાણ સમિતિ કાર્યરત છે. સચિવાલય કક્ષાએ હાથ ધરવામાં આવતી કલ્યાણ પ્રવૃત્તિઓના ધોરણે જિલ્લા અને તાલુકા કક્ષાની કલ્યાણ પ્રવૃત્તિઓ અસરકારક રીતે હાથ ધરી શકાય તે માટે દરેક જિલ્લાને વાર્ષિક ₹ ૫૦ હજારની ગ્રાન્ટ ફાળવવા રાજ્ય સરકારે વહીવટી મંજૂરી આપી છે. જે અંતર્ગત કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. જિલ્લા અને તાલુકા કલ્યાણ સમિતિઓ દ્વારા રાજ્ય સેવા અને પંચાયત સેવાના કર્મચારીઓ માટે જુદી જુદી કલ્યાણ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે. જેમાં આંતર જિલ્લા-તાલુકા રમત સ્પર્ધા તેમજ રાજ્ય કક્ષાની સ્પર્ધાનું આયોજન, કામકાજના કલાકો સિવાયના સમયમાં કર્મચારીઓને સાધનો પૂરાં પાડી રમત-ગમત માટે પ્રોત્સાહિત કરવા, ધોરણ-૧૦ અને ૧૨માં ઉત્તીર્ણ થનારા કર્મચારીઓના તેજસ્વી બાળકોનું સન્માન, કર્મચારી અને તેમના પરિવારજનો માટે સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમો તેમજ મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓ ઉપરાંત રકતદાન શિબિર, સ્વાસ્થ્ય વિષયક કાર્યક્રમો-સેમિનારનું આયોજન કરવામાં આવશે. ■

## ‘‘વિધવા સહાય યોજના’’ની મુદત વધારાઇ

રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટેની વિવિધ કલ્યાણલક્ષી કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ ૧૮ થી ૪૦ વર્ષની વિધવા મહિલાઓને સ્વરોજગારલક્ષી તાલીમ દ્વારા પુનઃસ્થાપિત કરી શકાય તે માટે વિધવા સહાયની યોજનાના નિયમોમાં ખાસ છૂટછાટ મૂકીને તે મુદત વધારીને તા. ૩૧-૭-૨૦૧૩ સુધી લંબાવવામાં આવી છે તેમજ મંજૂર થતી અરજીઓ ઉપર અરજદારે કરેલી. અરજીની તારીખથી જ સહાય મળવાપાત્ર થશે તેમ મહિલા અને બાળવિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે. ■

## ઉપાડેલા જથ્થા ઉપર જ પાણી દર આકારવાનો રહેશે

જળસંપત્તિ વિભાગના નિયંત્રણ હસ્તકની રાજ્યની બહુલક્ષી મોટી, મધ્યમ તથા નાની સિંચાઇ યોજનાઓ પરથી ખેતી અને બિનખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીની શરતો પૈકી શરત-૧૫ની જોગવાઇઓને રાજ્ય સરકારે રદ કરી છે. ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીકલ કોર્પોરેશન લિમિટેડ સંબંધિત શરત-૧૫ રદ કરાતાં હવે પછીને Net of Useનો લાભ કોઇપણ સંસ્થાને આપવાનો રહેશે નહીં. ઉપાડેલાં પાણીના જથ્થા ઉપર જ દર આકારવાના રહેશે તેમ ઉપસચિવ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવથી જણાવાયું છે. ■

## જૂનાગઢ જિલ્લામાં છ પ્રાંત કચેરીઓ કાર્યરત થશે

રાજ્ય સરકારે ‘‘આપણો તાલુકો, વાયબ્રન્ટ તાલુકો’’ અંતર્ગત રાજ્યમાં નવી ૫૭ પ્રાંત કચેરીઓ કાર્યરત કરવાનું નક્કી કર્યું છે. જૂનાગઢ જિલ્લામાં છ પ્રાંત કચેરીઓ કાર્યરત થશે. જેમાં જૂનાગઢ પ્રાંતમાં જૂનાગઢ, વંથલી અને માણાવદર તાલુકાનો સમાવેશ થાય છે. વેરાવળ પ્રાંતમાં વેરાવળ, તાલાળા અને સુત્રાપાડા તાલુકા, કેશોદ પ્રાંતમાં કેશોદ અને માંગરોળ, ઉના પ્રાંતમાં ઉના અને કોડીનાર, મેંદરડા પ્રાંતમાં મેંદરડા અને માળીયા હાટીના તાલુકા તેમજ વિસાવદર પ્રાંતમાં વિસાવદર અને ભેંસાણ તાલુકાનો સમાવેશ કરવામાં આવશે. ■

## કૃષિ શ્રમિકોના લઘુત્તમ વેતનમાં વધારો

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કૃષિ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છૂટક-રોજમદાર શ્રમયોગીઓને હાલમાં મળતા લઘુત્તમ વેતનદરમાં વધારો કરીને પ્રતિદિન ₹ ૧૨૦નું લઘુત્તમ વેતન દર મળવાપાત્ર થાય તેવો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના પ્રવકતા આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણભાઇ વ્યાસ તથા ઊર્જા રાજ્ય મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતુ કે, આ નિર્ણયને પરિણામે હવેથી કૃષિ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા પ્રત્યેક રોજમદાર શ્રમયોગીને પ્રતિદિન ₹ ૧૨૦નું લઘુત્તમ વેતન મળશે. અગાઉ આ વેતન પ્રતિદિન ₹ ૧૦૦ પ્રમાણે ચૂકવવામાં આવતું હતું. પ્રવકતા મંત્રીશ્રીઓએ જણાવ્યું હતું કે, ભારત સરકારે દરેક રાજયોમાં સમાન લઘુત્તમ વેતન માળખા માટે કૃષિ પ્રવૃત્તિ કરતા રોજમદાર શ્રમયોગીઓને તા.૧ લી એપ્રિલ - ૨૦૧૧ થી પ્રતિદિન ₹ ૧૧૫ લઘુત્તમ વેતન ચૂકવવાની ભલામણ કરી હતી પરંતુ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના શ્રમ યોગીઓના વ્યાપક હિતમાં આ લઘુત્તમ વેતન ₹ ૧૨૦ પ્રતિદિન કરવાનો કલ્યાણલક્ષી નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણય અનુસાર કૃષિ ક્ષેત્રના ૮૬.૧૨ લાખ અસંગઠિત શ્રમિકોને ₹ ૧૭.૨૨ કરોડનો વેતન વધારાનો લાભ મળશે. ■

# “આતંકવાદ અને પ્રકૃતિ સમસ્યાઓનો ઉકેલ આપણા વેદમાં છે”

આજે દુનિયા મુખ્યત્ત્વે બે વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. જેમાં એક આંતકવાદ અને પ્રકૃતિ પ્રકોપ છે. આ બંને સમસ્યાનાં ઉકેલ માટે ચિંતન-મંથન કરવામાં આવે છે. પણ કોઈ સચોટ ઉકેલ મળ્યો નથી. ત્યારે આપણા ઋષિમુનિઓએ વર્ષોની તપસ્યા બાદ તૈયાર કરેલા વેદ-પુરાણોમાં સમસ્યાનો ઉકેલ દર્શાવ્યો છે. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં શ્રી પરમાનંદ ગાંધી લિખિત ‘‘આપણો વૈદિક વારસો’’ પુસ્તકનું વિમોચન કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, સાંપ્રત વિશ્વમાં જે ગ્લોબલ વોર્મિંગ અને ગ્લોબલ ટેરરીઝમ (પ્રકૃતિ પ્રકોપ અને આતંકવાદ) ની બંને સમસ્યાનું સંપૂર્ણ સમાધાન આપણી વેદ વિરાસતમાં છે અને આપણે આ શ્રેષ્ઠ સંસ્કૃતિનું ગૌરવ કરવું જ પડશે તો જ વિશ્વ પણ એને સ્વીકારશે.

શ્રધ્ધા પ્રકાશન દ્વારા શ્રી પરમાનંદ ગાંધીના જન્મ દિવસે અમદાવાદમાં આ પુસ્તક વિમોચન સમારોહ સંપન્ન થયો હતો. શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, શ્રી પરમાનંદભાઈના સહષા ચન્દ્રદર્શન એટલે કે ૮૦ વર્ષ પૂરા કર્યા છે તેને કર્મયોગી તરીકે શાસ્ત્રોના ચિંતનનો અનુભવનો નિચોડ પાંચ દાયકા સુધી પ્રગટ કર્યો છે. ભકિત અને જ્ઞાનમાર્ગ સાથે સમાજભકિત તથા ઈશ્વર ભકિતનો સુભગ સમન્વય તેમણે આ પુસ્તક-પ્રકાશનોથી કર્યો છે માત્ર ચિંતન વિચાર નહીં, આચારનો મહિમા સમાજ અને વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ મૂકીને વ્યવસ્થિતરૂપે ઊભો કર્યો છે.



લેખકશ્રી પરમાનંદભાઈએ જણાવ્યું હતું કે, દરેક વિચાર, વિષય અને વિજ્ઞાન વેદોમાં સમાવિષ્ટ થયેલા છે. વેદવાણી સ્વયં ભગવાનની વાણી છે. હિન્દુ ધર્મશાળાના આચાર્ય સંતશ્રી પરમાત્માનંદજીએ આર્શીવચન પાઠવ્યા હતા. આ પ્રસંગે સર્વશ્રી બ્રહ્મર્ષિ ગુરૂકુળના સ્થાપક શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રી, સંસ્કૃત વિદ્વાન શ્રી વાસુદેવભાઈ પાઠક, સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ સચિવ શ્રી ભાગ્યેશ જહા, પ્રકાશક ડૉ. ગૌરાંગ ગાંધી સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જયારે સમગ્ર સમારોહનું સંચાલન શ્રી રાજ ભાસ્કરે કર્યું હતું. ■

## આવા દાનવીરને પણ જાણો...



સંત, શૂરા, ભકત, અને દાનવીરોના પ્રદેશ સૌરાષ્ટ્રમાં કોણ વ્યકિત કેટલું દાન કયારે આપશે તે કયારેય નકકી થતું નથી. સમાજના સેવા કાર્યો માટે દાનવીરો મળી જ રહે છે. આપણે અહિં જામખંભાળીયાના નાના એવા હંસસ્થળ ગામના ગામઠી પહેરવેશ ગામઠી રહેણીકહેણી પણ મનથી મોટા મુળુભાઈ દેથરીયાની વાત કરવી છે. અસલ ખેડૂત એવા શ્રી મુળુભાઈએ યદુનંદન કેળવણી મંડળ સંચાલિત જામખંભાળીયાના આહિર કન્યા છાત્રાલયમાં ૩૬ કોમ્પ્યુટર માટે ₹ ૫.૧૧ લાખનું દાન કરી અહિં અભ્યાસ કરતી ૪૫૦ દિકરીઓને કોમ્પ્યુટર જ્ઞાનથી સુસજ્જ કરવા ભગીરથ કાર્ય કર્યુ છે. માતા રામીબેનની સ્મૃતિમાં કન્યા કેળવણી માટે આ દાન આપતાં શ્રી મુળુભાઈએ જણાવ્યું હતું કે કોમ્પ્યુટર વગર હવે ચાલે તેમ નથી અને ૪૫૦ દિકરીઓ જ્ઞાન અને માહિતીના આ યુગમાં કોમ્પ્યુટર જ્ઞાનથી સુસજ્જ બને એનાથી મોટુ કોઇ કામ મારા માટે નથી. નાના માણસની આ મોટી વાત સમજવા જેવી તો છે. ■

પ્રજ્ઞા પટેલ

# કલોલ તાલુકાના સરપંચશ્રીઓની વાત- તેમના મુખેથી...

વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. સમય પ્રમાણે તેની કાર્યપ્રણાલીમાં ફેરફાર થવો જોઇએ. વહિવટીતંત્રનું વિકેન્દ્રીકરણ કરીને જનતાને ઝડપી ન્યાય આપી શકાય છે. વર્ષોના અનુભવ બાદ અને પ્રજાજનોને અગવડમાંથી બહાર લાવવા તેમજ સ્વચ્છ અને સુઘડ વહિવટ માટે તાલુકા સરકારનો વિચાર અમલી બનાવ્યો છે. તે અંતર્ગત દરેક તાલુકો વિકાસની સ્પર્ધા કરશે. તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ચલો તાલુકે કાર્યક્રમ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ તથા જિલ્લાના પદાધિકારીઓની હાજરીમાં યોજાયો. આ કાર્યક્રમમાં ગામના સરપંચશ્રીઓએ પોતાના ગામના વિકાસની વાત ઉમળકાથી રજૂ કરી હતી. જેમાં રાજય સરકારના નવતર અભિગમ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અને ચલો તાલુકે કાર્યક્રમને આવકાર્યો હતો.

### વેસ્ટ માંથી બેસ્ટનો અભિગમ...

કલોલ તાલુકાના નિર્મળ રામનગર ગામના સરપંચ શ્રી ગાંડાભાઇ પટેલે પોતાના ગામની વિકાસ યાત્રાની વાત માંડતા કહયું હતું કે, આજે અમારું ગામ ૨૧મી સદી સાથે કદમ મિલાવી રહયું છે. ગામમાં ઇ-ગ્રામ પંચાયતની સુવિધા ઉપલબ્ધ છે. ગ્રામજનોને ૭/૧૨ના ઉતારા, જન્મ-મરણની નોંધણી કે અન્ય દાખલા માટે કલોલ જવું પડતું નથી. ટૂંકા સમયમાં હવે, જી.ઇ.બીનું બિલ પણ સ્વીકારવાની શરુઆત કરવામાં આવશે. વોટર વર્કસ માંથી અપાતું પાણી કલોરીનયુકત હોવાથી છેલ્લા ચાર વર્ષથી કોઇ રોગચાળો ફાટી નીકળ્યો નથી. તેમજ નાની- મોટી બિમારીની માત્રા પણ ઘટી ગઇ છે.

આજે ગ્રામ પંચાયત તરફથી ગામમાં સફાઇ કામનો ખર્ચ કાઢવા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં ગ્રામ પંચાયત દ્વારા ગામમાં વેસ્ટ પ્લાસ્ટીકની ખરીદી માટે એક દુકાન ચલાવવામાં આવે છે. જયાં ખરીદી કરેલ માલને બજારમાં વેચવામાં આવે છે. તેમાંથી મળતા નફાને ગામની સ્વચ્છતા માટે થતાં ખર્ચમાં વાપરવામાં આવે છે. આ વેસ્ટમાંથી બેસ્ટ, વિકાસના નવતર અભિગમને ગામલોકોએ ખૂબ આવકાર્યો છે. ગામમાં અનેક વિકાસકાર્યો સંપન્ન થયાં છે




### રણછોડપુરામાં અનેક વિકાસ કામ...

કલોલના રણછોડપુરા ગામના સરપંચ શ્રી રમેશજી ઠાકોરે પોતાના ગામની વાત કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા દસ વર્ષમાં ગામમાં ગટરલાઇન, પીવાના પાણીની પાઇપ લાઇન, ટયુબવેલ જેવા અનેક નાના મોટા કામો થયા છે. તે ઉપરાંત ગામમાં લોકફાળો એકઠો કરી ગામના સુંદર પ્રવેશદ્વારનું નિર્માણ કરવામાં આવ્યું છે. બી.પી.એલ લાભાર્થી માટે ગામતળ ન હોઇ ગામથી એક કિલોમીટર દૂર નવીન ગામતળની જમીન ફાળવવામાં આવી છે. ત્યાં સરદાર આવાસના સાત મકાનો બનાવેલા છે. તેની માળખાકીય સુવિધાના કામો ચાલુ છે. અમારા ગામમાંથી વધુ અભ્યાસ માટે બાજુના ગામમાં ભણવા જતી ચાર દીકરીઓને રાજયના મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણીને ઉત્તેજન આપવાની સરસ્વતી સાધના યોજનામાંથી પ્રેરણા લઇ ગામના દાતાઓ દ્વારા તે કન્યાઓને સાયકલ આપવામાં આવી છે.

### છત્રાલમાં પંચવટી ઉદ્યાન...

છત્રાલના મહિલા સરપંચ શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર પટેલે જણાવ્યું હતું કે, છત્રાલ ગામે સીડમની યોજના દ્વારા કચરાના નિકાલ માટેના સાધનો વસાવેલા છે. સરકારશ્રીની ગ્રાન્ટ તથા લોકફાળાથી ગામમાં પંચવટી ગાર્ડન બનાવ્યો છે. ગામમાં પાણી સમિતિ બનાવી સ્વજલ ધારા યોજના અન્વયે બે-ટયુબવેલ, બે પાણીની ટાંકીઓ અને એક- સંપ બનાવેલ છે. આ સિવાય ઘણા વિકાસના કામો થયા છે.

### ૫૦ વર્ષથી સમરસ કોઠા ગામ...

કોઠા ગામના શ્રી જીવણભાઇ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લામાં કદાચ અમારું ગામ જ એક એવું ગામ હશે. જયાં છેલ્લા ૫૦ વર્ષથી ગ્રામ પંચાયત, દૂધ મંડળી કે અન્ય કોઇ સહકારી મંડળીની ચૂંટણી યોજાઇ નથી. તે વાત જ ગામની એકતા બતાવે છે. આજે ગામના સર્વે નાગરિકના સાથના કારણે અમારા ગામને નિર્મળ ગામનું બિરૂદ મળ્યું છે. ગામમાં સેકટર રિફોર્મ યોજના, નવી પીવાના પાણીની પાઇપનું કામ, ગટર લાઇનના કામો પૂર્ણતાના આરે છે. તે ઉપરાંત ગામમાં આર.સી.સી રોડ માટે ₹ ૩ લાખ, પ્રાથમિક શાળાના રૂમ બનાવવા ₹ ૩.૫૦ લાખ સરકાર અને ₹ ૩.૫૦ લાખ દાતાઓ તરફથી મળ્યા છે. તે સિવાય કોટાસ્ટોન માટે ₹ ૩.૫૦ લાખ મળ્યા છે. તે સિવાય ગામમાં પ્રવેશ દ્વાર અને કોમ્યુનિટી હોલનું પણ નિર્માણ થયું છે. ■

# સૌનો સાથ, સૌનો વિકાસ અર્થે મંત્રીશ્રીઓ














## તથા અધિકારીઓનું સમૂહચિંતન - ચલો તાલુકે












## યુનિક આઈડી પ્રોજેક્ટમાં ગુજરાત રોલ મોડેલ બનશે

ભારત જેવા વિશાળ અને વિવિધતા ધરાવતાં દેશમાં નાગરિકોની ઓળખ માટે અત્યાર સુધી કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ ન હતી. વ્યકિત ભારતીય છે કે નહિં તેના માટે રેશનીંગ કાર્ડ કે ઈલેકશન કાર્ડ પર અવલંબિત રહેવું પડતું હતું. આ બંને વ્યવસ્થામાં પણ ઘણી સમસ્યાઓ હતી. તેથી કેન્દ્ર સરકારે દરેક નાગરિકને તેની ઓળખ માટે યુનિક આઈડી કાર્ડ આપવાની યોજના શરૂ કરી છે. યુનિક આઇડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા (U.I.D.A.I) ના અધ્યક્ષ શ્રી નંદન નિલેકાનીએ તાજેતરમાં મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીને મળીને રાજ્યે આગોતરી પૂર્વ તૈયારીઓ સાથે સર્વગ્રાહી મંથન કર્યુ છે તેની પ્રસંશા કરી હતી અને ગુજરાત



U.I.D.માં મોડેલ બને તે માટે UIDAI અને ગુજરાત સરકાર સંયુક્ત રીતે સહભાગી બનીને કાર્યયોજના સાથે આગળ વધશે એમ જણાવ્યું હતું. UNIQUE ID માટેની ઉત્તમ વ્યવસ્થાનો અભ્યાસ કરવા, ટૅક્નૉલૉજીના માધ્યમનો તથા યોગ્ય માનવશકિતનો સુચારૂ ઉપયોગ થાય તેના ઉપર મુખ્યમંત્રીશ્રીએ ખાસ ભાર મૂકયો હતો. તેમજ રાષ્ટ્રીય હિતોને કોઇ પ્રકારે હાનિ પહોંચે નહી પરંતુ સામાન્ય અને ગરીબ નાગરિકોને તેના હક્કોનો લાભ મળે, બધી સરકારી યોજનાઓનું અને સેવાઓનું પારદર્શી અમલીકરણ થાય તથા મિલકતો અને નાગરિકોના સલામતિ અધિકારોનું રક્ષણ થાય તે દિશામાં ગુજરાત UNIQUE ID પ્રોજેક્ટ હાથ ધરવા આતુર છે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીનાં સૂચનને શ્રી નિલેકાનીએ આવકાર્યા હતા. આ બેઠકમાં UIDAIના અન્ય પદાધિકારીઓ ઉપરાંત આયોજનના અધિક મુખ્ય સચિવ શ્રી વી. એન. માયરા અને મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન ઉપસ્થિત હતા. ■

## જામનગર જિલ્લાને વિકલાંગ મુક્ત બનાવવા ભગીરથ યજ્ઞ



વિકલાંગોને આત્મ સન્માન સાથે પગભર બનાવવા એક સામાજિક ઉત્તર દાયિત્વ છે. તાજેતરમાં જામનગર જિલ્લાને વિકલાંગતા મુકત કરવાના હેતુસર વિકલાંગો તથા કાનની ક્ષતિ ધરાવનારાઓ માટે સાધન સહાય શિબિરનું આયોજન જિલ્લા કલેક્ટર તથા રત્નનિધિ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈના સહયોગથી કરવામાં આવ્યુ હતુ. મહિલા અને બાળકલ્યાણ રાજ્ય મંત્રી શ્રી વસુબેન ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે, આ એક સેવાનો ભગીરથ યજ્ઞ છે. ગુજરાતના છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓનો લાભ મળી રહે તેવુ આયોજન સરકારના અભિગમથી ચાલી રહ્યું છે. ડી.સી.સી. હાઇસ્કુલ, જામનગર ખાતે યોજાયેલ વિકલાંગ મેળામાં જામનગર(ગ્રામ્ય)ધારાસભ્ય શ્રી લાલજીભાઇ સોલંકી, જિલ્લા કલેકટર શ્રી સંદિપકુમાર, રત્નનિધિ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રભાઇ મહેતાએ વિકલાંગ મેળા દ્વારા વિકલાંગતા દૂર કરવાના આ સંનિષ્ઠ પ્રયાસને આવકાર્યો હતો.



જામનગર મેયરશ્રી અમીબેન પરીખે સંબોધન કરતા જણાવ્યુ હતુ કે, વિકલાંગ મેળા દ્વારા વિકલાંગને મદદરૂપ થવુ એ એક સેવાકીય મહાયજ્ઞ છે. જામનગર જિલ્લા કલેકટર શ્રી સંદિપકુમારે જણાવ્યુ હતુ કે, જામનગર જિલ્લામાં યોજાયેલ આ વિકલાંગ મેળાથી સમગ્ર જિલ્લાને વિકલાંગ મુકત કરી શકાશે. આ મેળામાં જરૂરી નિદાન બાદ સ્થળ ઉપર જ જરૂરી સાધન સામગ્રી તૈયાર કરીને વિકલાંગોને આપવામાં આવી હતી. અને કાનની બહેરાશ ધરાવતા વિકાલંગોને તપાસીને કાનનું મશીન (શ્રવણ યંત્ર), ટ્રાયસિકલ, વ્હીલચેર, કેલીપર્સ, કાંખઘોડી, જયપુર ફુટ, કમરપટ્ટા, ગોઠણના મોજા, હાથની તકલીફ માટે મોજા વગેરે સાધનોનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતું. આ અગાઉ લાલપુર ખાતે યોજાયેલા વિકલાંગો મેળામાં ત્રણ દિવસમાં હજારો વિકલાંગોએ અને ખંભાળિયા ખાતે યોજાયેલા વિકલાંગો મેળામાં ચાર હજાર ઉપરાંત વિકલાંગોએ લાભ લીધો હતો. ■

જોરાવરસિંહ જાદવ

# કળશ અને ગંગાજળિયા લોટા

ભારતીય સંસ્કૃતિમાં માંગલિક પ્રતીક તરીકે કળશ અને લોટાનું સ્થાન અતિ મહત્ત્વનું મનાય છે. આપણા સોળ સંસ્કારોમાં અને જન્મથી લઇને મૃત્યુ પર્યંત કળશ જનજીવનનું મહત્ત્વનું અંગ બની રહ્યો છે. આસોપાલવના પાંદડા અને રંગબેરંગી ફૂલોથી શણગારેલો કળશ કલા અને સંસ્કૃતિનો પ્રતિનિધિ જ નહીં પણ સૃષ્ટિ અને માનવીના પૂર્ણ વ્યક્તિત્વનું પ્રતીક પણ છે. મંત્રોમાં કળશને કૃતસદન અર્થાત્ સૃષ્ટિના અખંડ સત્યને ધારણ કરનાર કહેવાયો છે. સંસ્કૃત સાહિત્યમાં કળશની કેટલીયે પ્રશસ્તી કરવામાં આવી છે.

*કલશસ્ય મુખે બ્રહ્મા ગ્રિવાયાં શંકરઃ સ્થિતઃ*
*મૂલે તુ સંસ્થિતો વિષ્ણુ, મધ્ય માતૃગણાઃ સ્થિતાઃ*

અર્થાત્ : કળશના મુખે બ્રહ્મા, ગળામાં શંકર, મૂળમાં વિષ્ણુ અને મધ્યમાં માતૃગણોનો વાસ હોય છે. આ બધા દેવતાઓ કળશમાં પ્રતિષ્ઠિત થઇ શુભકાર્યને સંપન્ન કરાવે છે. અન્યત્ર એમ પણ કહેવાયું છે કે દશે દિશાઓને અધિષ્ઠાતા - પાલનહાર દેવતાઓ પણ પૂર્ણ પ્રતિષ્ઠિત કળશને વીંટવાઇને ઊભા રહેતા હોય છે.

સંસ્કૃત 'કલશ' પરથી 'કળશ' શબ્દ ઊતરી આવ્યો છે. એનો અર્થ થાય છે પાણી ભરવાનું ગોળ અને નાના મોઢાવાળું વાસણ, તાંબા પિત્તળના આ વાસણના અનેક આકારપ્રકારો અને ઘાટઘૂટ જોવા મળે છે.મોટો 'કળશ' અને નાનો 'કળશિયો'. લોટો કે ટબૂડી આ કળશની કહેવતો ય કેટલી બધી ! ઉ.ત. કળશ ઢોળવો - પસંદ કરવું. કળશ ચડાવવો - શ્રેષ્ઠ કામ કરવું. - મંદિરના શિખર પર ઈંડું ચડાવવું.



મંદિરોમાં ભગવાનની સેવાપૂજાની સાધન સામગ્રીમાં ગૃહસ્થના ઘરના ઉપસ્કરણો તરીકે જે વસ્તુઓ ઉપયોગમાં લેવાય છે તેમાં દીપલક્ષ્મીઓ, કળશ અને ગંગાજળિયા કે કાશીન્દ્ર લોટાનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. કંસારા કારીગરો - એ ધાતુની આ બધી ચીજ જણસોને કલાપૂર્ણ ચિત્રો અને આકાર - પ્રકારોથી સુંદર રીતે સજાવી છે. જૂના કાળે શ્રધ્ધાળુઓ વારાણસી, મથુરા, ઉજ્જૈન, પ્રયાગ કે નાસિક - ત્ર્યંબકની જાત્રા કરીને આવતા ત્યારે 'તીર્થજલ' સાથે લઇ આવતા. સગા સંબંધીઓને આપવા જાત્રાના સંભારણા તરીકે અનેક જાતના ધાતુપાત્રો સાથે લઇ આવતાં એમાં ધાર્મિક કંડારણ વાળા ઘાટસુઘાટના અને વિવિધ આકાર - પ્રકારના લોટા તીર્થજલ ભરીને લઇ આવતા. જે ગંગાજળિયા લોટાને નામે જાણીતા હતા.

આવા તીર્થકળશ પર રામાયણ, કૃષ્ણલીલા અને દશાવતારનાં મનોહર, કલાપૂર્ણ પ્રસંગો કંડારાયેલા રહેતાં. આજે કલાપ્રેમીઓના ઘરમાં આવા એકાદ બે લોટા તમને અચૂક જોવા મળે. ક્યારેક સાબરમતીના પટમાં ભરાતી ગુર્જરી બજારમાંથી પણ મળી જાય. આવા વૈવિધ્યપૂર્ણ લોટા વધુ સંખ્યામાં જોવા હોય તો વાસણાના વિચાર મ્યુઝિયમમાં તમારે જવું પડે.

કાશી, બનારસ કે મથુરાથી તીર્થજલ લઇ આવવા માટે વપરાતાં ગંગાજળિયા લોટા ગુજરાતના કંસારા કારીગરોની દેન છે એ આજે કોઇ જાણતું નથી. આ કંસારા કારીગરોનો ઇતિહાસ પણ જાણવા જેવો ને રસપ્રદ છે. ગુજરાતમાં તાંબા-પિત્તળનો કલામય ગૃહઉદ્યોગ વિસનગર, ડભોઇ, નડિયાદ, શિહોર, વઢવાણ, લીંમડી અને કચ્છમાં આજે જોવા મળે છે. જૂના કાળે આ કંસારાના વડવાઓ ધંધાર્થે ભારત વર્ષના તીર્થસ્થળોમાં જઇને વસ્યા હતા. ગુજરાતના ચાંપાનેરના કંસારા કારીગરો વર્ષો પૂર્વે નાસિકમાં જઇને વસ્યા હતા. નાસિકમાં જૂની તાંબટ-આળી અને નવી તાંબટ આળી નામે ઓળખાતી ગલીઓમાં ગુજરાતમાંથી ત્યાં ગયેલા કાંસ્યકાર કુટુંબોના વસવાટ છે.

આ કાંસ્યકાર કુટુંબો ગંગાજળિયા લોટા પર દશાવતાર, શિવ પંચાયન, રામાયણ કે કૃષ્ણલીલાના ચરિત્રોને ઓળખવા માટે કેટલીકવાર નાગરીલિપિમાં પ્રસંગનો પરિચય આપે છે. આ લિપિના અક્ષરોનો મરોડ તથા તેમના સળંગ મથાળાં દોરીને લખવાની જે ઢબ છે તે ગુજરાતીની છે. આ લિપિને બનારસ, મથુરા, પ્રયાગ વગેરે સ્થળે 'મહાજની લિપિ'ના નામથી ઓળખવામાં આવે છે. વડોદરા મ્યુઝિયમમાં સચવાયેલા ૧૭મી સદીના પ્રાચીન કળશ પરના ચિત્રો રાજસ્થાની શૈલીમાં હોવા છતાં ગઉચરણની તકતીમાં અક્ષરોના મરોડ ચોખ્ખા ગુજરાતી છે. એ લિપિ મહાજનની લિપિના નામે જાણીતી છે. આ તકતીમાં ગાયોને દોડતી બતાવી છે, પાછળ ગોવાળો દર્શાવાયા છે. ■

## જંતુરહિત પાણી માટે U.V. પ્લાન્ટની ફાળવણી

ખેડા જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાનું સ્વચ્છ પાણી પૂરૂં પાડવાનું લક્ષ્યાંક પાણી પુરવઠા બોર્ડ દ્વારા નિશ્ચિત કરાયું છે. આ લક્ષ્યાંક સિધ્ધિની દિશામાં નક્કર કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના નડિયાદ ખાતેના કાર્યપાલક ઈજનેરશ્રીએ જણાવ્યું હતુ. જિલ્લાની કુલ ૧૬૫૫ પ્રાથમિક શાળાઓ પૈકીની ૧૩૫૬ શાળાઓમાં આ કામગીરી પૂર્ણ થઇ હોવાનું અને સને ૨૦૧૧-૧૨ દરમિયાન બાકી રહેતી ૨૯૯ શાળાઓ પૈકી ૧૩૨ શાળાઓમાં પાણી પુરવઠા બોર્ડ અને ૧૬૭ શાળાઓમાં વાસ્મો દ્વારા આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. શાળાના બાળકોને પીવાનું પાણી જંતુરહિત મળે તે માટે વાસ્મો દ્વારા જિલ્લાની ૧૦૦૦ પ્રાથમિક શાળાઓમાં યુ.વી.પ્લાન્ટ(અલ્ટ્રા વાયોલેટ પ્લાન્ટ) બેસાડવાનું આયોજન છે, જે પૈકી ૮૫૦ શાળાઓમાં પ્લાન્ટની ફાળવણી કરવામાં આવી છે અને ૩૧૧ પ્લાન્ટ બેસાડી ચાલુ કરી દેવાયાં છે. ■

## માછીમારો માટે આવાસોની ફાળવણી

નવસારી જિલ્લામાં માછીમાર આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ માં ગણદેવી તાલુકામાં ૧૦ અને વાંસદા તાલુકામાં ૧૦ મળી કુલ ૨૦ આવાસો બાંધવા માટે મત્સ્યોદ્યોગ દ્વારા સહાય આપવામાં આવી છે. આ યોજના હેઠળ આદિવાસી માછીમારોને પોતાની જમીનમાં આવાસ બનાવવા માટે ₹ ૫૦ હજારની સહાય મત્સ્ય વિભાગ દ્વારા આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૧-૧૨ માં પણ અત્યાર સુધી ૧૦ આવાસો મંજુર કરાયા છે. ■


## માર્ગ-મકાનના કામોને મંજૂરી

રાજય સરકાર દ્વારા ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના માર્ગ અને મકાન વિભાગ મારફતે જનસુવિધાનાં નવ કામો માટે ₹ ૭૬.૬૨ કરોડની મંજૂરી આપવામાં આવી છે.માર્ગ અને મકાન વિભાગ (રાજય)ના કાર્યપાલક ઈજનેરશ્રીએ જણાવ્યું હતું કે , નડિયાદ ખાતે નિર્માણધીન નવીન કલેકટર કચેરી માટે ₹ ૧૪૪૧.૮૦ લાખ, સ્પોર્ટસ કોમ્પલેકસ ખાતે સીન્થેટીક ટ્રેક માટે ₹ ૨૫૦ લાખ, જનરલ હોસ્પિટલ ખાતે ઇ અને એફ બ્લોકના નિર્માણ માટે ₹ ૨૧૪.૭૮ લાખ, નડિયાદ પેટલાદ રોડ પર વડોદરા રેલવે લાઇન પર રેલવે ઓવરબ્રીજ માટે ₹ ૪૧૬૦ લાખ, અમદાવાદ-મહેમદાવાદ-નડિયાદ રોડ પર નડિયાદ શહેરમાંથી પસાર થતા અઢી કિ.મી.ના માર્ગને ફોરલેન બનાવવા માટે ₹ ૩૮૫ લાખ, નડિયાદ બાયપાસ રોડ ડભાણ-નડિયાદ, નડિયાદ-મહેમદાવાદ, મહેમદાવાદ-નડિયાદ, કપડવંજ-નડિયાદ-ડાકોરને જોડતા બાયપાસના નિર્માણ માટે ₹ ૬૯૬ લાખ અને બજેટમાં સમાવિષ્ટ કરાયેલ ઔદ્યોગિક અદાલતના નવીન મકાન માટે ₹ ૪૦૦ લાખનો ખર્ચ મંજૂર કરાયા છે. ■

## 'નેનો ટેક્નોલોજી ફોર નેનો સાયન્ટીસ્ટ ' વિષય પર સેમિનાર

સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગ હસ્તકની સ્વાયત્ત સંસ્થા ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ ટેક્નોલૉજી દ્વારા ધોરણ ૯ થી ૧૧ના વિદ્યાર્થીઓને નવી આવી રહેલી ઔદ્યોગિક ક્રાંતિ વિશે માહિતી પૂરી પાડવા તેમજ ઉત્સુકતા જગાડવા માટે શ્રી અક્ષયકુમાર સકસેના (આઇ.એફ.એસ), મીશન ડાયરેકટર (જી.એસ.બી.ટી.એમ.), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના અધ્યક્ષ સ્થાને 'નેનો ટેક્નૉલૉજી ફોર નેનો સાયન્ટીસ્ટ'ના વિષય પર સેમિનારનું આયોજન સ્ટાફ ટ્રેનીગ કોલેજ, સેકટર- ૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મીશન ડાયરેકટર શ્રી અક્ષયકુમાર સકસેના, અતિથિ વિશેષ પદે ગુજરાત સાયન્સ સીટી, અમદાવાદના એકઝીકયુટીવ ડાયરેકટર શ્રી દિલીપભાઇ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. ■

## દાન મંદિરમાં પણ ઉપયોગ શિક્ષણમાં...




રાજય સરકાર દ્વારા શિક્ષણના પ્રસાર અને સાર્વત્રિકરણ માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અભિયાન હાથ ધરવામાં આવ્યા છે. તાજેતરમાં યોજાયેલા આ અભિયાન દરમ્યાન સાબરકાંઠા જિલ્લા કલેકટર દ્વારા એક નવતર અભિગમ હાથ ધરીને અનુકરણીય ચીલો કંડારાયો છે. જૂન માસ દરમ્યાન હાથ ધરાયેલા શાળા પ્રવેશોત્સવ દરમ્યાન ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસ કંપાની મુલાકાતે ગયેલા જિલ્લા કલેકટર શ્રી જયપ્રકાશ શિવહરેએ સૂચન કરતા કહ્યું હતું કે, મંદિરમાં શિક્ષણ સહાય પેટી મુકાય અને તેમાં મળેલું દાન બાળકોના શિક્ષણ માટે વાપરવું જોઈએ. આ વિચારનો તરત જ અમલ કરાયો. ત્રણ અઠવાડિયા પછી આ પેટી ખોલવામાં આવી. આ પેટીમાંથી લગભગ સાડા આઠ હજાર જેટલી રકમ નિકળી. ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક વધારાની રકમ ઉમેરી અને કુલ રકમ થઈ ₹ ૧૧,૧૧૧. સ્કૂલ મેનેજમેન્ટ કમિટી (SMC) બનાવી તેને હસ્તક આ રકમને મુકવામાં આવી છે. ■

## ઝીંગા ઉછેર માટે નવ લાભાર્થીઓને સહાય

નવસારી જિલ્લામાં છીછરા પાણીમાં મત્સ્ય/ઝીંગા ઉછેર માટેના તળાવોમાં ઓક્સિજન સરળતાથી ઓગળી શકે તે હેતુ માટે યુનિટ કોસ્ટ ₹ ૧૫ હજારની સહાય આપવામાં આવે છે. ૨૦૧૦-૧૧ ના વર્ષમાં નવ લાભાર્થીઓને ₹ ૧.૩૨ લાખની સહાય ચુકવવામાં આવી છે.

## નડિયાદ ડીસ્ટ્રીકટ કોર્ટમાં મધ્યસ્થીકરણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન

ન્યાયતંત્રમાં મોટું પરીવર્તન મધ્યસ્થીકરણથી આવી શકે છે. રાજયની તમામ કોર્ટોમાં આવતા કેસોને ઓછા ખર્ચે ઝડપી નિકાલ અને કોર્ટોનું ભારણ ઓછું કરવાના ઉત્તમ વિચારને વ્યવહારિક ધોરણે મૂકવા માટે મધ્યસ્થીકરણ કેન્દ્ર ખોલવામાં આવ્યાં છે.ખેડા જિલ્લા ડિસ્ટ્રીકટ કોર્ટ, નડિયાદ મુકામે 'મધ્યસ્થીકરણ કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન ગુજરાત હાઇકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી કે.એસ.ઝવેરીના હસ્તે યોજાયુ હતુ. આ પ્રસંગે જજશ્રી ઝવેરીએ જણાવ્યું હતું કે,મધ્યસ્થી કરી કેસોનો નિકાલ લાવવામાં મને સંતોષ મળે છે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ ડૉ. કે.જે.ઠાકરે આ પ્રસંગે ઉપસ્થિત હાઇકોર્ટના જજશ્રી ઝવેરીનું પુષ્પ ગુચ્છ આપી જિલ્લા ન્યાયાલય વતી સ્વાગત કર્યુ હતું આ પ્રસંગે એડીશનલ ડીસ્ટ્રીકટ જજશ્રી આર.કે.પરમાર, જિલ્લાની વિવિધ કોર્ટોના જજશ્રીઓ નડિયાદ બાર એસોશીએશનના પ્રમુખશ્રી કે.એ.બારોટ, મદદનીશ સરકારી વકિલશ્રી આર.કે.પરમાર, રજીસ્ટ્રારશ્રી એમ.જી.ગોપાલાણી તથા વકિલો ઉપસ્થિત રહ્યાં હતાં.



## ડ્રેનેજ સિસ્ટમ બનાવાશે

રાજયની મોડેલ નગરપાલિકા તરીકે રાણાવાવ નગર પાલિકાની પસંદગી થતાં ખાસ વિકાસ કાર્યો માટે ₹ ૪ કરોડની રકમની ગ્રાંટ શહેરી વિકાસ મંત્રાલય દ્વારા મળી છે. જેના વડે શહેરની પાયારૂપ ગટર, રસ્તા, પાણી, વીજળીકરણ જેવા અનેક વિકાસના કામો તબક્કાવાર હાથ ધરાશે. આ વિકાસકાર્યોનો પ્રારંભ ₹ ૬૩ લાખના ખર્ચે રાણાવાવમાં વરસાદી પાણીના નિકાલ માટે ખાસ ડ્રેનેજ વ્યવસ્થા તૈયાર કરવાથી કરાશે. રાણાવાવના હનુમાન મંદીર પાસે આવેલા જાહેર ચોકમાં વરસાદી પાણીના નિકાલની ખાસ ડ્રેનેજ સિસ્ટમનું ખાતમુહૂર્ત કરાવતાં રાણાવાવ કુતિયાણા વિસ્તારના ધારાસભ્યશ્રી કરસનભાઇ ઓડેદરાએ જણાવ્યું હતુંકે આ ખાસ ગટર વ્યવસ્થા શરૂ થતાં પાણીના નિકાલની સમસ્યા હંમેશને માટે દૂર થશે. ૬૩,૧૫ લાખના આ ખાસ ડ્રેનેજ સિસ્ટમના કાર્યોમાં રબારી કેડાથી શરૂ કરીને મામલતદાર કવાર્ટર થઇને ગર્લ્સ હાઇસ્કૂલ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સિસ્ટમ ₹ ૨૨,૭૨ લાખના ખર્ચે, ખાણીયા કૂવાથી મેઇનરોડ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સિસ્ટમ ₹ ૨૯,૦૮ લાખના ખર્ચે બનાવવામાં આવશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે રાણાવાવ નગર પાલિકાના પ્રમુખ શ્રીમતી દિનાબેન ત્રિવેદી,ઉપપ્રમુખશ્રી ધીરુભાઇ કેશવાલા સહિત નગરપાલિકાના સભ્યો અને બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયા હતા.

## ઘાસચારા કિટ વિતરણ કાર્યક્રમ સંપન્ન

પટેલવાડી-સુખનાથ પરા, અમરેલી ખાતે કૃષિ તથા સહકાર મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીની ઉપસ્થિતિમાં ઘાસચારા કિટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લા દૂધ સંઘ અને અમર ડેરી આયોજિત આ કાર્યક્રમમાં મંત્રી શ્રી સંઘાણીએ જણાવ્યું હતું કે, આજે સમય બદલાયો છે જિલ્લામાં શ્વેતક્રાંતિ શરૂ થઇ છે. ગુજરાત રાજય ખેતીવાડી વિભાગ દ્વારા આર.કે.વી.વાય. યોજના એસીલીરીટેડ ફોડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત પશુપાલકોને ઘાસચારાની કુલ ૩,૭૫૦ કીટસનું વિતરણ કરવામાં આવે છે. અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઇ સાવલિયા, અમર ડેરીના ડાયરેકટર સર્વશ્રી તથા પશુપાલકો અને દૂધ ઉત્પાદકો ઉપસ્થિત રહ્યા હતા.

## માછીમાર જનજાગૃતિ સેમિનાર યોજાયો

પોરબંદર જિલ્લા પોલીસ વિભાગ દ્વારા માછીમારોમાં રાષ્ટ્રીય સુરક્ષા અંગેની જાગૃતિ ફેલાવવા આયોજિત માછીમાર જાગૃતિ સેમિનાર જિલ્લા પોલીસ વડા દિપન ભદ્રનની ઉપસ્થિતીમાં યોજાયો. આ કાર્યક્રમનું દિપપ્રગટાવી પ્રારંભ કરાવ્યા બાદ પ્રાસંગિક પ્રવચન આપતાં ભારતીય તટરક્ષક દળના આસી. કમાન્ડન્ટ શ્રી એ.એસ.ચૌહાણે જણાવ્યું હતું કે માછીમારી એ આજીવિકા માટેનો સૌથી જોખમી ધંધો છે. માછીમારોની સુરક્ષાએ દરિયાઇ સુરક્ષા એજન્સીઓનું ઉત્તરદાયિત્વ છે આ તકે ઇન્ટેલીજન્સ બ્યુરોના ઇન્સ્પેકટરશ્રી કારાવદરાએ માછીમારોને દરિયાઇ સુરક્ષા માટેની મહત્વની કડીરૂપ ગણાવી માછીમારોની દેશભક્તિને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં મત્સ્યોધોગ અધિક્ષક ડૉ. પી.સી.મલ્લી, તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી કુરેશીએ ઉપસ્થિત માછીમારોને રાષ્ટ્રીય સુરક્ષા અંગે માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

નરેશ મહેતા



# જયાં જીવનું શિવ સાથે મિલન થાય છે તેવું જ્યોતિર્લિંગ - શ્રી સોમનાથ મહાદેવ

ભારતવર્ષનાં બાર આદિ જ્યોતિર્લિંગમાં જેની પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે પૂજા થાય છે તેવા પૌરાણિક સોમનાથ દાદાનાં મંદિરને અરબી સમુદ્ર પાદપ્રક્ષાલન કરે છે. જૂનાગઢ જિલ્લાનાં પ્રભાસતીર્થ ક્ષેત્રમાં સોમનાથ મંદિરની ભૂતકાળમાં અનેક વિદેશી આક્રમણખોરોએ લૂંટ ચલાવી હતી છતાં આ મંદિરની ભવ્યતા અને અલૌકિકતામાં જરા પણ ફેર પડયો નથી જેની આરતી સાંભળવાથી રોમે રોમમાં ભવ્યતા અને દિવ્યતાનો સંચાર થાય છે તેવા સોમનાથ દાદાનો મહિમા પણ ભવ્ય છે.સોમનાથની રક્ષાકાજે વીર હમીરજી ગોહીલ અને વેગડાજી ભીલ જેવા શૂરવીર મહાપુરૂષોએ બલીદાન આપ્યુ છે

નૂતન સોમનાથ મંદિરનાં બાંધકામમાં ગુજરાતનાં પનોતા પુત્ર અને લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલનું યોગદાન મહત્વનું છે. તેઓએ ૧૩ નવેમ્બર ૧૯૪૭નાં રોજ મંદિરનાં પુનઃનિર્માણનો સંકલ્પ કર્યો હતો. તા. ૧૧ મે ૧૯૫૧નાં શુભ દિવસે ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનાં હસ્તે પુનરૂદ્ધાર પામેલા આ મંદિરમાં જ્યોતિર્લિંગની સ્થાપના થઇ હતી. આ પ્રસંગે ડૉ. રાજેન્દ્ર પ્રસાદે કહ્યુ હતુ કે નવનિર્માણની તાકાત ખંડનની તાકાત કરતા સદાય અધિક શક્તિશાળી રહી છે. આ પુનઃનિર્મિત મંદિરનું આલેખન પ્રસિધ્ધ મંદિર સ્થપતિ શ્રી પ્રભાશંકર સોમપુરાએ કર્યુ છે. કૈલાશ મહામેરૂ પ્રાસાદ તરીકે બંધાયેલા આ મંદિરની એ વિશેષતા છે કે છેલ્લા ૮૦૦ વર્ષ પછીની આ શૈલીથી સોમનાથ ભવ્ય મંદિરનું નિર્માણ થયુ છે.આ મંદિરની ઉંચાઇ ૧૫૫ ફૂટ છે. તેનાં ઉપર ધ્વજદંડ ૩૭ ફૂટનો છે, ૧૦૪ ફૂટનો ધ્વજ છે. મંદિરનાં શિખરનાં ભાગમાં ૭ મજલા છે. શિખર સહિત ગર્ભગૃહ અને સભા ખંડ તેમજ ૭૨ સ્તંભો સાથે નૃત્ય મંડપ એમ ત્રણભાગમાં વહેંચાયેલા આ મંદિરનાં શિખર ઉપરનાં પથ્થરમાં કોતરાયેલો કળશ ૧૦ ટન વજનનો છે.

એક પૌરાણિક કથા અનુસાર દક્ષ પ્રજાપતિની અશ્વિની આદિ ૨૭ કન્યાઓનાં વિવાહ અત્રેય અને અનસૂયાનાં પુત્ર ચંદ્ર(સોમ) સાથે થયા હતા. શ્રી ચંદ્રદેવ ૨૭ બહેનોમાંથી સર્વાધિક સુંદર રોહિણી પ્રત્યે વધારે અનુરાગ રાખતા હતા,આથી દક્ષ પ્રજાપતિએ ચંદ્રને ક્ષયરોગ થવાનો શ્રાપ આપ્યો હતો. બ્રહ્માજીએ ચંદ્રમાને શ્રાપમાંથી મુકિત મેળવવા પ્રભાસ ક્ષેત્રમાં જઇ તપ કરવા કહ્યુ, અહીં ચંદ્રમાએ શિવજીની દિર્ઘકાળ સુધી આરાધના કરી શિવજીને પ્રસન્ન કર્યા, ભગવાન સદાશિવ સ્વયં પ્રગટ થયા હોવાથી આ સ્થાનને જ્યોતિર્લિંગ કહેવામાં આવે છે. ચંદ્રમાને શ્રાપમાંથી મુકિત મળે છે પૌરાણિક પરંપરા મુજબ શ્રી ચંદ્રદેવતાએ અહીં ભગવાન શિવજીનું સુવર્ણ મંદિર બનાવ્યુ હતુ. ત્યાર બાદ રાવણે રૂપાનું તેમજ ભગવાન શ્રીકૃષ્ણએ ચંદન કાષ્ઠ મંદિરનું નિર્માણ કર્યુ હોવાનું જણાય છે.સદાશિવ ભોળાનાથનાં ધામમાં પ્રત્યેક યાત્રિકને ધર્મ, સ્વાસ્થ્ય અને પર્યટનનો ત્રિવિધ લાભ થાય છે. અહિંથી દક્ષિણધ્રુવ સુધી જયાં માત્ર અને માત્ર રત્નાકરનું રાજ છે તેવી પ્રાચીનતમ આ ભૂમિમાં ભગવાન ભોળાનાથનું શિવાલય કાળક્રમે છ-છ વખત વિધર્મીઓએ ખંડીત કર્યુ હતુ, છેલ્લે આ મંદિર ઇ.સ.

૧૭૮૩ પછીનાં આક્રમણખોરોનાં હુમલાથી બચવા અહલ્યાબાઇએ ભોંયરામાં ભગવાન સોમનાથની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. જેને હાલ જૂના સોમનાથ તરીકે લોકો ઓળખે છે. આ ધર્મસ્થાન સહિષ્ણુતાનું પ્રતીક છે.

શ્રીમદ આદ્યજગદગુરૂ શ્રી શંકરાચાર્ય વૈદિક શોધ સંસ્થાન વારાણસીનાં અધ્યક્ષ સ્વામી શ્રી જ્ઞાનાનંદ સરસ્વતિનાં અભ્યાસ મુજબ ત્રેતા યુગનાં શ્રાવણમાસની શુકલપક્ષની તૃતિયાનાં શુભ દિને સોમવારે હસ્ત નક્ષત્રમાં સિધ્ધિયોગ અને ધર્મલગ્ન તથા કન્યા રાશીનાં ગ્રહયોગો દરમ્યાન આજથી ૭,૯૯,૨૫,૧૦૫ વર્ષ પૂર્વે (આ સંશોધન ત્રણ વર્ષ પૂર્વે થયુ હતુ.) સોમનાથજીનાં પ્રથમ જ્યોતિર્લિંગ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઇ હોવાનું સ્કંદપુરાણનાં પ્રભાસખંડમાં દર્શાવાયું છે. આમ આ મંદિર યુગો યુગોથી આપણી આસ્થાનું અચળ પ્રતીક માનવામાં આવ્યુ છે.

સોમનાથ મંદિરનું સંચાલન શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. આ ટ્રસ્ટનાં પ્રમુખ પૂર્વ મુખ્ય મંત્રી શ્રી કેશુભાઇ પટેલ અને ટ્રસ્ટીઓમાં મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી, પૂર્વ નાયબ વડા પ્રધાન શ્રી એલ.કે. અડવાણી, પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી.કે. લહેરી, પ્રા. શ્રી જે.ડી.પરમાર, શ્રી પ્રસન્નવદન મહેતા, શ્રી રાજેન કિલાચંદ દ્વારા કરવામાં આવી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી સોમનાથ ટ્રસ્ટ દ્વારા યાત્રિકોની સુવિધા માટે શ્રેણીબધ્ધ કામો કરવામાં આવી રહ્યા છે. ટ્રસ્ટ પાસે જૂનું ગેસ્ટહાઉસ છે. છતાં વધારાની સુવિધાઓ મળી રહે તે માટે લીલાવતી અતિથિ ગૃહ બનાવવામાં આવ્યુ છે.

તાજેતરમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનાં આર્થિક અનુદાનથી રોડ બ્યુટી ફિકેશન માટે ₹ ૪૯૮ લાખનો પ્રોજેક્ટ કાર્યરત છે. જેમાં શ્રી સોમનાથ પ્રવેશદ્વારનાં નિર્માણ કાર્ય માટે ભૂમિ પૂજન કરવામાં આવ્યુ છે. આ પ્રવેશદ્વારની પહોળાઇ ૩૭ મીટર અને ઉંચાઇ ૧૮ મીટર થશે. જેનો ખર્ચ ₹ ૧૫૦ લાખ થનાર છે. છેલ્લા ૭ વર્ષમાં ₹ ૩૬ કરોડનાં ખર્ચે સોમનાથ ટ્રસ્ટે વિકાસ કર્યો છે. આ ઉપરાંત ₹ ૧ લાખ ૭૫ હજારની કિંમતનું સ્વયં સંચાલિત શ્રી સોમનાથ પ્રસાદ ડિસ્પેન્સર મશીન કાર્યરત થયુ છે. આ મશીન દ્વારા યાત્રિકોને સોમનાથનો પ્રસાદ પેકીંગમાં પ્રાપ્ત થશે. ■



# રાજીવગાંધી એવોર્ડ માટે પરેશ અધ્વર્યુની પસંદગી



નવસારી જિલ્લાનાં ગણદેવી અને આદિવાસી વિસ્તારની મહત્તમ સામાજીક પ્રવૃત્તિ સાથે નિસ્વાર્થ અને પ્રસિધ્ધિની અપેક્ષા વગર એક દાઢીધારી સમાજસેવકથી ખ્યાત બનેલાં શ્રી પરેશ અધ્વર્યુની દેશનાં પ્રતિષ્ઠિત ગણાતાં રાજીવગાંધી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે - જે ગુજરાત માટે ગૌરવપ્રદ ઘટના છે. છેલ્લા ૧૪ વર્ષથી શ્રી પરેશ અધ્વર્યુનું નામ ઉમેરાંતા સૌ ગુજરાતીઓને ગૌરવ થાય તે હકિકત છે. ઉલ્લેખનીય છે કે, રાજીવગાંધી ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે જુદા વિષયોની પસંદગી કરી, કોઇપણ અરજી વગર સંશોધન કરી- ઉંડી ચકાસણી બાદ પ્રતિષ્ઠિત વ્યકિતની એવોર્ડ માટે પસંદગી કરવામાં આવે છે.

માત્ર પત્રકારત્વ જ નહી પરંતુ ત્રણ ત્રણ દાયકાઓથી સેવા ભેખધારી શ્રી પરેશ અધ્વર્યુએ સમર્પિત જીવન વ્યવહાર સાથે સમાજમાં દરેક માનવતાભર્યા ઉમદા કાર્યોમાં અગ્રેસર રહયાં છે. ઉપરાંત નવસારી-વલસાડ અને ડાંગ જેવા રાજયનાં પછાત આદિવાસી વિસ્તારો સુધી સેવાઓ વિસ્તારી છે.- જેમાં લાયન્સ કલબની સાથે જોડાણ એક યશકલગી રૂપ બની રહયું છે. આ તબકકે ઉલ્લેખનીય છે કે, શ્રી પરેશ અધ્વર્યુને સને ૨૦૦૧ નો ગુજરાત રાજય ક્ષય નિવારણ મંડળ દ્વારા રાજયનાં બેસ્ટ ટીબી વર્કર તરીકેનો એવોર્ડ રાજયપાલશ્રીનાં હસ્તે મળ્યો હતો. ઉપરાંત તેમની રકતપિત્ત નિવારણ તથા લેપ્રસી માટેની સમાજ સેવાની સુવાસ સાર્વત્રિક ફેલાઇ છે.

ગ્લોબલ ઇકોનોમિક પ્રોગ્રેસ એન્ડ રીસર્ચ એસોસિએશન તિરૂવનમલાઇ તામિલનાડુ દ્વારા ચેન્નાઇ ખાતે તા.૧૧ મી સપ્ટેમ્બર-૨૦૧૧ના રોજ ઓલ ઇન્ડિયા એચીવર કોન્ફરન્સમાં તેમને કેન્દ્રિયમંત્રીશ્રીઓ, સાંસદો, ઉદ્યોગપતિઓ, સામાજિક કાર્યકરો અને બુધ્ધિજીવીઓની ઉપસ્થિતિમાં સ્વ.રાજીવ ગાંધી એકસેલન્સ ગોલ્ડ મેડલ એવોર્ડ અર્પણ કરાશે.

એવોર્ડ માટે સાયન્સ, ટેકનોલોજી, એજયુકેશન ઇન્ડસ્ટ્રીઝ, પોલિટીકસ અને સોશિયલ કાર્યને ધ્યાનમાં લેવામાં આવે છે. તેમની સેવાકીય પ્રવૃત્તિના કારણે શ્રી અધ્વર્યુ એવોર્ડના હકદાર બન્યા છે. રાજયભરમાંથી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

જિલ્લા માહિતી બ્યુરો, ખેડા

# ચરોતરની ચારુભૂમિ એટલે ખેડા

ચરોતરની ચારુભૂમિનો ઉલ્લેખ ઋગ્વેદમાં વાલ્મિકી કૃત રામાયણમાં કિષ્કિધા ખંડમાં અને મહાભારતના ભીષ્મપર્વમાં છે. સંસ્કૃત ભાષામાં 'ચારુ' શબ્દનો અર્થ સુંદર રમણીય થાય છે. તેથી અધિક સુંદર દર્શાવવા ચારુતર શબ્દપ્રયોગ થાય છે. બોમ્બે ગેઝેટિયર 'મહી' અને 'વાત્રક' નદી વચ્ચેના પ્રદેશનો ચરોતર તરીકે ઉલ્લેખ છે. લિંગ્વીસ્ટિક ઑફ ઈન્ડિયામાં ચરોતરનો ઉલ્લેખ દિવ્યભૂમિ તરીકે છે.

***ચરોતરની ચાર દિશા, તરુપ, તમાકુ અને તૂર,***
***નર નારી દોનું ભલા, નિતનીતરે નવલા નૂર.***

આ પ્રદેશમાં તમાકુ અને તુવેરના પાકનો ઉલ્લેખ છે. વાસદથી શરૂ થતાં મહીકાંઠા અને મહેમદાવાદ પાસેના વાત્રક કાંઠાની વચ્ચેનો પ્રદેશ 'ચરોતર' ખૂબ ફળદ્રુપ અને રળિયામણો હોવાથી તે પ્રદેશ ચારુતર કહેવાય છે.

બ્રિટિશ સમયનાં ખેડા જિલ્લામાં આણંદ, બોરસદ અને નડિયાદના તાલુકાનાં ૮૦ નરવાદરી ગામો હતાં. વડોદરા રાજયના પેટલાદ, ભાદરણ તાલુકાઓના નરવાદરી ગામો ઉમેરવામાં આવે તો પાટીદાર ખેડૂત જયાં વસ્યા હશે ત્યાં તેમણે તે પ્રદેશને ચરોતર તરીકે ઓળખાવ્યો હશે. ('ચેડવેતર' એટલે નાના ચરુ જેટલાં પાણીથી જે જમીન તરબતર થઈ જાય તેવો પ્રદેશ) ઉત્તરે વાત્રક, પૂર્વમાં મહુધા, કઠલાલ, સિંહુજ અને થામણા (જૈન સાહિત્યનું સ્થંભનપુર), દક્ષિણે મહી અને પશ્ચિમે ખંભાતના અખાતનો સમાવેશ ચરોતરમાં થાય છે.

**ખેડા નામાભિધાન :** ધ્રુવસેન બીજાના શાસનકાળમાં જેનો ઉલ્લેખ 'ખેટક' આધાર તરીકે થયો છે તથા ઈ.સ. ૬૪૦માં ચીની યાત્રી હ્યુ એન સંગે જેનો નિર્દેશ 'ખેડા' તરીકે કરીને ખેડાણલાયક ફળદ્રુપ જમીન અને પ્રજાને ગુણવાન, બુદ્ધિમાન, નિર્ભય, નીડર, બાહોશ અને વિજયી દર્શાવી છે. જેના આધારે જિલ્લાનું નામ 'ખેડા' થવાની સંભવિતતા છે. પહેલાં વર્ષોપર્યત ખેડા જિલ્લાનું સરકારી કામકાજનું વહીવટીતંત્ર ખેડા નગરમાં હતું. જે વાત્રક અને શેઢી નદીના સંગમસ્થાન પર વસેલું સૌંદર્યધામ છે.

**જિલ્લાની અસ્મિતા :** જિલ્લો ગુજરાત રાજયમાં એક આગવું અને અનેરું સ્થાન ધરાવતો ગૌરવવંતો જિલ્લો છે. આ જિલ્લામાં ૧૦ તાલુકા આવેલા છે. લોખંડી પુરૂષ સરદાર પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, ઈન્દુલાલ યાજ્ઞિક, કૃષ્ણવદન જોષી, બાબુભાઈ જે. પટેલ મહાન સાહિત્યકાર શ્રી ગોવર્ધન ત્રિપાઠી, મણિલાલ નટુભાઈ ત્રિવેદી, બાલાશંકર કંથારિયા, કવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ અને પનોતા પુત્ર રવિશંકર મહારાજ તથા બબલભાઈ મહેતાની જન્મભૂમિ સમા આ જિલ્લામાં સુંદર કુદરતી પર્યાવરણ આવેલું છે. અનેક નદીઓ આ જિલ્લાના કુદરતી વાતાવરણને વધુ સુંદરતા બક્ષે છે તો ડાકોરમાં રાજા રણછોડરાયનું મંદિર, વડતાલનું સ્વામીનારાયણ મંદિર, નડિયાદનું શ્રી સંતરામ મંદિર, ભવ્ય માઈ મંદિર, ફાગવેલમાં વીર ભાથીજી મહારાજ, ગળતેશ્વરમાં શ્રી ભોલાશંકરનું મંદિર, ટૂંવાટિંબામાં આવેલ ગરમ-ઠંડા પાણીના કુંડ, પરીએજમાં આવેલ પક્ષીઓનું અભયારણ્ય સૌ પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરે છે. અનેક જાતિઓ, અનેક ધર્મો, અનેક વ્યવસાય હોવા છતાં પ્રજા 'અનેકતામાં એકતાના સૂત્રને વળગી રહી છે. જિલ્લાના મુખ્ય પાકો ડાંગર, ઘઉં, બાજરી, મકાઈ છે. સિંચાઈની, રેલવેની અને રાષ્ટ્રીય માર્ગોને જોડતી સડકોની સુંદર સુવિધા આ જિલ્લો ધરાવે છે.

**કૃષિક્ષેત્રે અગ્રેસર :** ગુજરાત રાજયમાં ખેડા અને આણંદ જિલ્લો હરીયાળા જિલ્લાઓ છે. જંગલ સિવાયના વિસ્તારમાં પ્રતિ હેકટરે વધુમાં વધુ વૃક્ષો (૯૮) ખેડા આણંદ જિલ્લામાં હોવાનો અંદાજ છે. આમ આ બન્ને જિલ્લામાં વૃક્ષોનું વાવેતર ખેતીની સાથે થાય છે. તેથી વૃક્ષ ઉછેર એ પણ એક મહત્વના પૂરક ઉદ્યોગ તરીકે વિકસ્યો છે. વૃક્ષ વાવેતર, સંભાર, કાપણી તથા સો મીલ તેમજ વૃક્ષ આધારીત અન્ય ઉદ્યોગો ઉપર અંદાજે ૧૦,૦૦૦ કુટુંબો સીધી કે આડકતરી રીતે સંકળાયેલા છે. વાર્ષિક ૨૦૦થી વધુ કરોડની રકમનો વ્યાપાર થતો હોવાનો અંદાજ છે.

આ જિલ્લામાં દૂધ ઉત્પાદન પછી કે તેની સમકક્ષ આ ઉદ્યોગ પાંગરેલ છે. હવે નવા નવા સંશોધનો કરવા માટે સરદાર પટેલની ભૂમિમાં ખેડૂતો આગળ આવી રહયા છે. વધુ ઉત્પાદન આપતી







જાતો જેવી કે ક્લોનલ નીલગીરી, હાઇબ્રીડ નીલગીરી તેમજ સારી જાતના સાગ, વાંસ, પોપલર, મહાગોની જેવા વૃક્ષો વાવી પર્યાવરણને બચાવવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. આ જિલ્લાના ખેડૂતો કાર્બન ક્રેડીટ મેળવવા માટે પણ ઉત્સાહ દાખવી રહી છે.

**આરોગ્યમાં અગ્રેસર :** ખેડા જિલ્લામાં માળખાકિય સુવિધાઓનો વિકાસ સર્વાધિક પ્રમાણમાં થયો છે. આ જિલ્લામાં બે જનરલ હોસ્પિટલો, બી.એચ. સી., પી.એચ.સી. સહિત ૩૩૨ આરોગ્ય પેટા કેન્દ્રો આવેલા છે. જ્યાં નાગરિકોને ઉત્તમ આરોગ્યની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૦૯થી અમલમાં આવેલી બાળ સખા યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧૩૦૪ વિદ્યાર્થીઓની ચકાસણી કરી ઈલાજ કરવામાં આવ્યો છે. બાળ વિકાસ અને પોષણ કેન્દ્રમાં ૪૬૫ કુપોષિત બાળકો લાભાન્વિત થયા છે. ખેડા જિલ્લો બાળ રસીકરણમાં ૯૮.૬૧ ટકા સાથે રાજ્યમાં મોખરે છે. શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૦૨થી અત્યાર સુધીમાં કુલ ૧૧૪૯ હૃદયના, ૧૬૪ કિડની, ૫૦ કેન્સર તથા ૭૬ અન્ય ગંભીર બિમારીઓની સારવાર તેમજ જરૂર હોય તો ઓપરેશન કરાવવામાં આવ્યા છે. દૃષ્ટિ ખામી વાળા ૪૪૨૯૦ બાળકોને નિઃશુલ્ક ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું છે. તો ગંભીર પ્રકારની હૃદયની બિમારીઓમાં ચાર દર્દીઓને બેંગ્લોરમાં સારવાર આપવામાં આવી છે.









જનની સુરક્ષા યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબની સગર્ભા મહિલાઓને સરકાર તરફથી યોગ્ય આર્થિક સહાય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૫૩૮૧૯ મહિલાઓએ આ યોજનાનો લાભ લીધો છે. જેના કારણે સંસ્થાકીય પ્રસૂતિનો દર ૧૯૯૨-૯૩માં ૩૮.૧૬ ટકાથી વધીને વર્ષ ૨૦૧૦-૧૧માં ૯૩.૪૬ ટકા સુધી પહોંચ્યો છે. ચિરંજીવી યોજનામાં જિલ્લાના ૨૪ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત તબીબોની સહાયથી પ્રસૂતિ કરવામાં આવે છે. જેનો કુલ ૧૬૧૦૮ મહિલાઓએ લાભ લીધો હતો.

**જળ વ્યવસ્થાપન :** ખેડા જિલ્લો વરસાદી ખેતી પર નભે છે. ટકાવારીની દ્રષ્ટિએ ખેડા જિલ્લામાં કેનાલ આધારિત ખેતી થાય છે. જિલ્લામાં કુલ ૧૪ જૂથ પાણી પુરવઠા યોજના કાર્યરત છે જેના દ્વારા ૧૯ ગામો તથા ૩૦૦ પરાઓને પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે આ ઉપરાંત ૧૨ ગામોમાં પાણીની સુવિધા પુરી પાડવા મિની પાણી પુરવઠા યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. આ ઉપરાંત ₹ ૫.૧૫ કરોડના ખર્ચે ૧૦૪ જેટલી યોજનાઓ વર્ષ ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. જિલ્લામાં પંચાયતી સિંચાઇ વિભાગ દ્વારા ૬૪ ચેકડેમો, રાજ્ય સિંચાઇ વિભાગ દ્વારા ૩૭૩ ચેકડેમો તથા ૨૬૨ તળાવો ઊંડા કરી ભૂગર્ભ જળ ઊંચા લાવવામાં આવ્યા છે જેનાથી ખેતીને પ્રોત્સાહન પ્રાપ્ત થઇ રહ્યું છે. જિલ્લામાં ચાલતી વિવિધ સિંચાઇ યોજનાના કારણે ૭૮૫૬ હેક્ટર જમીન લાભાન્વિત થઇ છે. ભૂગર્ભ જળ ઉંચા આવ્યા છે તેમજ પૂર નિયંત્રણ યોજનાઓના કારણે જમીનનું ધોવાણ થતું અટક્યુ છે.





**શિક્ષણ :** ખેડા જિલ્લામાં છેલ્લા દસકામાં સાક્ષરતા દરમાં ૧૨.૩૫ ટકાનો વધારો થયો છે. જિલ્લામાં સાક્ષરતા દર ૮૪.૩૧ ટકા છે જેમાં પુરૂષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૯૩.૪૦ ટકા જ્યારે મહિલાઓમાં ૭૪.૬૭ ટકા છે. આ દાયકામાં મહિલાઓમાં સાક્ષરતાનો દર ૧૭.૭૭ ટકાના દરે વધ્યો છે. શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અને ગુણોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા જિલ્લામાં ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે. વર્ષ ૨૦૦૨-૦૩માં ધો - ૧ થી ૫માં ડ્રોપ આઉટ રેશિયો ૪.૨ ટકા હતો જે વર્ષ ૨૦૧૦-૧૧માં ઘટીને ૧.૨૯ ટકા થયો છે. તે જ રીતે ધો - ૧ થી ૭માં ડ્રોપ આઉટ રેશિયો ઘટીને ૨.૦૩ ટકા થયો છે. જિલ્લામાં ૩૯૬ જેટલી શાળાઓ આવેલી છે. જેમાં કુલ ૩,૩૩,૪૯૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ ઉપરાંત જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ માટે કોલેજો આવેલી છે.

**તાલીમ રોજગાર :** જિલ્લાના યુવાનોને રોજગારીની પૂરતી તક મળે તે માટે આઇ.ટી.આઇ.ના માધ્યમથી વિવિધ અભ્યાસક્રમો ચાલી રહ્યાં છે જેમાં ડ્રાઇવીંગ, ખાટલીભરત, હેન્ડીક્રાફ્ટ, કોમ્પ્યુટર, હાઉસ વાયરીંગ, સિમેન્ટ આર્ટીકલ, ટેરાકોટા, કેન્ડલ મેકીંગ, સ્ક્રીન પ્રિન્ટિંગ, મોટર રીવાઇન્ડીંગ, પી.ઓ.પી. સીલીંગ વર્ક, ફુડ પ્રોસેસીંગ, ટુ - વ્હીલર - ફોર વ્હીલર રીપેરીંગ, મોબાઇલ રીપેરીંગ વગેરે તાલીમ આપવામાં આવી રહી છે. હાલ વિવિધ અભ્યાસક્રમોમાં જિલ્લાના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થી ભાઇ બહેનો તાલીમ લઇ રહ્યાં છે.

**આવાસ યોજનાઓ :** જિલ્લાના દરેક જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા એવા અનુસૂચિત જાતિ અને બીજા અન્ય વર્ગોને ઘરનું ઘર આપવા માટે સરકાર કટીબધ્ધ છે. ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૧૦૯ લાભાર્થીઓનો ઇન્દિરા આવાસ યોજનાઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સરકાર તરફથી દરેક લાભાર્થીને ₹ ૪૭૫૦૦ની સહાય પૂરી પાડવામાં આવે છે.

સરદાર આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૧ સુધીમાં ₹ ૧૫૫૨ લાખના ખર્ચે ૬૪૭૧ મકાનો લાભાર્થીઓને આપવામાં આવ્યા હતા. જ્યારે ૨૦૦૧થી ૨૦૧૧ના સમય ગાળા દરમિયાન ₹ ૭૩૫૦.૩૪ લાખના ખર્ચે ૨૧૦૯૪ આવાસો તૈયાર કરવામાં આવ્યા છે.

**માર્ગ અને મકાન :** દરેક શહેર કે ગામના વિકાસમાં






આંતરમાળખાકીય સુવિધાઓનો ખૂબ મોટો ફાળો રહેલો છે. રાજ્યનાં દરેક જિલ્લાઓ અન્ય જિલ્લા મથક સાથે મજબૂત માર્ગથી જોડાયેલા છે. ખેડા જિલ્લામાં પણ માર્ગનો ખૂબ જ વિકાસ થયો છે. વર્ષ ૨૦૧૧-૧૨ સુધીમાં વિવિધ યોજનાઓ અંતર્ગત ₹ ૯૦૬૮.૧૫ લાખના ખર્ચે ૩૪૯.૨૦ કિલોમીટરના માર્ગો તૈયાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જનસુખાકારી માટે જરૂરિયાત વાળા સ્થળોએ પુલોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**સ્વજલધારા યોજના :** વાસ્મો દ્વારા સેક્ટર રીફોર્મ કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લામાં સ્વજલધારા યોજના કાર્યરત છે. આ યોજનામાં અંદાજીત રકમની ૧૦ ટકા રકમ લોકભાગીદારીથી ગ્રામ્ય સમિતિ દ્વારા સમિતિના એકાઉન્ટમાં જમા કરાવતાં બાકીની ૯૦ ટકા રકમ સરકાર શ્રી દ્વારા આપવામાં આવે છે. જેમાં ૨૦૪ પૈકી ૧૩૭ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. વાસ્મો દ્વારા ચાલુ વર્ષે જિલ્લાની ૬૦૭ આંગણીવાડીઓમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. બાકીની આંગણવાડીઓમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૮૫૦ પ્રાથમિક શાળાઓમાં જળમણી કાર્યક્રમ અંતર્ગત યુ.વી. / આર.ઓ. પ્લાન્ટ ફાળવવામાં આવ્યા છે.

**મિશન મંગલમ યોજના :** રાજ્યના સ્વર્ણિમ વર્ષ ૨૦૧૦માં મિશન મંગલમ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજનામાં રાજ્યના તમામ સંસાધનો અને પ્રયાસો દ્વારા ગરીબો અને સર્વ સમાવેશક વિકાસ અને સશક્તિકરણ માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ મિશનનો હેતુ નાના નાના સમુહ કે સંગઠનો વડે ગરીબ લોકો એકઠા કરી તેમના કૌશલ્યને પોષવા, સૂક્ષ્મ નાણાંકીય મદદ પુરી પાડવી અને રોજગારીના લાંબાગાળાનાં સાધનો દ્વારા સશક્ત બનાવવાની છે. મિશન મંગલમ્ અંતર્ગત કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ ઉપરાંત કૃષિ, એગ્રો - પ્રોસેસિંગ, ડેરી અને પશુપાલનમાં રોજગારીની તકો મજબૂત કરવા માટે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. ગ્રામીણ સેવા ક્ષેત્રમાં સ્વસહાય જૂથોને પ્રવૃત્તિ કરવા પર વિશેષ ભાર આપવામાં આવશે.

વર્ષ ૨૦૧૧-૧૨ સુધીમાં ૧૦૧૯૯ સખી મંડળની રચના કરવામાં આવી છે જેમાં અત્યાર સુધીમાં ₹ ૧૫૭૦.૮૫ લાખની રકમ સભાસદોના બેંક ખાતામાં જમા થઇ છે.

**સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન :** નાગરિકોના આરોગ્યની જાળવણી માટે સ્વચ્છતા ખૂબ જરૂરી છે. શહેરી વિસ્તારોમાં ગટર વ્યવસ્થા અને સુએઝ ફાર્મ દ્વારા ગંદા પાણીનો નિકાલ કરવામાં આવે છે જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ઘરે ઘરે શૌચાલયો બનાવવા માટે સરકાર શ્રી દ્વારા ખાસ યોજના બનાવવામાં આવી છે. ખેડા જિલ્લામાં પણ એ.પી.એલ., બી.પી.એલ. પરિવારોનો શૌચાલયો બનાવવા માટે ખાસ આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૧-૧૨ સુધીમાં ₹ ૧,૧૭૭.૨૮ લાખના ખર્ચે ૧,૩૦,૪૪૨ બી.પી.એલ. તથા ₹ ૬૧૮.૯૩ લાખના ખર્ચે ૧,૫૫,૪૧૮ એ.પી.એલ. શૌચાલયો બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ₹ ૪૩.૭૯ લાખના ખર્ચે ૮૮ સામુહિક શૌચાલયો બનાવવામાં આવ્યા છે.

**સૌથી મોટું વણાકબોરી તાપવિદ્યુત મથક :** રાજ્યના ઉદ્યોગોના વિકાસના પાયામાં ઉર્જાશકિત સમાયેલી છે. ઉદ્યોગોને અને ગ્રામ્ય પ્રજાને વાજબી ભાવે અને સમયસર વીજળી મળી રહે તે દિશામાં ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનની કામગીરી અભિનંદનીય રહી છે. વર્ષ ૧૯૮૨થી શરૂ થયેલું આ પાવર સ્ટેશન ગુજરાત રાજ્યનું સૌથી મોટું પાવર સ્ટેશન ગણાય છે.

૨૧૦ મેગાવોટના ૭ યુનિટ ધરાવતું વણાકબોરી તાપવિદ્યુત મથકમાં રાજ્યની કુલ ઉત્પાદિત વીજળીના ૫૦ ટકા જેટલી વીજળી ઉપન્ન થાય છે. આ વિદ્યુત મથકની ક્ષમતા ૧૪૭૦ મેગાવોટ છે. ₹ ૧૧૦૬ કરોડના




આ વિદ્યુત મથકમાં રોજીંદો આશરે ૨૨,૦૦૦ મેગા ટન કોલસો વપરાય છે. વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન વીજ ઉત્પાદન તથા ખર્ચમાં કરકસર જેવા વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલી સિધ્ધિઓ માટે સતત વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૩-૦૪ દરમ્યાન યુનિટ નં. ૭ ને રાષ્ટ્રીય સ્તરે સુવર્ણ ચંદ્રક તથા યુનિટ નં. ૧ થી ૬ ને રજત ચંદ્રક મળ્યો છે. યુનિટ નં. ૧ થી ૭ ને આ વર્ષો દરમ્યાન ઓઇલના વપરાશમાં ઘટાડો કરવા બાબતે પણ રાષ્ટ્રીય પ્રમાણપત્રો વર્ષ ૨૦૦૨-૦૩માં મળ્યા છે.

**ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નૉલૉજી સ્ટેટ યુનિવર્સિટી :** આ સંસ્થાની સમગ્ર શૈક્ષણિક કાર્યપ્રણાલી સને ૨૦૦૨ના વર્ષથી આઈએસઓ ૯૦૦૧ ના આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ કેપીએમજી હોલેન્ડ દ્વારા પ્રમાણિત છે કે જે દેશની તમામ યુનિવર્સિટીઓમાં પ્રથમ ઘટના છે.

સંસ્થા સને ૧૯૯૦ના વર્ષમાં ગુજરાતની પ્રથમ સ્વાયત્ત કોલેજ તરીકે ઘોષિત થઈ. એ પછીની કામગીરીથી પ્રભાવિત થઈને સને ૨૦૦૦ના વર્ષમાં યુ.જી.સી દ્વારા ડીમ્ડ યુનિવર્સિટી તરીકે માન્ય થઈ.

**ઉદ્યોગ :** જિલ્લામાં નડિયાદ ખાતે ન્યુ શોરોક મીલ આવેલી છે જે વર્ષો પહેલાં સ્વદેશી મીલના નામે ઓળખાતી હતી. હાલમાં મફતલાલ ગ્રુપ કાપડ ઉદ્યોગમાં દેશ અને પરદેશમાં ખૂબજ જાણીતી કંપની છે. આજે પણ કંપનીનું મેનેજમેન્ટ કાપડ ઉદ્યોગના પ્લાનીંગ, નિર્ણયો અને કાર્યપધ્ધતિમાં ટોચનું સ્થાન ધરાવે છે અને અંદાજે કુલ ૫૦૦૦ કર્મચારીઓ રોજગારી મેળવે છે.

**રાષ્ટ્રનિર્માણના સૂત્રધાર સરદાર પટેલનું જન્મસ્થળ :** ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલનો જન્મ નડિયાદ શહેરમાં દેસાઈવગો ભાથીખત્રી વિસ્તારમાં થયો હતો.સ્વતંત્ર ભારતના સ્વપ્નદ્રષ્ટા, અખંડ ભારતના શિલ્પી, મોહનદાસ કરમચંદ ગાંધીના હનુમાન, ખેડા સત્યાગ્રહના પ્રથમ સૈનિક, વીર પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ, ઝવેરભાઈના પરિવારમાં મોસાળ નડિયાદમાં થયો હતો. તે ઐતિહાસિક સ્થળ દેસાઈવગોમાં ભાથીખત્રી મહાત્મા ગાંધીજીના સ્ટેચ્યુ સમીપ ડાબી બાજુ છે, તે પાવનકારી ભૂમિ એ નગર નડિયાદનું નજરાણું છે.



**નવ સાક્ષર રત્ન :** એક જ સમયગાળા દરમ્યાન નડિયાદ નગરમાં નવ સાક્ષર રત્ન થઇ ગયા જેમાં (૧) ગોવર્ધનરામ ત્રિપાઠી (૨) બાળાશંકર કંથારિયા (૩) મણિભાઇ નભુભાઇ દ્વિવેદી (૪) દોલતરામ પંડયા (૫) ઝવેરીલાલ યાજ્ઞિક (૬) મનસુખરામ ત્રિપાઠી (૭) છગનલાલ શંકરલાલ પંડયા (૮) અંબાલાલ બુલાખીરામ જાની (૯) ચંદ્રશંકર નર્મદાશંકર પંડયા.

**નડિયાદના સિધ્ધહસ્ત સર્જકો :** (૧) રઘુનાથ બ્રહ્મભટ્ટ (૨) બકુલ ત્રિપાઠી (૩) શાન્તિલાલ ઠાકર (૪) ઈન્દુલાલ યાજ્ઞિક (૫) વિઠ્ઠલભાઇ પટેલ (૬) કુલીનચંદ્ર યાજ્ઞિક (૭) મહિપતરામ ત્રિપાઠી (૮) સ્નેહબાળા મહેતા

**ગોર્વધનરામ સ્મૃતિ મંદિર :** આ એક અમૂલ્ય સાહિત્યતીર્થ છે, ગુજરાતના સાહિત્યરસિક યાત્રીઓએ સ્મૃતિમંદિરનું દર્શન કરવા જેવું છે. સરસ્વતીચંદ્રના રચયિતા ગોવર્ધનરામ ત્રિપાઠીનું આ નિવાસસ્થાન છે. જેનું મહત્વ જોતાં સાહિત્યકારોનું સરનામું હેરીટેજ વોક બનાવવામાં આવેલ છે.

**હરિઑમ આશ્રમ ‘સાધનાભૂમિ નડીયાદ :** પૂજ્ય મોટાએ સાધકોને સાધનાની સુવિધા પ્રાપ્ત થાય તે માટે ૧૯૫૪માં નડિયાદથી ચારેક કિ.મી. દૂર પૂર્વમાં શેઢી નદીના કિનારે બિલોદરા નજીક આ આશ્રમની સ્થાપના કરી ‘મૌનમંદિરો’ કર્યા છે. જયાં વ્યકિત બાહ્ય સંસારથી અલિપ્ત થઈ અંતર્મુખ થઈ પરમાત્માની નજીક જવા માટે મૌન સાધના કરે છે.

**તીર્થરાજશ્રી સ્વામીનારાયણ મંદિર વડતાલ :** સંવત૧૮૭૮ માં ચૈત્ર સુદમાં સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે આ મંદિરનું ખાતમુહૂર્ત કર્યુ અને સંવત ૧૮૮૧ ના કાર્તિક માસમાં બાંધકામ પૂર્ણ થયું. મજૂરોને બદલે સાધુ સંતો તથા સત્સંગીઓએ જાતે ઈંટો તથા ચૂનો ઉપાડવાનું, પકવવાનું, તમામ કામ તથા બાંધકામ સેવાભાવથી કર્યુ. આ મંદિરના પાયામાં અને પગથારમાં નવ લાખ ઈંટો વપરાઈ છે. સહજાનંદ સ્વામી પોતે ૩૭ ઈંટો સ્વમસ્તક પર ઉપાડી તેમાંથી ૩૫ ઈંટો લક્ષ્મીનારાયણની મૂર્તિ નીચેની બેઠક (પડઘી)માં ચણી છે.

**ગરમ પાણીના કુંડ, લસુન્દ્રા :** જિલ્લાના કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામમાં આવેલા ગરમ પાણીના કુંડ વિશિષ્ટ પ્રકારના છે. ગામને પાદરે સોમનાથ મહાદેવનું ભવ્ય મંદિર છે.બાજુમાં તળાવ છે.મહાદેવની વિખરાયેલી જટામાંથી ગંગા વહેતી હોય તેવું નિર્મળ જળ વહે છે. ત્યાં પ્રકૃતિના સુંદર દર્શન થાય છે. મંદિરના અગ્ર ભાગમાં ગરમ અને ઠંડા પાણીના કુંડ આવેલા છે. કુંડના પાણીમાં ગંધકની વાસ આવતી નથી.તે એક ચમત્કાર છે. દૂરદૂરથી યાત્રીઓ અહીં આવે છે.

**દરબાર ગોપાલદાસની અદભુત કાષ્ઠ હવસો :** નડિયાદથી ૨૦ કિ.મી દૂર વસો ગામમાં મધ્યયુગની સંસ્કૃતિની ઝાંખી કરાવતી કાષ્ઠની કોતરકામવાળી અનુપમ હવેલી પર્યટકો માટે અદભુત આકર્ષણનું કેન્દ્ર છે.

**ડાયનાસોર ફોસીલ પાર્ક, રૈયોલી, તા.બાલસિનોર :** આ પ્રાગઐતિહાસિક સ્થળ રૈયોલી ડાયનાસોર ફોસીલ પાર્ક બાલાસિનોર મેઈન રોડથી ૮ કિ.મી.અંદરના વિસ્તારમાં છે. ગુજરાત સરકાર આ સ્થળના વિકાસ માટે પ્રયત્નશીલ છે. આ સ્થળ વિશ્વના સંશોધકો માટે અમૂલ્ય પુરાતત્વ સંશોધન કેન્દ્ર બન્યું છે. ૧૯૮૧ માં પાણીની સમસ્યાના નિવારણાર્થે ખોદકામ કરતા, તેઓને ગોળાકાર અને લગભગ અલગ અલગ આકારના વિવિધ અવશેષો પ્રાપ્ત થયા. તે જોઈ વિશ્વના સંશોધકો અચરજ પામ્યા છે.

આ અવશેષો સાડા છ કરોડ વર્ષ પૂર્વ થઈ ગયેલાં મહાકાય પ્રાણી ડાયનાસોરના હોવાનું જણાતાં તે વિશ્વસ્તરના વૈજ્ઞાનિકોએ રૈયોલી ગામે વધુ શોધખોળ આદરી હતી. અહીં હજારોની સંખ્યામાં ડાયનાસોરનાં ઈંડાઓ અને અશ્મિઓ પ્રાપ્ત થયાં છે.

**પંખીઓનું પ્રિય પ્રાકૃતિક સૌદર્યનું સ્વર્ગ, પરીએજ :** પરીએજમાં મોટું તળાવ, નાનું તળાવ અને રાતડેશ્વર તળાવ આવેલાં છે. ખંભાતના અખાતની નજીકમાં, પરીએજ જળપ્લાવિત વિસ્તારમાં ખૂબ મોટી સંખ્યામાં પક્ષીઓ જોવા મળે છે. સામાન્ય, યાયાવર અને આયાવર ત્રણેય પ્રકારના પંખીઓ તળાવની આજુબાજુના વિસ્તારમાં નજરે પડે છે. ગુજરાતના ગૌરવ સમા સારસ પક્ષીઓના ઝૂંડ જોવાં મળે છે. જે આ વિસ્તારનું જાણીતું પક્ષી છે. ભારતમાં માત્ર ગુજરાત અને ઉત્તર પ્રદેશમાં સારસ જોવાં મળે છે.





પરીએજના મુખ્ય તળાવનો ઘેરાવો આશરે ૧૨ ચો.કિ.મી. છે. તેની સામાન્ય ઊંડાઈ ૮.૫ ફૂટ અને મહત્તમ ઊંડાઈ ૧૦.૫ ફુટ છે. તળાવ ભરવા માટે મહીકેનાલ તથા નર્મદા કેનાલનું પાણી મુખ્ય સ્ત્રોત છે.

પરીએજ મુકામે પ્રવાસન કાર્યક્રમ અંતર્ગત સામાન્ય જનતા પરીએજ મુકામે આવતા યાયાવર પક્ષીઓ તેમજ સ્થાનિક પક્ષીઓને નિહાળી શકે તેના વિશે જરુરી માહિતી મેળવી શકે, તેમજ કુદરતની પ્રકૃતિને માણી શકે તે ઉદેશથી ઈન્ટર પ્રીટીશન સેન્ટર, વોચ ટાવર, સાઈનેઝીસ ડાયોરામા અને અન્ય સાહિત્ય તૈયાર કરવામાં આવી રહ્યા છે. આમ એક સુંદર રમણીય પ્રવાસન ધામ તરીકે વિકાસ પામી રહ્યું છે.

**મેળાઓ અને ઉત્સવો :**

- માતર તાલુકાના પાલ્લા ગામે સાબરમતીના સંગમ નજીક કારતક સુદ૧૧ થી ૧૫ સુધી વૌઠા પાલ્લાનો મેળો.
- સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોર ખાતે ફાગણી પૂનમનો મેળો.
- સુપ્રસિધ્ધ સેવાતીર્થ સંતરામ મંદિર નડિયાદ ખાતે મહાસુદ પૂનમે લોકમેળો ભરાય છે. આ દિવસે આરતી અને સાકરવર્ષા થાય છે.
- તીર્થધામ ગળતેશ્વર મહાદેવ ઠાસરા તાલુકાના સરનાલ ગામ નજીક મહીસાગર અને ગળતી નદીના સંગમ સ્થાને આવેલું છે. જ્યાં મહાશિવરાત્રીનો મેળો ભરાય છે.
- માતર તાલુકાના સંધાણા ગામે શંકરાચાર્યનગરમાં મહાશિવરાત્રીનો મેળો ભરાય છે.
- કઠલાલ તાલુકાના ફાગવેલ ગામે બેસતાવર્ષે વીર ભાથીજીનો મેળો ભરાય છે.
- નડિયાદ તાલુકાના વડતાલ ગામે સ્વામિનારાયણ મંદિરનો ગોકુળષ્ટમી મેળો ભરાય છે.

# આઇ.ટી.આઇ. ડિપ્લોમા અને વ્યાવસાયિક કસોટી પાસ કરનારા ધોરણ - ૧૨ સમકક્ષ ગણાશે




ગુજરાતના શહેરો ઝડપભેર વિકસી રહ્યા છે. ૨૧મી સદીની બદલાતી જતી ટૅકનૉલૉજી અનુરૂપ વ્યવસાયકારોની માંગ પણ બદલાઇ છે. ત્યારે તે અનુરૂપ તાલીમ અને અભ્યાસક્રમો આજની આવશ્યકતા બની ગઇ છે. સાથોસાથ નાગરિકો માટે જરૂરી એવી માળખાકીય સુવિધાઓ આવશ્યક બની છે. તેમાં વાત શિક્ષણની હોય કે પછી સરકારી કચેરીના આધુનિકીકરણની... આખરે સામાન્ય નાગરિકની સુવિધા જ કેન્દ્ર સ્થાને હોય છે આ જરૂરીયાતો પરીપૂર્ણ કરવા તંત્રએ પ્રયાસો હાથ ધર્યા છે.

રોજગારી માટે ઉચ્ચ અભ્યાસક્રમોની સાથે આઇ.ટી.આઇ.ના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો પણ ખૂબ ઉપયોગી બની રહ્યા છે. આ માટે વ્યવસાયકારોની માંગ અનુસાર આઇ.ટી.આઇ.ના અભ્યાસક્રમો અને તાલીમ માટેના નવા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. આ તાલીમથી યુવાનોને રોજગારીની વધુ તકો મળી રહી છે. વળી ગુજરાત ઓટોમોબાઇલ્સ ક્ષેત્રનું હબ બનવા જઇ રહ્યું છે. આઇ.ટી. ક્ષેત્ર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રનો થઇ રહેલો વિકાસ વિવિધ વ્યવસાયનું કૌશલ્ય ધરાવતા યુવાનોની માંગ ઉભી કરશે. ભવિષ્યમાં ઉભી થનારી આ માંગની આપૂર્તિ માટે સજ્જ યુવાનોની ફોજ ઉભી કરવા આઇ.ટી.આઇ.ના કેન્દ્રો અને અભ્યાસક્રમને અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ અને આઇ.ટી.આઇ.ના ₹ ૯.૧૬ કરોડના ખર્ચે આધુનિક નવા મકાનનું લોકાર્પણ કર્યું હતુ અને જણાવ્યું કે આઇ.ટી.આઇ.નો ડિપ્લોમાં ધો - ૧૦ પછી પાસ કરનારને ધો - ૧૨ સમકક્ષ ગણાશે. આ ઉપરાંત ધો - ૧૦ પછી બે વર્ષનો વ્યવસાય કોર્ષ પાસ કરનારને પણ ધો - ૧૨ સમકક્ષ ગણાશે. જ્યારે ધો - ૮ પછી આઇ.ટી.આઇ.નો બે વર્ષનો વ્યવસાયલક્ષી કોર્ષ કરનારને ધો - ૧૦ સમકક્ષ ગણાશે.





આ જાહેરાતથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ખૂબ ફાયદો થશે. આઇ.ટી.આઇ. ભવનના લોકાર્પણની સાથે જ મુખ્યમંત્રીશ્રીએ સીટીએમની નવી આરટીઓ કચેરીનું ઉદ્‌ઘાટન કર્યું હતું. અમદાવાદનો વ્યાપ અને વિકાસ વધ્યો છે. ત્યારે બીજી આરટીઓ કચેરીનો પ્રારંભ થતા લોકોની સુવિધામાં વધારો થશે. તેમનો સમય, નાણાં અને શક્તિ બચશે. વાહનોની સંખ્યા વધી રહી છે ત્યારે સીટીએમની નવી આરટીઓ કચેરી અરજદારોને ઝડપી અને આધુનિક સુવિધા પુરી પાડવા સક્ષમ બનશે. આ બંને કચેરીઓના સંયુક્ત લોકાર્પણ પ્રસંગે અમદાવાદના વસ્ત્રાલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "સૌનો સાથ, સૌનો





વિકાસ'' મારો મંત્ર છે. આ બંને ભવનોમાં મળીને ₹ ૨૫ કરોડનો ખર્ચ કરીને પૂર્વ અમદાવાદમાં વાહન ચાલકો અને વાહન ધારકો માટે સ્વતંત્ર આર.ટી.ઓ.ની વ્યવસ્થા તથા આઇ.ટી.આઇ.ની સુવિધા આપવામાં આવી છે તેની વિશેષતાઓની રૂપરેખા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. અમદાવાદ પછી સુરત અને વડોદરા મહાનગરોમાં પણ બીજી અલગ આર.ટી.ઓ. કચેરીઓ શરૂ કરવાના નિર્ણયની જાહેરાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ટેકનૉલૉજી સાથે નાગરિકોને વાહનવ્યવહાર ક્ષેત્રની આટલી આધુનિક વ્યવસ્થા એકલા ગુજરાતમાં જ છે. ગુજરાતના વિકાસની હરણફાળ સાથે રાજ્યમાં વાહનોની સંખ્યા વધી રહી છે અને આજે એક કરોડ પાંત્રીસ લાખ જેટલા વાહનો નોંધાયા છે. ગુજરાતના આર્થિક અને ઔદ્યોગિક વિકાસની ઝડપ સાથે યુવાશક્તિને કામનો અવસર મળી રહે તે માટે દરેક યુવક યુવતીઓને હુન્નર કૌશલ્યવર્ધનની તાલીમ સુવિધા આપવા દરેક તાલુકામાં એક આઇ.ટી.આઇ. શરૂ કરી દીધી છે.

### આરટીઓ કચેરીમાં ઉપલબ્ધ સુવિધાઓ

- સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝડ્ કચેરી
- સિંગલ વિન્ડો સિસ્ટમ
- સ્પીડ પોસ્ટથી લાયસન્સ તથા રજિસ્ટ્રેશન બુકનુ વિતરણ
- સરળ અને ઝડપી કામગીરી

હિન્દુસ્તાને અવનવી સ્પર્ધાઓમાં આગળ નીકળવા માટે દેશના યુવાવર્ગના કૌશલ્યવર્ધનની તાલીમનું નેટવર્ક ઉભુ કરવું અનિવાર્ય છે તે હકીકત ઉપર ભાર મૂકતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યની આવી આઇ.ટી. આઇ.માં તાલીમ પામેલા ૨૦૦ જેટલા તાલીમાર્થીઓ કૌશલ્ય હુન્નરને કારણે વિદેશમાં પસંદ થયા છે તે ગુજરાતની આઇ.ટી.આઇ.નું સ્તર કેટલું ઉંચું આવેલ છે તે બતાવે છે. શ્રમ, રોજગાર અને નાણાં મંત્રી શ્રી વજુભાઇ વાળાએ જણાવ્યું હતું કે, ગુજરાતના યુવાવર્ગ અને મહિલાઓનું કૌશલ્ય નિર્માણ કરી 'હર હાથ કો કામ'' આપવા છેલ્લા એક દસકાથી અભિયાન ઉપાડયું છે તેના પરિપાક રૂપે આજે આઇ.ટી.આઇ.નું નવું ભવન બનાવ્યું છે. આ ઉપરાંત અમદાવાદ પૂર્વ વિસ્તાર માટે અલગ આર.ટી.ઓ. કચેરીની સુવિધા ઉભી કરવા પાછળની ભૂમિકા પણ તેમણે આપી હતી. આ પ્રસંગે માર્ગ મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, રાજ્ય મંત્રી શ્રી લીલાધરભાઇ વાઘેલા અને શ્રી રણજીત ગીલીટવાલા, મેયર શ્રી અસિત વોરા, ધારાસભ્યો, વિભાગોના અગ્રસચિવશ્રીઓ, વિવિધ ક્ષેત્રના પદાધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં વાહન વ્યવહાર કમિશનર શ્રી જે.પી.ગુપ્તાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ■

### આઈટીઆઈમાં સમાવિષ્ટ સુવિધાઓ

- અદ્યતન સુવિધા સાથે ₹ ૯.૧૭ કરોડના ખર્ચે નવનિર્મિત ભવન
- રાષ્ટ્રીય કક્ષાના ૧૯, રાજ્ય કક્ષાના ૧૧ વ્યવસાયોમાં અદ્યતન તાલીમની સુવિધાઓ
- અદ્યતન પાવર ટુલ લેબ
- ૧.૮ એકરમાં વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ

# ત્રણ વર્ષમાં ટેકનિકલ શિક્ષણની બેઠકો બમણી થઈ

ટેકનિકલ શિક્ષણની બેઠકો છેલ્લા ત્રણ વર્ષમાં બમણી થઈ છે એટલે કે ૨૦૦૮ થી ૨૦૧૧ દરમિયાન ટેકનિકલ શિક્ષણની ૫૨ હજાર બેઠકોમાં વધારો કરી બમણી એટલે કે ૧.૦૮ લાખ બેઠકો કરાઈ છે. જે ટેકનિકલ કૌશલ્યની ભાવિ માંગને પૂર્ણ કરવામાં ખૂબ જ સહાયક પુરવાર થશે તેમ શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતુ. તાજેતરમાં સુરત ખાતે સરકારી ઈજનેરી કોલેજનું અંદાજીત ₹ ૩૮ કરોડના ખર્ચે બંધાયેલા નવનિર્મિત ભવનનું લોકાર્પણ, ડૉ.એસ.એન્ડ એસ.એસ. ગાંધી કોલેજ ઓફ ઍન્જિનિયરીંગ એન્ડ ટેક્નૉલૉજી સુરતના પાંચ પ્રકલ્પોના ભૂમિપૂજન તથા માંગરોળ તાલુકાના વાંકલ ખાતે સરકારી વિનયન કોલેજનું ઉદ્‌ઘાટન શિક્ષણમંત્રીશ્રીએ કર્યું હતું.



વાયબ્રન્ટ-૨૦૧૧માં શિક્ષણક્ષેત્રે ₹ ૧૬ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા છે અને ૩૦ જેટલી વિદેશી યુનિવર્સિટીઓ સાથે કરાર થયા છે ત્યારે તેનો લાભ રાજયના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને મળે તેવો રાજય સરકારનો આશય છે. શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવની સફળતાની વાત કરતા શ્રી વોરાએ કહ્યું કે, શાળા પ્રવેશોત્સવને કારણે રાજયમાં ડ્રોપ આઉટ રેશિયો ખૂબ ઘટ્યો છે. જ્યારે ગુણોત્સવને કારણે શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે, ત્યારે રાજ્ય સરકારનો લક્ષ્ય બાળકો સારૂ, ગુણવત્તાસભર અને સંસ્કારયુક્ત શિક્ષણ મેળવી દેશને સારા નાગરિક આપવાનો છે.

દેશમાં ધોરણ ૧૨ પછી માત્ર ૧૧.૫ ટકા વિદ્યાર્થીઓ કોલેજમાં પ્રવેશ મેળવે છે. ગુજરાતમાં આ રેશિયો ૧૨ ટકાનો છે. ૨૦૦૮માં રાજ્યમાં ૧૧ યુનિવર્સિટીઓ હતી જે વધીને ૨૦૧૦-૧૧માં ૩૮ થઈ ગઈ છે.

વાંકલ ખાતેના કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું કે, આ તાલુકાના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે ઘણી તકલીફ પડતી હતી. કોલેજમાં અભ્યાસ માટે તેમને સુરત, બારડોલી અથવા રાજપીપળા સુધી જવું પડતું હતું. આ કોલેજ શરૂ થતાં સગવડતા વધશે.

આ પ્રસંગે રાજયના વન અને પર્યાવરણ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી મંગુભાઈ પટેલે વર્તમાન રાજય સરકારની સક્રિયતા અને સહયોગથી રાજયમાં વિવિધ ઉચ્ચ અભ્યાસોની બેઠકોમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે ત્યારે ગુજરાતનો વિદ્યાર્થી પોતાના અભ્યાસને આત્મસાત કરી દેશ-વિદેશમાં ગુજરાતનું નામ રોશન કરે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, વીર નર્મદ દ.ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. દક્ષેશ ઠાકર, ટેકનિકલ વિભાગના કમિશનર શ્રી આઈ. બી. પીરઝાદા, ગાંધી કોલેજના આચાર્ય એચ.આઈ.પટેલ, પ્રાધ્યાપકો વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

## ખેત મજૂરની દિકરીએ રાજ્યનું ગૌરવ વધાર્યું

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદી જ્યારે વાલી પાસે 'દિકરી'ને ભણાવવા માટેની ભીખ માંગતા હોય તેવા સમયે સુરત જિલ્લાના આદિવાસી વિસ્તારમાં વસતાં એક ગરીબ ખેતમજૂરની દિકરી શર્મિલા ચૌધરીએ ટોપર ગણાતી પ.બંગાળના ખડગપુર આઈ.આઈ.ટી.માં પ્રવેશ મેળવતી હોય તો એ સમગ્ર રાજ્યનું ગૌરવ છે.

તાજેતરમાં માંગરોળ તાલુકાના વાંકલ ખાતે સરકારી વિનયન કોલેજના શુભારંભ પ્રસંગે પધારેલા શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ તથા વિધાનસભાના અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવાએ ખૂબ જ ગૌરવ સાથે આ ગામની 'દિકરી'ના પિતા ધનસુખભાઈને સ્મૃતિભેટ અર્પણ કરી તેમનું બહુમાન કર્યું હતું. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ પટેલે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી ₹ ૧૦,૦૦૦ આપવાની ઘોષણા કરી હતી. સાચુ જ છે, કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની જાગૃતિને કારણે આજે ગરીબ પરિવાર પણ શિક્ષણ પ્રત્યે ચિંતિત બન્યો છે અને એના પરિણામો પણ જોવા મળી રહ્યાં છે. આજે આઈ.આઈ.ટી. કે આઈ.આઈ.એમ.ની પ્રવેશ પરીક્ષા પાસ કરવી એ લોઢાના ચણા ચાવવા બરાબર છે. જે ગરીબ ઘરની દિકરીએ પાસ કરી સમગ્ર આદિવાસી સમાજનું નામ રોશન કરી આવતી કાલની ભાવિ પેઢીને પ્રેરણા પૂરી પાડી છે. ■

# માનવી માનવીની ઓળખાણ થાય છે જેલમાં આવીને, સાચા ખોટાની પરખ થાય છે જેલમાં આવીને...

ક્ષણિક આવેશમાં આવી જઇ અથવા કોઇ મજબૂરીમાં અપરાધની દુનિયામાં પ્રવેશનારાઓ અને તે અપરાધ બદલ જેલમાં જીવન વ્યતિત કરનારા કેદીઓની એક અનોખી દુનિયા છે. કેદમાં રહી સજા કાપી રહેલા આવા ઘણા કેદીઓની સર્જનવૃત્તિનો સમાજને પરિચય નથી. ઘર પરિવારથી દૂર કેદમાં રહેતા આવા કેદી કવિઓ અને લેખકોના સર્જનમાં એક ઉંડાણ, વ્યથા અને જીવનની ફિલસૂફીના દર્શન સહેજેય થઇ જાય છે. આવા કેદી કવિઓ લેખકોને પ્રોત્સાહન મળે અને તેમનામાં જીવન પ્રત્યે નવી આશાનો સંચાર થાય તે હેતુથી ગુજરાત પાક્ષિકના અંકોમાં કેદી કવિઓની સાહિત્યિક સર્જનવૃત્તિને સ્થાન આપવામાં આવ્યું છે. ગુજરાત પાક્ષિકના વાચકોને આ કવિતાઓ ગમશે. આપના પ્રતિભાવો કેદીઓના સર્જનને પ્રોત્સાહન આપશે...

## ઓળખાણ

માનવી માનવીની ઓળખાણ થાય છે જેલમાં આવીને,
સાચા ખોટાની પરખ થાય છે જેલમાં આવીને,
જે સબંધ નિભાવે તેને કહે છે સાચો સબંધી,

ગઇ ગુજરી વિચારી રહે છે તેને કહે છે સાચો સબંધી,
ભલે આંખની ઓળખ છે છતાં રહીએ છે હળી મળીને,
તેને કહીએ છે માનવી માનવીની ઓળખ,
એક પરિવાર મળે છે આ જેલમાં આવીને,

ત્યારે થાય છે માનવી માનવીની ઓળખાણ,
માનવતા છે પણ આ જેલમાં બધાના દિલમાં,
તો આશા છે કે અમે પણ મુક્તિ મેળવીએ,
માનવી માનવીની ઓળખાણ થાય છે જેલમાં આવીને

**ગીતાબેન એમ. રાઠવા**
પાકા કેદી નં. ૭૯૮૭૦,
વડોદરા મધ્યસ્થ જેલ ■

## ત્રણ સદીઓનાં સાહિત્યકારો - કલાકારોનો એન્સાઈક્લોપીડિયા એટલે ગુર્જર સાહિત્યનો ઝરૂખો

શું આપ જાણો છો કે રાષ્ટ્રિય શાયર ઝવેરચંદ મેઘાણીની જેમ હેમુભાઈ ગઢવીને ગુજરાતી લોકસંગીત ક્ષેત્રે ઉત્કૃષ્ઠ યોગદાન બદલ રાષ્ટ્રપતિશ્રીનાં હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ પ્રકારની માહિતી માટે કોઈ સુવિધા ઉપલબ્ધ ન હતી. ગુજરાત રાજ્ય તેની સ્વર્ણિમ વર્ષની ઉજવણી કરી રહી હતી ત્યારે મુંબઈનાં જાણીતા લેખક શ્રી નિરંજનભાઈ હરિશંકર પંડયાએ મહારાષ્ટ્રની ગુજરાત સાહિત્ય અકાદમી પુસ્તકની મદદથી ગુર્જર સાહિત્યનો ઝરૂખો નામનું એક બહુવિધ પુસ્તક તસવીરો સાથે સંપાદન આલેખન કર્યુ છે.



ગુજરાતી સાહિત્યકારો, કલાકારો, કાર્ટુનિસ્ટો, પત્રકારો, ધાર્મિક કથાકારો, ભજનિકો તથા અન્ય કલાકસબીઓનાં નામ, સરનામા, ફોન, મોબાઈલ, ઈ-મેઈલ, વેબસાઈટ, ફોટા, કૃતિઓ, પ્રેરક વાકયો, જન્મ તારીખ, જન્મ સ્થળ અને જીવનનાં અંતિમ શ્વાસ કયાં અને કયારે લીધા તેવી ઝીણી ઝીણી વિગતોને ૨૨૫ પાનાનાં દળદાર પુસ્તકમાં સમાવી લેવામાં આવી છે. ખાસ વાત તો એ છે કે મહિલા સર્જકોને પણ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આજના ઈન્ટરનેટ યુગમાં કેબલ વીડિયો કોમ્પિટિશનની યુગની ફાસ્ટ જીંદગીમાં ગુજરાતી પુસ્તકો, સાહિત્યનું વાંચન ખૂબ જ ઓછું થતું જાય છે. ત્યારે આ પુસ્તક નવી પેઢી માટે ડિરેકટરી કે નાના એન્સાઈક્લોપીડિયાની ગરજ સારે છે.

આ પુસ્તકનાં નામમાં ઉપયોગ થયેલો ઝરૂખો શબ્દ સૂચક છે. તેનો અર્થ કોશાનુસાર બારી બહાર કાઢેલું ઝઝૂમતું, ઝરૂખો. બાલ્કનીમાં તો અલ્પસંખ્ય સર્જકો જ સમાય,પણ અહી તો મસમોટી સંખ્યાને સમાવિષ્ટ કરવાનો મહત્વાકાંક્ષી અખતરો કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ૮૦૦થી વધુ સાહિત્યકલાકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કેટલાંક ઓછા જાણીતા લેખકોનો પરિચય પણ થશે. તો લોકકથાકારો, સંતો, આખ્યાનકારો, પત્રકારો, તંત્રીઓ, અખબાર, મેગેઝીન, ટેલીવિઝન વગેરે જેવા ક્ષેત્રમાં પોતાનાં સર્જનથી ગુજરાતી સાહિત્યને મૂલ્યવાન બનાવનાર સર્જકોનો સમાવેશ થાય છે. લેખકે ખૂબ પરિશ્રમ કરીને એક પુસ્તકને માહિતીકોશ બનાવવા નોંધપાત્ર કાર્ય કર્યુ છે અને, તેમાં તેઓ સફળ પણ થયા હોય તેમ લાગે છે. પુસ્તકના સંપાદક શ્રી નિરંજનભાઈએ દિવંગત રંગકર્મીઓની મોટી સંખ્યામાં પૂરક માહિતી મૂકીને વિશિષ્ટ અંજલિ આપવાનું અનોખું કર્તવ્ય બજાવ્યું છે. વાંચે ગુજરાત અભિયાનથી રાજયમાં વાંચન પ્રત્યે ઝોક વધ્યો છે ત્યારે આ પ્રકારનાં પુસ્તકો રાજયની નવી પેઢીની વાંચન ભૂખને વધુ પ્રજ્વલીત કરશે. ગુર્જર સાહિત્યનો ઝરૂખો, સંપાદકલેખક નિરંજનભાઈ હ. પંડયા, પ્રકાશક હેમન્ત.ઠક્કર, એન.એમ.ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,મુંબઈ. કિંમત ₹ ૨૨૫. સંપર્ક મોબાઈલ નં.૯૩૨૩૦ ૩૧૦૩૫. ■

હેમલતા પારેખ

# યુવા સાહિત્યકારો ગૌરવ પુરસ્કારથી સન્માનિત

*જ્યારથી એ જણ કશાની શોધમાં છે,*
*ત્યારથી આખું જગત વિરોધમાં છે,*
*કૂંપળો તો છેવટે ઉગી જ જાશે,*
*સેંકડો પથ્થર ભલે અવરોધમાં છે.*

યુવા કવિ અનિલ ચાવડાની આ પંકિતઓની જેમ કૂંપળો પોંખવાનું, ઉગતી કૂંપળો જેવા યુવાનો સન્માનવા સરકાર સાથે સાહિત્યકારોનું વૃંદ ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ ખાતે યુવા ગૌરવ પુરસ્કાર અર્પણવિધિમાં મહેંકી ઉઠ્યું.

સાહિત્યની આવતીકાલ યુવા સાહિત્યકારોના યોગદાનથી ઉજ્જવળ બનવાની છે. સુવર્ણયુગનું નિર્માણ કરવાની જવાબદારી તેમના શિરે છે. યુવાનોની શકિતની સરાહના કરવી અને સમૃધ્ધ પરંપરા સોંપવી આપણી જવાબદારી છે. કૂમળા છોડ જે વટવૃક્ષ બનવાની ક્ષમતા અને શક્યતા ધરાવે છે તેની માવજત કરી વિકસાવવા જોઇએ. આ ઉમદા આશયથી રાજ્ય સરકારે વિવિધ ક્ષેત્રોમાં યુવા પ્રતિભા છે તેમને સન્માન આપી સમાજને વિકસાવવા પ્રયત્નો આદર્યા છે ત્યારે તાજેતરમાં ચાર યુવા સર્જકોનું સન્માન ભવિષ્યની શકયતાઓને પોંખવાનો અવસર છે એમ યુવક અને સાંસ્કૃતિક મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલાએ પ્રાસંગિય ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું.

ગુજરાત સરકાર રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અંતર્ગત ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮, ૦૯, ૨૦૧૦ના યુવા ગૌરવ પુરસ્કારથી અનુક્રમે સૌમ્ય જોશી, ધ્વનિલ પારેખ, હરદ્વાર ગોસ્વામી અને અનિલ ચાવડાનું મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલાએ સન્માન કર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સાહિત્યસર્જક જ્ઞાનવૃધ્ધ બની ચિરયુવાન બનતા જાય છે. સાહિત્યિક અર્પણને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા ₹ ૧ લાખનો ગૌરવ પુરસ્કાર અગ્રગણ્ય સાહિત્યકારોને આપવામાં આવે છે, પરંતુ આત્માનું હીર નીચોવતા યુવા સર્જકોને પણ સન્માનવા જોઇએ એટલે વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૦ના યુવા ગૌરવ પુરસ્કારમાં પ્રત્યેક સર્જકને ₹ ૫૦ હજાર, પ્રશસ્તિપત્ર અને શાલ અર્પણ કરી મંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

કવિ અનીલ ચાવડાની રચનાનું રસપાન કરીએ,

*"અધીરો છે તને ઈશ્વર બધુયે આપવા માટે*
*તુ ચમચી લઈને ઉભો છે દરિયો માગવા માટે"*

મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ.ધીરૂભાઇ ઠાકરે મુખ્ય અતિથિપદેથી સર્જકોને શબ્દથી સન્માનતા જણાવ્યું હતું કે, સીધા ચઢાણ કરવા નીકળેલા સાહિત્યકારોનું સન્માન આત્મ સાધનાનું સન્માન છે. આત્માનું હીર નીચોવવાનું શસ્ત્ર સાહિત્ય છે જે આજના યુવા સાહિત્યકારોમાં ઝલકે છે. ચાર યુવા સર્જકોનું ગૌરવ કરી, ભવિષ્યમાં સમાજને શ્રેષ્ઠ સાહિત્યકાર ગોવર્ધનરામ ત્રિપાઠી, કવિવર શ્રી રવિન્દ્રનાથ ટાગોર મળવાની સંભાવનાઓને સન્માનીએ છીએ. આ પ્રસંગે સન્માનિત યુવા સાહિત્યકારોની સિધ્ધિ અને પરિચય આપતા સાહિત્યકાર શ્રી રઘુવીરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે, હરદ્વાર ગોસ્વામીના અસ્તિત્વના ઉત્સવનું તીર્થધામ એટલે કવિતાનો ઝીંદાદિલ મિજાજ. જેને હરદ્વારે પોતાના મુકતકમાં આ પ્રસંગે રજૂ કર્યો હતો.

*'સ્વપ્નની કિંમત ચૂકાવી રોકડી'*
*ગણી લ્યો આ આંસુની થોકડી.*

અનિલ ચાવડા ગુજરાતી ગઝલનો વળાંક



છે તે સંઘર્ષનો કવિ છે એમ તેમની શરૂઆતમાં લખેલી પંક્તિઓ પણ રજૂ કરે છે

***વધારે શું આથી પુરસ્કાર છે***
***હયાતી અમારી ગઝલકાલ છે***

તેમની જ બીજી રચના,

***સંપ માટીએ કર્યો તો ઈંટ થઈ***
***ઈંટનું ટોળુ મળ્યું તો ભીંત થઈ***
***કાનતો કાપી લીધા હતા ભીંતના***
***તો પછી આ વાત ક્યાંથી લીક થઈ...***

સાહિત્યિક પરિવારના સર્જક શ્રી ધ્વનિલ પારેખનું વિવેચન ક્ષેત્રેમાં મહત્વના યોગદાન અને પાદપૂર્તિ અને ગઝલલેખનમાં તેમના ઉંડાણને વધાવતા વ્યાખ્યાતા તરીકેની તેમની ફરજને શ્રી ચૌધરીએ રજૂ કરી હતી.

નાટક ક્ષેત્રે ભારતમાં ગુજરાતનું નામ મોખરે કરનાર ૨૦૦૭ના યુવા ગૌરવ સર્જક શ્રી સૌમ્ય જોશીની અનુપસ્થિતિ તેમનો નાટ્ય પ્રેમ છે તેમ કહી તેમની સિધ્ધિઓ વર્ણવતા તેમના સાહિત્યિક પરિવારજનોમાં તેમના માતૃશ્રીએ તેમના બદલે એવોર્ડ મંચસ્થ મહાનુભવો દ્વારા સ્વીકાર્યો હતો.

સ્વાગત પ્રવચનમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહાએ શબ્દથી શબદ સુધી જવાની સાહિત્યયાત્રામાં યુવા સર્જકોના ઉમંગને વધાવવાના અવસરમાં જોડાવવા સૌનું સ્વાગત કર્યું હતું. ગુગલાઇઝેશનના સમયમાં સાહિત્યનો સથવારો એ સમાજની સંસ્કારિતા છે અમે જણાવી તેમણે વિભાગની પ્રવૃત્તિથી સૌને માહિતગાર કર્યા હતા.

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદભાઇ ત્રિવેદીએ સર્વેનો આભાર માન્યો હતો. આ સમારોહમાં અભિનય સમ્રાટ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી ધારાસભ્ય શ્રી ગીતાબેન પટેલ, સાહિત્યકાર સર્વ શ્રી કુમારપાળ દેસાઇ, ભોળાભાઇ પટેલ, શ્રી રવિન્દ્ર પારેખ, સુદર્શન આયંગર તથા અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ■

# સવેરા - શિક્ષણ વંચિત બાળકોની વૈકલ્પિક શાળા

જેમને રહેવા માટે કોઇ કાયમી સ્થાન નથી, જેમનું ભોજન રસ્તા પરના માણસો પાસેથી મળતાં પૈસામાંથી કે ખાવાની વસ્તુમાંથી આવે છે, જેમનું ક્રીડાંગણ ફૂટપાથ કે ખુલ્લા મેદાનો છે અને જેમની પથારી મસ્તાની કોર્નરના પથ્થરો છે એવા ગરીબ માણસોને બસેરા એટલે કે રહેઠાણ પણ નથી અને એમના જીવનમાં સવેરા એટલે કે સુખનો સૂર્યોદય પણ નથી.

આવા અનેક પરિવારો મહાનગરોમાં વસે છે અને અમદાવાદ આવું જ એક શહેર છે આવા પરિવારોના બાળકોને ભણાવવાની પ્રવૃતિ કરતી સંસ્થા છે 'સવેરા'... તેમના દ્વારા સવેરા સ્કૂલ ચલાવવામાં આવે છે. સ્કૂલને મકાન નથી આવી વસ્તી જ્યાં જોવા મળે એ વિસ્તારની આજુ બાજુમાં ખુલ્લી - સ્વચ્છ જગ્યામાં બાળકોને ભણાવવામાં આવે છે - ક્યાંક કોઈક જગ્યાએ સંવેદનશીલ માણસોએ મકાનો વાપરવા આપ્યા છે શિક્ષણ વંચિત બાળકો માટેની વૈકલ્પિક શાળા એટલે સવેરા... વિદ્યાભારતી ફાઉન્ડેશનનો આ નમ્ર પ્રયાસ છે જેમાં સમાજના જાગૃત નાગરિકો જોડાયા છે. બાળકો - બહેનો અને યુવાનોના ઉત્કર્ષ અને વિકાસ માટે કાર્યરત છે વિદ્યાભારતી સંસ્થા.

અમદાવાદની વિવિધ કન્ટ્રક્શન સાઇડ પર બહારગામથી આવેલા મજૂરો રહેતા હોય છે. તેમના બાળકોને ભણાવવાનું કામ આ લોકો કરે છે. અમદાવાદના આવા મજૂરોના છોકારઓને જોઇને થયું કે શું આમનું ભવિષ્ય ઇંટ, માટી અને સિમેન્ટ છે ? હરેશ અને જીતા ત્રિવેદી કહે છે... એમાંથી વિચાર જન્મયો અને આવા બાળકોને ભણાવવાનું શરૂ થયું. નાની સાઇટ સ્કુલની શૃંખલા છે. સવેરા, વિશેષતા એ છે કે બાળકોએ શાળા સુધી નથી જવાનું જ્યાં બાળકો રહેતા હોય એની આસપાસમાં જ શાળા શરૂ થાય છે આમ શાળા બાળકો સુધી જાય છે.

બાળકોને અનુકૂળ સમયે માત્ર ભણાવાય છે એટલું પુરતું નથી એમને ભોજન પણ આપવામાં આવે છે. વિકાસના પિરામિડમાં સૌથી નીચે બાળકો અને તેમનું શિક્ષણ છે. સવેરામાં ૨૫૦ થી વધુ બાળકોને શિક્ષણ આપવામાં આવે છે જે આઠ સેન્ટરોમાં જ્ઞાન મેળવે છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં જે શિક્ષકો તેમને શિક્ષણ આપે છે તેઓ માત્ર શિક્ષિણ નથી આપતા પરંતુ જીવનલક્ષી મૂલ્યોનું શિક્ષણ પણ આપે છે. જે લોકો સેવાઓ આપે છે તેઓ તેમનો મૂલ્યવાન સમય આ કાર્યમાં આપે છે. ઉપયોગી સૂચના સ્વીકારીને કાર્યને વધુ સરળ બનાવવાનો પ્રયત્ન પણ કરાય છે. અભ્યાસ - આરોગ્ય અને ભોજન માટે દાતાઓ તરફથી સારો સપોર્ટ મળી રહે છે. આ કાર્યને અંધજન મંડળ, લિમિટેડ, મેઘમણી ગ્રૂપ, જેએમસી, પ્રોજેક્ટ ઇન્ડીયા લિમિટેડ, વૃધ્ધાશ્રમ વગેરેનો પણ ઉત્તમ સહયોગ પ્રાપ્ત થઇ રહ્યો છે.

વર્ષના અંતે નજીકની સરકારી શાળામાં પરીક્ષા અપાવાય છે અને પાસ થયે નવા સત્રમાં નવા વર્ગમાં દાખલ કરાવાય છે. ટેલેન્ટ શો, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, સ્વચ્છતા વ્યસન મુક્તિ અંગે જાગૃતિ ફેલાવવી પ્રવાસ, હેલ્થ ચેકએપ, બાલ ફિલ્મો વગેરે અનેક કાર્યક્રમો દ્વારા બાળકોની આંતરિક શક્તિને જાગૃત કર્યા છે. ■

રાજ જેઠવા

# પ્રાકૃતિક ખેતીના પ્રયોગે કપાસનું ઉત્પાદન બમણું કરી બતાવ્યું !!

ખેતીક્ષેત્ર એ વિકાસનો પાયો છે અને અર્થતંત્રનું ઇંધણ છે. ગુજરાત સરકાર દ્વારા આ ક્ષેત્રના વિકાસ માટે તથા આધુનિક ખેતીના ક્ષેત્રને વધુ અર્થસભર બનાવવા માટે કૃષિમહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો પછી ખેડૂતો જાગૃત થયા છે અને પ્રયોગશીલ બન્યા છે. જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના ખારવા ગામના યુવાન ખેડૂત શ્રી મહેશભાઇ રામજીભાઇ ઘેટીયાએ બે વર્ષમાં જ ખેત ઉત્પાદન બમણું કરી બતાવ્યું છે. પ્રાકૃતિક ખેતીના હિમાયતી મહેશભાઇએ ઓછા ખર્ચે આ સિધ્ધી હાંસલ કરી છે.

શ્રી મહેશભાઇ ઘેટીયા સુરતમાં હીરાના કારખાનામાં મેનેજરના માનભર્યા હોદ્દા પર ફરજ બજાવતા હતાં. ખેતીક્ષેત્ર સાથે કોઇ સીધો સબંધ હતો નહી. તેમના કુટુંબીજનો ખારવા ગામે ખેતી કરી રહયા છે. હીરા કામની નોકરી દરમિયાન પણ મહેશભાઇ ખેતીને લગતું સાહિત્ય નિયમિત વાંચતા રહયા અને કંઇક નવું વાંચવા મળે એટલે નોંધ પણ ટપકાવી લેતા હતાં. એક દિવસ સુરતની નોકરી છોડી સીધા ખારવા પહોંચી ગયા અને કુટુંબ સાથે ખેતી કાર્યમાં જોડાયા.

પ્રથમ વર્ષે જ તેમણે વાંચેલા જ્ઞાનનો પ્રયોગ શરૂ કરી દીધો. પોતાના ભાગે આવેલ ૧૦ વીઘા જમીનમાં કપાસના પાકમાં પ્રયોગો શરૂ કર્યા. પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કર્યો. આ જમીનમાં પહેલા વીઘે ૧૬ મણ કપાસ પાકતો હતો. પરંતુ મહેશભાઇના પ્રયોગે બે વર્ષમાં તેમાં વીઘે ૩૫ મણ કપાસનો જંગી ઉતારો આપ્યો. પ્રાકૃતિક ખેતી માટે તે અળશિયાના બેડ બનાવે છે. અળશિયા ખોરાક તરીકે ઉપયોગ કરી અઘારમાં ખાતર આપે છે જે ફળદ્રુપ હોય છે.

મહેશભાઇના જણાવ્યા પ્રમાણે ખેતીમાં ભેજનો સંગ્રહ થાય તે જરૂરી છે, તેનાથી પાણીની બચત થાય છે. આ માટે તે આંકડાના પુળાને પાણીના ધોરીયાની જગ્યાએ બાંધી દે છે. આથી પાણીની સાથે આંકડાના ગુણ જમીનમાં પહોંચે છે. આંકડાના છોડમાં ભેજ સંગ્રહ શકિતનો મોટો ગુણ છે. ચાલુ વર્ષે તે કપાસના છોડની વચ્ચે જ આંકડાને ઉગાડવાના છે. જેથી ભેજ સંગ્રહ શકિતમાં નોંધનીય વધારો થઇ શકે.



મહેશભાઇ કહે છે કે, ગત વર્ષે ખૂબજ ઓછી માત્રામાં રાસાયણિક દવા અને ખાતરનો ઉપયોગ કર્યો હતો. અને પ્રાકૃતિક તત્વોનો ઉપયોગ કરી ખર્ચ નિવાર્યો હતો. તેમના જણાવ્યા પ્રમાણે કપાસના ઉત્પાદનમાં વીઘે ૧૬ મણનું ઉત્પાદન જે સામાન્ય સંજોગોમાં હતું. તે વધીને ૩૫ મણનું થયું છે. આમ ખર્ચમાં ઘટાડો કરી આવકમાં બમણો વધારો કર્યો છે.

ચાલુ વર્ષે તે પોતાના ખેતરમાં સંપૂર્ણ રીતે પ્રાકૃતિક તત્વોનો જ ઉપયોગ કરવાના છે અને તેમને આત્મવિશ્વાસ છે કે, કપાસના ઉત્પાદનમાં હજુ વધારો થશે.

રાસાયણિક દવા અને ખાતરમાં ખૂબ જ ખર્ચ થાય છે. તે પ્રાકૃતિક ખેતીમાં નિવારી શકાય છે. મહેશભાઇ આ તમામ ખર્ચ નિવારી ઝીરો બજેટ ખેતી કરવા ઇચ્છે છે. તે કહે છે કે, દરેક ખેડૂતે નવા નવા પ્રયોગો અવશ્ય કરવા જોઇએ. ચીલા ચાલુ ખેતીથી દૂર જઇને પણ ઉત્પાદન અને આવકમાં વધારો કરી શકાય છે.

રાજય સરકાર દ્વારા પોતાની કોઠાસૂઝ થી કૃષિ ક્ષેત્રે નવિનતમ ટેકનોલોજી અપનાવનાર ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૦-૧૧માં મહેશભાઇ ઘેટીયાને ઉના ખાતે યોજાયેલ સૌરાષ્ટ્ર વિભાગના કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે શિલ્ડ , શાલ, તથા પારિતોષિક અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા.

પ્રાકૃતિક ખેતીનો સૌથી મોટો ફાયદો સમજાવતા મહેશભાઇ જણાવે છે કે, તેનાથી જમીનને નુકશાન નથી થતું, અને જમીન ફરી જીવંત બને છે. અળશિયાનું ખાતર અને કુદરતી તત્વો દ્વારા રોગ- જંતુ નિવારણ પધ્ધતિ તદ્દન સલામત પધ્ધતિ છે. ખેડૂતોએ પણ હવે જાગૃત થઇ વાંચન વધારવાની આવશ્યકતા છે. નવી ખેતી નવા જ્ઞાન માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે. રાજય સરકાર દ્વારા પણ નવી ખેતી, નવા જ્ઞાનના આદાન-પ્રદાન માટે શરૂ કરાયેલા કૃષિ મહોત્સવનું પણ ખેડૂતોએ મહત્તમ લાભ લેવો જોઇએ. ■

ઈલા સી. વ્યાસ

# સખી મંડળ એટલે મહિલાઓનું આર્થિક - સામાજિક સશક્તિકરણ

સખી મંડળ યોજનાનો મૂળભૂત હેતુ મહિલાઓમાં બચતની ભાવના વિકસાવવા તથા આર્થિક પ્રવૃત્તિ હાથ ધરી શકે તેવી પ્રક્રિયાઓને દ્રઢીભૂત કરવાનો તેમજ સખી મંડળોની સામાજિક પ્રવૃત્તિઓ મારફત સામાજિક પરિવર્તન તથા મહિલાઓનું આર્થિક અને સામાજિક ક્ષેત્રે સશક્તિકરણ કરવાનો છે.

**સખીમંડળ યોજના :** ઘરે બેઠા પગભર થવા અને સમાન હેતુ પાર પાડવા મર્યાદિત સભ્ય સંખ્યા ધરાવતું ગ્રામીણ મહિલાઓનું જૂથ એટલે સખી મંડળ. સખીમંડળનો ઉદ્દેશ પ્રવર્તમાન જૂથોને ઓળખી નવા સખી મંડળોની રચના કરવી સાથે સાથે સુષુપ્ત કે નિષ્ક્રિય જૂથોને સક્રિય કરવા ઉપરાંત સ્વસહાય જૂથોનું સશક્તિકરણ કરવું એ છે. એટલું જ નહિ, સખીમંડળોને ધિરાણ માટે બેંક સાથે જોડાણ કરી આપવું અને આર્થિક પ્રવૃત્તિ કરવા માટે બેંકમાંથી ધિરાણ કરાવવું.

**યોજનાનું અમલીકરણ :** જિલ્લા કક્ષાએ સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ અંતર્ગત પ્રોગ્રામ ઓફિસરશ્રી અને જિલ્લા કન્સલ્ટન્ટ અથવા લીડ સોશ્યલ વર્કર દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. તાલુકા કક્ષાએ સીડીપીઓ, સુપરવાઇઝર અને તાલુકા સોશ્યલ વર્કર અને ગ્રામ્યકક્ષાએ આંગણવાડી કાર્યકર્તા દ્વારા આ સેવાઓનું અમલીકરણ કરવામા આવે છે.

**જૂથ રચનાની પધ્ધતિ :** જૂથની ઓછામાં ઓછી ₹ ૩૦ની બચત હોવી જોઈએ. જૂથ દીઠ બે રજીસ્ટરો તથા વ્યક્તિગત પાસબુક આપવામાં બેંક દ્વારા આંતરિક ધિરાણ ચાલુ કરવામાં આવે છે. બેંકો દ્વારા જૂથોનું ગ્રેડિંગ કરવામાં આવશે.



ગ્રેડિંગ જૂથોને ₹ ૫૦૦૦ રીવોલ્વીગ ફંડ તથા ₹ ૧૦,૦૦૦ બેંક લોન આપવામાં આવશે.

**યોજનાનો લાભ કોને મળી શકે :** ગ્રામીણ વિસ્તારના બીપીએલ / એપીએલ કુટુંબોની મહિલાને આ યોજનાનો લાભ મળી શકે છે.

**મળવા પાત્ર સહાય :** ગ્રામીણ વિસ્તારમાં રચાયેલ સખી મંડળોની મહિલાઓને મંડળમાં બચત-ધિરાણની પ્રવૃતિ કર્યા બાદ અને મંડળના ગ્રેડીંગ થયે આવકની પ્રવૃતિ શરૂ કરવા માટે ₹ ૫૦૦૦નું રીવોલ્વીંગ ફંડ એક વખત આપવામાં આવે છે.

**અમલીકરણ એજન્સી :** કમિશનર ગ્રામ વિકાસ કચેરી, મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી અમલીકરણ થાય છે.

**યોજના માટે જિલ્લા કક્ષાએ** નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા કન્સલટન્ટ, સખી મંડળ યોજના, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, **તાલુકા કક્ષાએ** તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, સી.ડી.પી.ઓ, બાળ વિકાસ યોજના, તાલુકા પંચાયત કચેરી, તાલુકા સોશ્યલવર્કર, સખીમંડળ યોજના તથા **ગ્રામ્ય કક્ષાએ** આંગણવાડી કાર્યકર, ગ્રામમિત્ર,(વિકાસ), તલાટી કમ મંત્રીશ્રીનો સંપર્ક સાધી શકાય છે.

**અન્ય માહિતી :** આર્થિક પ્રવૃતિ કરવા માટે સખી મંડળને બેંકમાંથી ધિરાણ કરાવવામાં પણ સહયોગ આપવામાં આવે છે. તે ઉપરાંત તેઓના ઉત્પાદિત માલના વેચાણ માટે પણ સહાયરૂપ માર્ગદર્શન આપવામાં આવે છે. આ યોજનાની વધુ વિગતો મેળવવા માટે સખી મંડળ યોજના ગ્રામ વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો અથવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીનો સંપર્ક કરી શકાય છે. ■

## ગાંધીનગર ખાતે ખાદી ગ્રામોદ્યોગ તાલીમ કેન્દ્ર કાર્યરત

ગાંધીનગરમાં મહાત્મા મંદિર રોડ પાસે આવેલ ખાદી ગ્રામોદ્યોગ તાલીમ કેન્દ્ર કાર્યરત કરવામાં આવ્યું છે. પાપડ, વેફર્સ, ફરસાણ તાલીમ વર્ગનું ઉદ્દ્ઘાટન ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઇ પટેલે તાજેતરમાં કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગામડાઓ બેઠા કરી સ્વાવલંબી રોજગારી આપવી એ રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ છે. બોર્ડ દ્વારા તાલીમ આર્થિક ઉપાર્જન કરી રોજગારીમાં વધારો થાય તેવી પ્રવૃત્તિને વેગ આપવામાં આવે છે.આ પ્રસંગે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગાંધીનગરના જનરલ મેનેજર શ્રી બી.જી. પટેલ તથા પ્રોજેક્ટ મેનેજર પૌલોમીબેન ઉપરાંત આરોગ્ય તાલીમ કેન્દ્રના ડૉ. બીનાબેન વડાલીયા તથા વહીવટી અધિકારી શ્રી ગરાસીયા ઉપસ્થિત હતા. ■





## સ્પેશ્યલ ઓલમ્પિકસમાં વિજેતા ખેલાડીઓનું રાજ્યપાલશ્રી દ્વારા સન્માન

એથેન્સમાં તાજેતરમાં યોજાયેલાં સ્પેશ્યલ ઓલમ્પિકસ વર્લ્ડ સમર ગેઈમ્સ-૨૦૧૧માં ગુજરાત રાજ્યનાં ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યુ હતું. રાજ્યનાં ૧૧ જેટલાં મંદબુદ્ધિનાં રમતવીરોએ સુવર્ણ, રૌપ્ય અને કાંસ્ય ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે. આ તમામ ખેલાડીઓને રાજ્યનું નામ દેશ-રાજ્યમાં રોશન કરવા બદલ રાજ્યપાલ શ્રીમતી ડૉ. કમલાજીએ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્પેશ્યલ ઓલમ્પિકસ ગુજરાતનાં અધિકારીઓ અને કોચ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

જિલ્લા માહિતી બ્યુરો, ગાંધીનગર



## ગામડાઓના ઝડપી વિકાસ માટે રાજય સરકાર પ્રયત્નશીલ

શહેરી વિકાસની સાથે સાથે ગામડાઓના ઝડપી અને પૂર્ણ વિકાસ માટે રાજય સરકાર ખૂબ જ પ્રયત્નશીલ છે. ચાલો તાલુકે કાર્યક્રમ અંતર્ગત સામાજિક ન્યાય અને અધિકારીતા તથા રમત-ગમત વિભાગના મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલાએ વડગામ તાલુકાના ગામોની મુલાકાત લઇને લોકસંપર્ક કાર્યક્રમ યોજયો હતો. લોકોના તમામ પ્રશ્નોનો ફકત ૧૦ જ દિવસમાં નિકાલ લાવવામાં આવશે તેમ તેમણે જણાવતા જનસુખાકારી માટે શરૂ કરવામાં આવનાર 'ચલો તાલુકે' યોજના અંગે ગ્રામજનોને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે સલેમકોટ ગામના બે વિકલાંગ વ્યકિતઓને સમાજ સુરક્ષા ખાતા દ્વારા આપવામાં આવતાં નિઃશુલ્ક બસ મુસાફરીના પાસ મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યાં હતાં.

જિલ્લા માહિતી બ્યુરો, બનાસકાંઠા



## કચ્છના ઝરપરા ગામે માધ્યમિક શાળાનું લોકાર્પણ

સંસ્કારયુકત અને ગુણવત્તાસભર શિક્ષણ આપવાની રાજય સરકારની નેમ રહી છે. કચ્છનાં ઝરપરા ગામમાં ₹ ૧.૫૧ કરોડનાં ખર્ચે તૈયાર થયેલી આધુનિક માધ્યમિક શાળાનું શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ તાજેતરમાં લોકાર્પણ કર્યુ હતું. કચ્છમાં ધંધા - રોજગાર વધ્યા છે, તેની સાથે શિક્ષણનું સ્તર પણ વધ્યું છે. કચ્છ સાંસદ શ્રીમતી પુનમબેન જાટ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ત્રિકમભાઇ છાંગા, ધારાસભ્યો સર્વશ્રી જયંતિભાઇ ભાનુશાળી, ડૉ.નીમાબેન આચાર્ય, શ્રી ધનજીભાઇ સેંધાણી, શ્રી રમેશભાઇ મહેશ્વરી, ભૂતપૂર્વ સાંસદશ્રી પુષ્પદાનભાઇ ગઢવી સહિત અધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા માહિતી બ્યુરો, કચ્છ

## વિકલાંગ રમતવીરોને પ્રોત્સાહિત કરતા મુખ્યમંત્રીશ્રી



એથેન્સમાં યોજાયેલા સ્પેશિયલ ઓલમ્પિકસ ઇન્ટરનેશનલ એથ્લેટિકસ રમતોત્સવમાં સ્વર્ણિમ અને રજતચન્દ્રકો જીતીને આવેલા મંદબુધ્ધિના અને માનસિક ક્ષતિગ્રસ્ત એવા, ગુજરાતના ૧૧ જેટલા યશસ્વી રમતવીર બાળકોને મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના નિવાસસ્થાને ખાસ આમંત્રીને તેમને વ્યકિતગત અભિનંદન અને શુભેચ્છા આપી હતી. એથેન્સ-ગ્રીસમા તાજેતરમાં યોજાયેલ આ સ્પેશિયલ આંતરરાષ્ટ્રીય ઓલમ્પિકસમાં ૧૮૪ જેટલા રમતવીર બાળકોએ ભારતભરમાંથી ભાગ લીધો હતો. દુનિયાના ૧૮૦ દેશોના ૭૫૦૦ જેટલા રમતવીરોની સ્પર્ધામાં ગુજરાતના ૧૧ વિકલાંગ બાળકોએ ગોલ્ડન અને સિલ્વર મેડલો જીત્યા હતા. સ્પેશિયલ ઓલમ્પિકસ ગુજરાત ચેપ્ટરના અધ્યક્ષ રાકેશ શાહે ઓલમ્પિકસની રૂપરેખા આપી હતી. ■

## વન્ય પ્રાણી સંવર્ધન અંગે સેમિનાર




દુનિયામાં એશિયાટીક લાયનનું એક માત્ર રહેઠાણ એવા સાસણ ગીરમાં પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ અને વન વિભાગ સાસણ દ્વારા જૂનાગઢ જિલ્લા માહિતી કચેરીના સહયોગથી વન્ય પ્રાણીઓના સંરક્ષણ - સંવર્ધનમાં સમૂહ માધ્યમોની ભૂમિકા પર યોજાયેલા સેમિનારમાં સાસણ વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી ડૉ. સંદિપકુમારે સંશોધનાત્મક પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. આ કાર્યક્રમમાં વન્ય પ્રાણી વર્તુળના સીસીએફ શ્રી આર. એલ. મીના,વાઇલ્ડ લાઇફ મોનીટરીંગ કમિટિના ચેરમેન શ્રી બી. કે. શ્રીમાળી, કોલમિસ્ટ શ્રી પરેશ દવેએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના સંયુકત માહિતી નિયામકશ્રી એન. એ. પરમારે જણાવ્યું હતું કે, સાસણ-ગીરમાં મીડિયા પર્સન માટેનો આ સેમિનાર વન વિભાગના પ્રયાસોથી સફળ બન્યો છે. ■

## યુવા પારિતોષિક યોજના

૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ તેમજ યુવા પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક યુવા સંગઠનો દ્વારા ગ્રામ્ય વિસ્તાર તેમજ શહેર વિસ્તારમાં પછાત વિસ્તારમાં થયેલી સામાજિક પ્રવૃત્તિઓ, સમાજના નબળા વર્ગો, અનુસૂચિત જાતિ, જન જાતિ વિસ્તારના વિકાસ સુધારા અંગેની કરેલી પ્રવૃત્તિઓની કદરરૂપે ગુજરાત સરકાર દ્વારા રાજ્ય યુવા પારિતોષિક યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત ₹ ૧૦,૦૦૦/- ના વ્યક્તિગત બે યુવા પારિતોષિક અને સ્વૈચ્છિક યુવા સંગઠનોને ₹ ૫૦,૦૦૦/-નો એક પુરસ્કાર આપવામાં આવશે. તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧ સુધીના સમયગાળા દરમિયાનની કામગીરી અનુસંધાને આ યોજનાનો લાભ લેવા માંગતા યુવક-યુવતીઓ તથા સ્વૈચ્છિક યુવા સંગઠનોએ સંબંધિત જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરીએથી નિયત નમૂનાનું અરજી પત્રક મેળવી તેમાં સંપૂર્ણ વિગતો ભરીને તા. ૩૦મી ઓગષ્ટ, ૨૦૧૧ સુધીમાં જે તે જિલ્લાના જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરીને મોકલી આપવાનું રહેશે. વધુ માહિતી માટે જે તે જિલ્લાના સંબંધિત જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરીનો અથવા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીનો સંપર્ક કરવો. ■

## ભોદ ગામે રોડનું લોકાર્પણ

પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના ભોદ ગામમાં સી.સી.રોડનું લોકાર્પણ રાજયના નાણાંમંત્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી વજુભાઇ વાળાના હસ્તે કરવામાં આવ્યુ હતુ. મંત્રીશ્રીએ ભોદ ગામે ₹ ૫૦ લાખના ખર્ચે નિરમા ગ્રુપની સૌરાષ્ટ્ર કેમીકલે ૧.૫ કિ.મી.નો સિમેન્ટ રોડ બનાવીને કરેલા સમાજલક્ષી કાર્યને બિરદાવ્યુ હતુ. ધારાસભ્ય શ્રી કરશનભાઇ ઓડેદરાએ ગામની ખૂટતી જરૂરીયાતો ટૂંક સમયામાં પૂર્ણ કરવા ખાતરી આપી. હતી. આ કાર્યક્રમમાં સંસદિય સચિવ શ્રી હર્ષદભાઇ વસાવા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભોજાભાઇ પરમાર, અગ્રણીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. ■



# ‘આપત્તિનાં સમયે નાગરિક ધર્મ બજાવવો જોઇએ’

‘વિશ્વ સમગ્રમાં છેલ્લા ૪૦ વર્ષોમાં કુદરતી અને માનવસર્જીત આપત્તિઓનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. તેનાથી માનવમૃત્યુ અને માલ મિલકતને નુકશાનનું પ્રમાણ પણ વ્યાપક બની રહ્યું છે અને સરેરાશ વિશ્વમાં એક લાખ માનવ મૃત્યુ દર વર્ષે કેવળ આવી આપત્તિઓથી થાય છે. વર્ષ ૨૦૧૦માં આવા ડિઝાસ્ટરોથી વિશ્વમાં ૩ લાખથી વધુ માણસોના મોત થયાં છે. જેમાંના ૭૦ ટકા મૃત્યુ એકલા એશિયા ખંડમાં થયાં છે.’

તાજેતરમાં ગુજરાત પ્રેસ અકાદમી, પ્રાદેશિક માહિતી કચેરી-રાજકોટ અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સંયુકત ઉપક્રમે રાજકોટ ખાતે ‘કુદરતી આપત્તિના સમયમાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાની ભૂમિકા પર પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદમાં રાજયના માહિતી કમિશનરશ્રી અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના એડીશનલ સી.ઇ.ઓ. શ્રી થિરૂપુગલે કહ્યું કે, જેમાં માલ-મિલકત અને માનવ જીવોને ભારે નુકશાન થાય છે તથા જેમાં આપણા પોતાના સાધનોથી પહોંચી નથી વળાતું અને બહારની મદદ પણ લેવી પડે છે, તેવી વ્યાખ્યા ડિઝાસ્ટર-આપત્તિની કરવામાં આવી છે, ત્યારે આવી આપત્તિઓમાં પત્રકારત્વની ભૂમિકા બહૂજ મહત્વપૂર્ણ પુરવાર થાય છે.

આપત્તિથી જનસમાજને જાગૃત કરવા તંત્ર દ્વારા થઇ રહેલી તૈયારીઓની તથા રાહત સહાય અને પુનઃનિર્માણ માટે લેવાઇ રહેલા પગલાંઓની જાણકારી આપવી, લોકો ભયભીત ન થાય પરંતુ આપત્તિ સામે રક્ષણ મેળવવાની માનસિકતા કેળવે તે માટે સમુહ માધ્યમો પાયાની ભૂમિકા ભજવે છે, તેવો મત વ્યકત કરીને શ્રી થિરૂપુગલે જણાવ્યું હતું કે ઘણી વાર તો વહીવટી તંત્રને પણ મીડિયા દ્વારા મહત્વની માહિતી મળતી હોય છે, જેનાથી તંત્ર પણ એલર્ટ બને છે.

પત્રકારોએ આપત્તિની આગોતરી ચેતવણી આપી, આપત્તિ સમયે જનસમાજે શું કરવું જોઇએ અને તંત્ર દ્વારા શું પગલાં લેવાઇ રહ્યા છે તેની પણ સંતુલિત માહિતી આપવી જોઇએ.




આ પ્રસંગે વ્યાખ્યાતા ડૉ. રમેશ ઘોડાસરાએ જણાવ્યુ હતું કે, કુદરતી આપત્તિ સ્વરૂપે વિશાળ અને સ્વભાવે વિનાશક હોય છે ત્યારે તેને નાથવા કે તે સામે પ્રતિક્રિયા આપવા સમાજનો કોઇ એક વર્ગ સક્ષમ હોતો નથી. પરંતુ જો સમાજનો પ્રત્યેક વર્ગ, ઘટક સતર્કતાથી તેમાં યોગદાન આપશે અને ઘટક સંકલિત ધોરણે કામ કરશે તો તેના સારા પરિણામ આવશે. આથી આપત્તિનો પડકાર ઝીલવા માટે મીડિયા, તંત્ર, સમાજ સૌએ પોતાની ભૂમિકા ભજવવી પડશે અને વિશ્વાસનું વાતાવરણ બનાવવુ પડશે.

આ પ્રસંગે અતિથિવિશેષપદે ઉપસ્થિત રહેલા રાજકોટના મ્યુનિ. કમિશનર શ્રી અજય ભાદુએ જણાવ્યુ હતું કે, કુદરતી આપત્તિઓનો સામનો કરવા અને પડકારોને પહોંચી વળવા તરફ આપણું આખરી લક્ષ કેન્દ્રીત છે અને આ માટે સરકાર અને તંત્ર તો કામ કરે જ છે, પરંતુ સરકારી તંત્ર સાથે સમાજને જોડવાની ભૂમિકા મીડિયા જ અસરકારક રીતે ભજવી શકે છે. જો આમ થશે તો સમગ્રપણે એક લક્ષ્ય કેન્દ્રીત થવાથી કુદરતી આપત્તિનો સામનો કરવાની સજ્જતા અને જનમાનસ કેળવાતા તેની અસરો કે નુકશાન ઘટશે.

આ પ્રસંગે સેમિનારમાં ઉપસ્થિત રાજકોટ શહેર નાયબ પોલીસ કમિશનર શ્રી મયંકસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, કુદરતી કે માનવસર્જીત આપત્તિ વખતે વહીવટીતંત્ર અને મીડિયા એકટીવ હોય તો મોટી જાનહાનિથી બચી શકાય છે. સંયુકત માહિતી નિયામકશ્રી એન.એ.પરમારે પરિસંવાદની ભૂમિકા આપી હતી

રાજકોટમાં યોજાયેલા આ પરિસંવાદમાં પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મીડિયાના પત્રકારો, માહિતી કેન્દ્રના સહાયક માહિતી નિયામક સર્વશ્રી નિરાલા જોશી, અરવિંદ જોશી, ભરત બસીયા, રાજુ જાની તથા શ્રી જે.ડી.ત્રિવેદી, શ્રી તુષાર શુકલ, શ્રી જગદીશ સત્યદેવ, શ્રી એ.બી. સવસાણી તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટના શ્રી જીજ્ઞાસાબેન ગઢવી, ડૉ. નિતાબેન ઉદાણી, ‘ફુલછાબ’ના પૂર્વતંત્રી નારણભાઇ પરમાર, ડો. યશવંત હિરાણી, પ્રો. તુષાર ચંદારાણા, પત્રકારત્વના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

# સ્વાતંત્ર્ય પર્વે ખેડા જિલ્લામાં વિકાસકામોની વણથંભી વણઝાર...



મહેમદાવાદનાં બાવળાલાટ ગામમાં પાણીની ટાંકી,પાઈપલાઈન અને પંપરૂમ તથા મહુધામાં આર.સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરતા શહેરી વિકાસ અને પાણી પુરવઠા મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ.



વન અને પર્યાવરણ મંત્રી શ્રી મંગુભાઈ પટેલ કપડવંજ, કઠલાલ અને ખેડા તાલુકાઓમાં ₹ ૭૬.૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલા વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું.



કાયદા અને ન્યાય રાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ મહેમદાવાદ અને નડિયાદ શહેરમાં ₹ ૬૫.૯૩ લાખનાં ખર્ચે તૈયાર થયેલા વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કર્યું હતું.



ખેડા-કપડવંજ અને નડિયાદ તાલુકામાં ₹ ૨૫.૮૫ લાખનાં વિવિધ વિકાસ કાર્યોનું વન અને પર્યાવરણ રાજય મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.



ટુંડી ગામમાં ગટરલાઈન, દાનિયાની મુવાડીમાં બોર-પંપીગ મશીનરી, સનૈયામાં તલાટી કમ મંત્રીનાં મકાનનું ગૃહ રાજય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પટેલે લોકાર્પણ કર્યું હતું.



નડિયાદની સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન, જનરેટર સેટ જેવી સુવિધાનું લોકાર્પણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં રાજયકક્ષાનાં મંત્રી શ્રી પરબતભાઈ પટેલ અને વિધાનસભાનાં દંડક શ્રી પંકજભાઈ દેસાઈનાં હસ્તે કરવામાં આવ્યું હતું.

R.N.I. NO.38351/81, Regd. No. G/GNR/10 WPP No. 0099
Licensed to Post without Prepayment At Post : MBC, AHD/Surat/Vadodara/Rajkot/ on every 3 to 11 and 18 to 26 E.M.
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50/- Renewal Registration upto December-2011
માહિતીખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. દ્વારા મુદ્રિત
If undelivered pl. return to MBC, AHD/Surat/Vadodara/Rajkot Respectively

**ગુજરાત સરકારની વિવિધ**
**કલ્યાણકારી યોજનાઓનો સંપૂર્ણ ચિતાર**

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



- વિકાસલક્ષી માહિતી
- યોજનાકીય વિગતો
- સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ ઉપયોગી થાય એવી અલભ્ય માહિતી
- www.gujaratinformation.net ઉપર પણ ઉપલબ્ધ.



તમે તો 'ગુજરાત' પરિવારના વાચક સભ્ય છો જ,
પરંતુ શું તમારા મિત્રો, સગા, સ્નેહી, સાથીઓ છે ?
તેમને પણ આપણા 'ગુજરાત' પરિવારના સભ્ય
આજે જ બનાવી દો...

**વાર્ષિક લવાજમ માત્ર ₹ ૫૦**

**લવાજમ નીચેના સ્થળોએ સ્વીકારવામાં આવે છે**

- માહિતી કમિશનરની કચેરી,
  જૂના સચિવાલય બ્લોક નં-૭,
  ત્રીજો માળ, ગાંધીનગર
- તમામ જિલ્લા માહિતી કચેરીઓ
  અને માહિતી કેન્દ્રો

**BOOK POST**

R.N.I No. 38351/81,
Regd. No. G/GNR/10
Licence No. 0099
Licensed to Post without
Prepayment
Gujarat (Fortnightly)

To,

-: ગુજરાત પાક્ષિક કાર્યાલય :-
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦